
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

1957

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૧-૩

કારતક-પોષ
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

# अ नु क्र म


| | | | |
|---|---|---|---|
| ૧ | અપના રૂપ નિહારો ! | ( શ્રી પાદરાકર ) | ૧ |
| ૨ | નવિન વર્ષારંભે પ્રભુસ્તુતિ: | ( અભ્યાસી ) | ૨ |
| ૩ | નૂતન વર્ષમાં પ્રવેશપ્રસંગે | | ૩ |
| ૪ | અભયના રાજ્યમાં | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૯ |
| ૫ | અહિંસાધર્મ :: એક મનન | ( પ્રો. જયંતીલાલ ભા. દવે ) | ૧૩ |
| ૬ | જીવન-સૌંદર્ય | ( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૫ |
| ૭ | આબૂ તીર્થ | ( મુનિરાજશ્રી દર્શનવિજયજી ત્રિપુટી ) | ૧૮ |
| ૮ | પૂ.શ્રી આત્મારામજીકૃત સત્તરભેદી પૂજા સાર્થ | ( વિવેચક પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૨૨ |
| ૯ | માશીપત્ર | ( પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા M.A. ) | ૨૬ |
| ૧૦ | સમૂહ શ્રદ્ધાંજલિ | ( શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર ) | ૩૦ |
| ૧૧ | સેવામૂર્તિ સ્વ. શ્રી વલ્લભદાસભાઈ | | ૩૩ |
| ૧૨ | સત્કાર-સમારંભ | | ૪૪ |
| ૧૩ | સ્વ. શ્રી હરકુંવર બહેન | | ૪૫ |
| ૧૪ | સ્થાનિક આંદોલન | | ૪૬ |
| ૧૫ | સાહિત્ય સત્કાર | | ૪૮ |


**નવા લાઇફ મેમ્બરો**

| | | | |
|---|---|---|---|
| | | શેઠ હીરાલાલ ભાણજી | ભાવનગર |
| શેઠ પ્રતાપરાય એન. દોશી | કલકત્તા | શેઠ સૌભાગ્યચંદ જીવણલાલ | ભાવનગર |
| શેઠ બાવચંદ રામચંદ | મુંબઇ | શેઠ જયસુખલાલ લાલચંદ | ભાવનગર |

## ભેટના પુસ્તકો અંગે જાહેર ખબર

**આ સભાના માનનીય પેટ્રનો તેમજ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને સં. ૨૦૧૩ ની સાલની ભેટ તરીકે નીચેના ગ્રંથો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.**

**(૧) શ્રી કથારત્ન કોષ, ભાગ ૨જો મૂલ્ય રૂા. ૬) (૨) શ્રી 'આર્હતધર્મ'**

**રવાના કરવામાં આવતા ગ્રંથો ગેરવલ્લે ન જાય તે માટે, ઉપરોક્ત ગ્રંથો પોસ્ટ પેકીંગ ખર્ચના રૂા. ૧-૬-૦ના વી. પી. થી માહ શુદ એકમથી આપના તરફ રવાના કરવામાં આવશે તો વી. પી. આવે સ્વીકારી લેવા વિનતી છે.**

**બીજા વર્ગના લાઇફ મેમ્બરોને ઉપરોક્ત ગ્રંથ સભાના નિયમ મુજબ નીચે પ્રમાણે ભેટ આપવામાં આવશે.**

**કથારત્ન કોષ ભા. ૨ જો જેની કીંમત રૂા. ૬) છે. તેમાંથી રૂા. ૩) ભેટ તરીકે બાદ કરીને બાકી રૂા. ૩) તેઓશ્રીએ આપવાના છે. જ્યારે 'આર્હતધર્મ'નું પુસ્તક ભેટ તરીકે આપવાનું છે. એટલે તેઓએ રૂા. ત્રણ અને પોસ્ટ ખર્ચના રૂા. ૧-૬-૦ મોકલી ઉપરોક્ત બન્ને ગ્રંથો મહા સુદ ૧૫ સુધીમાં મંગાવી લેવા વિનતી છે.**

**તા. ક.** સ્થાનિક પેટ્રન તથા લાઇફ મેમ્બરોએ પોતાની ભેટના ઉપરોક્ત ગ્રંથો મહા શુ. ૧૫ થી ફાગણ શુ. ૫ સુધીમાં સભાની ઑફિસેથી મંગાવી લેવા, તેઓએ કોઇ ખર્ચ આપવાનો નથી, પરંતુ વ્યવસ્થાની સગવડ ખાતર આ પત્રિકાવાળો "આત્માનંદ પ્રકાશ"નો અંક સાથે લાવવા વિનતિ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : કારતક-પોષ [ અંક ૧-૩


## — અપના રૂપ નિહારો ! —

( આશા-રાગ )

ચેતન અપના રૂપ નિહારો !
જીવન છીન છીન બીત ચલે, પરપુદ્ગલ ખેલ નિવારો !
તુમરા રૂપકો ભૂલ ગયે? નિજ આતમ ડુબત તારો ! ચેતન.

ધ્યાન સમાધિ છોડ ભલા, જા બયઠે અનંત સંસારા?
આત્મરિદ્ધિકો ખોકર ખેલત, પુદ્ગલ ખેલ પસારા ! ચેતન.

દર્શન જ્ઞાન-ચરણ જ્યોતિ, કયું પાગલ પ્રભુ વિસારા?
મહોબત કર મીટ્ટીસે મુરખ, ચાંદ છોડ લીયા તારા? ચેતન.

નય-નિક્ષેપ અરુ દ્રવ્ય-ગુણ-પર્યાય-પક્ષકો પ્યારા-
અનંત-અવ્યાબાધ સુખોકું, બીસર ગયે કયું સારા ! ચેતન.

સિદ્ધ જૈસી અનંત શક્તિ-ઓર નિજ ચેતન ચમકારા-
ખુદ સુલતાન ગુલામ ભયા, કયું ડૂબત હો ખુદ તારા ! ચેતન.

બજત ટકોરા, પલ પલ બીતત, આયુ ઘટત જલધારા !
જ્યોત બુઝેગી, ફેલ જાયગા, જલ-થલમેં અંધિયારા ! ચેતન.

ઇંદ્ર-ચંદ્ર ચલ ગયા બીચારા, તેરા કૌન સહારા?
પુદ્ગલપ્રેમી ભાવ મરનસે, મરતા પલ-પલ પ્યારા ! ચેતન.

અજર અમર હોના જો ચાહે, મુક્તિ સુધા સુખધારા-
નરક-નિગોદ નિવારક ખેલો, નિજાત્મ રૂપ અપારા ! ચેતન.

અદ્ભુત આનંદઘન ચિદ્ઘન સબ ચેતનકા ચમકારા-
જ્ઞાન ધ્યાન કે બનજા બયઠો, પા-લો મુક્તિ કિનારા. ચેતન.

દેવ-ધર્મ-ગુરુ સબ સાધન હે, સાધ્ય સ્વરૂપ નિહારા-
મણિમય અવ્યાબાધ સુખોંકી, લે શિવવધૂ વરમાળા ! ચેતન.

**પાદરાકર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવિન વર્ષારંભે પ્રભુસ્તુતિ


શાર્દૂલવિક્રીડિત

એવું વર્ષ નવીન વિક્રમતણું સદ્ધર્મ શર્મે ભર્યું;
પ્રેમેથી પ્રણમો જિનેંદ્ર ચરણે ત્યાં ચિત્ત રાખો ઠર્યું;
આરાધો જિન ધર્મ કર્મ હરવા સદ્ભાવના પાથરી,
ગાવો સદ્ગુરુભક્તિ ગીત રસથી આનંદ અંગે ધરી.

ઝુલણા છંદ

વર્ષ વિક્રમતણું નવિન આ નેહથી નિર્મલું આવિયું તે વધાવો,
આદિ અર્હંત જિનરાજના સદ્ગુણો ઘોર ગર્જન કરી સર્વ ગાવો;
ધર્મના તેજથી ચળકતા ચૈત્યમાં ચપળતા પરહરી સદ્ય પેસો,
પૂજી પરમેશને ભાવભકિત ધરી સકલ કણુ કર્મના તીવ્ર પેસો;
નેહથી નીરખતાં નાથને નયનથી નીર નિર્મળ મને નિત્ય નાચો,
સાધુ–સન્માનથી સાધુભકિત કરો, ગુરુતણાં ગૌરવે ચિત્ત રાખો;
સ્નેહ સાધર્મીમાં આદરો અંતરે સુખદ થઇ તેમને સહાય આપો,
ચિત્ત કરુણા કરી ક્રૂરતા પરહરી દીન દુઃખીતણાં કષ્ટ કાપો;
જૈન શાળા રચી જ્ઞાનના દાનથી ધર્મના બંધુને જ્ઞાન આપો,
સર્વદૈ સહાય સુખ સાધનો અર્પવા મિત્રના મંડળો સર્વ સ્થાપો;
ઐકય સઘળે કરી ધર્મ ગૃહ નીતિના નિયમ બાંધી બધા જન સુધારો,
જય કરી ધર્મનો ક્ષય કરી કર્મનો મુક્તિપુરનો ધરો પંથ સારો.

**અભ્યાસી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષમાં પ્રવેશપ્રસંગે

**जो सहस्स सहस्साणं संगामे दुज्जए जिणे ।**
**एगं जिणिज्ज अप्पाणं एस से परमो जयो ॥**

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

**હજારો દુર્જય સંગ્રામોને જીતનારના કરત્તાં એક પોતાના આત્માને જીતનાર ચઢી જાય છે. બહારના તમામ જયો કરતાં આત્મજય પરમ શ્રેષ્ઠ છે.**

જીવન એક સંગ્રામ છે. અને એ સંગ્રામ આપણે ખેલી રહ્યા છીએ. બીજી રીતે વિચારીએ તો સારાએ વિશ્વમાં પ્રત્યેક પ્રાણી પોતપોતાની દ્રષ્ટિએ વિજયના માર્ગે કૂચ કરી રહેલ છે. કોઇનો એ વિજય કૂચનો માર્ગ જડ તત્વોથી ભર્યો હોય છે, તો કોઇના માર્ગમાં ચેતનના તત્વો ભભકતા નજરે પડે છે, વિજયના માર્ગે કૂચ તો સર્વ કોઇની છે, પણ સૌ સૌની કૂચની દ્રષ્ટિમાં હંમેશા ફરક રહેલો હોય છે. જડ માર્ગનો પ્રવાસી અવિશ્રાન્તપણે આગળ ને આગળ મથતો મથતો ચાલ્યો જાય છે, ખૂબ ખેલે છે, દારુણ જંગ પણ મચાવે છે, પણ એ મંથનના પરિણામે તો પાણી વલોવવા જેવું જ બને છે. તેમાંથી નથી સાંપડતો તેને અનંત વિજય, તેમાંથી નથી સાંપડતી તેને સાચા સુખની લહરી કે નથી સાંપડતો આત્માની અનંત શક્તિનો દિવ્ય પ્રકાશ, એટલે એ અવિશ્રાંત મંથનનું પરિણામ આખરે ૦ શૂન્યમાં જ આવે છે.

જ્યારે ચેતન–માર્ગનો પ્રવાસી આત્માના આનંદનો પ્રકાશ મેળવતો મેળવતો સિદ્ધિના માર્ગે હમેશાં સફળતાપૂર્વક આગળ ને આગળ ચાલ્યો જ જાય છે, આત્મશોધન એ એમનું ધ્યેય હોય છે. આત્માની સામે જ તે હંમેશા યુદ્ધ ખેલે છે. મરકટ સમાન મનડાને જીતવા માટે જ તે હરહમેશ મથે છે, શ્રી આનંદ-ઘનજીના શબ્દો મુજબ તે સમજે છે કે "મન જીત્યું તેણે સઘળું જીત્યું" મન ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું એટલે પોતાની જીવનયાત્રા સફળ જ છે. આત્મા તો અનંત પ્રકાશથી–અનંત સુખથી ભર્યો છે. તેની આડા જે જે જડ આવરણો પડ્યા હોય તે ખસેડવા માત્રથી સિદ્ધિનું સોપાન આપણી સામે પડ્યું છે. આમ આત્મ-સિદ્ધિના માર્ગે પ્રવાસ ખેડતો પ્રવાસી હંમેશા સફળ જ છે, પરિણામે તે સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે.

શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં પણ આપણને ઉપરના સૂત્રમાં "આત્મજય"નું રહસ્ય સમજાવવામાં આવ્યું છે તેમ આગળ ચાલતાં સૂત્રકાર આપણને પરમસુખનો માર્ગ બતાવતા કહે છે કે:—

**अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण वज्झओ ।**
**अप्पाणमेव अप्पाणं जइत्ता सुहमेहए ॥**

પોતાના આત્મા સાથે યુદ્ધ કર, બાહ્ય યુદ્ધ કરવાથી શું? પોતાના આત્માને જીતવાથી પરમસુખ પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ પ્રાણી માત્રની વિજયકૂચના બે માર્ગો આપણી સામે પડ્યા છે. એક છે જડ તત્ત્વોથી ભરેલો, બીજો છે ચેતન તત્ત્વોથી ભરેલો.

એકના પરિણામે " સપનાની સુખડી છે–જીવનની નિષ્ફળતા છે. બીજાના પરિણામે આત્માનંદનો પ્રકાશ છે, જીવનનું સાફલ્ય છે.

આમ જીવનની કૂચ તો ચાલી જ રહેલ છે, પ્રશ્ન માત્ર રહે છે " કયા માર્ગે ? "

" શ્રી આત્માનંદ પ્રકાશ " પણ પોતાના ત્રેપન વરસ સમાપ્ત કરી આજે ચોપનમા વરસમાં પ્રવેશ કરે છે ત્યારે તેના વાચકો શુભેચ્છકોની સામે એ જ પ્રશ્ન ઊભો થાય છે " કયા માર્ગે ? "

આપણે પણ ત્રેપન વરસની લાંબી મજલમાં વાત તો એ જ કરી છે, તેના લેખકો અને ચિંતકોનો પણ એ જ ધ્વનિ છે કે " **जे एगं जाणइ ते सव्वं जाणइ** " અર્થાત્ " જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. "

કાળચક્ર તો અવિરતપણે ફરી જ રહ્યું છે, દિવસ પછી દિવસ અને વરસ પછી વરસ આવે છે અને જાય છે, આમ અનંતકાળ વીતી ગયો, કાળચક્રની વિકરાળ ગતિને આપણે સમજી શકતા નથી, જોઇ શકતા નથી. આજે ચોપનમા વરસના પ્રવેશપ્રસંગે વિચારીએ કે " પ્રગતિ શું કરી ? " આ પ્રશ્નનો જવાબ તો સૌએ વ્યક્તિગત આત્મશોધનથી જ વિચારી લેવાનો છે, અત્યારે તો પર્વ એક પ્રકાશ છે તેમ નવા વરસના પ્રવેશપર્વ પ્રસંગે મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી પોતાના એક પત્રમાં કહે છે તેમ આપણે પ્રાર્થીએ કે:—

" જીવન એ માત્ર સ્વપ્ન નથી, જાગૃતિ છે.

એ એક માત્ર ધમાલ નથી, વ્યવસ્થા છે.

એ કલહભર્યો કટુ શબ્દ નથી, લયાત્મક સંગીત છે.

આ જાગૃતિને, આ વ્યવસ્થાને, આ સંગીતને જીવનમાં પ્રગટાવવા પ્રકાશની સહાયતા માટે,

— નૂતન વરસના પ્રવેશ પર્વ સમયે —

આશાભર્યાં નયને ઊભો છું, જોઉં છું મારા ભાગે શું આવે છે ?

× × ×

**સભા અંગે થોડુંક :**

હવે આપણે આપણી સભાનો થોડો વિચાર કરીએ.

આ સભા ૬૦ વરસ પૂરા કરી ૬૧ મા વરસમાં પ્રવેશી ચૂકી છે, દિનપ્રતિદિન પ્રગતિ કરી રહેલ સભાનું આટલું દીર્ઘ આયુષ્ય એ સભાને મન ગૌરવનો વિષય છે. અને એ ગૌરવનો યશ આ સભા ભારતના વિધવિધ પ્રાન્તોમાંથી ૬૪ પેટ્રનો, ૫૬૧ પ્રથમ વર્ગના આજીવન સભ્યો, ૧૦૩ બીજા વર્ગના આજીવન સભ્યો, ૫ ત્રીજા વર્ગના આજીવન સભ્યો, ૧૨ વાર્ષિક સભાસદો અને શુભેચ્છકોનું મોટું જૂથ મેળવી શકેલ છે તેના ફાળે જાય છે.

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો ગત વરસમાં ખાસ કોઈ સાહિત્ય પ્રકાશનનું કાર્ય થઇ શક્યું નથી. શેઠ પુરુષોત્તમદાસ નાગરદાસના પુત્રી કમળાબેનના ટ્રસ્ટમાંથી શેઠ મનુભાઈ લાલભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તક 'કથારત્ન કોષ'નો બીજો ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે, અને તે સભાના સભ્યોને ભેટ આપવાની જાહેરાત કરવામાં આવેલ છે. તેમજ પાલનપુર સંઘની આર્થિક સહાયથી તત્વચિંતક સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજના આધ્યાત્મિક લેખોનો સંગ્રહ છપાઈ રહ્યો હતો તે દળદાર ગ્રંથ 'જ્ઞાનપ્રદીપ' પ્રગટ કરવામાં આવેલ છે. દોઢ–બે વરસના ગાળે સભાએ આ બે ગુજરાતી પ્રકાશનો પ્રગટ કર્યાં છે.

જ્યારે મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ, જેઓ દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ શ્રી નયચક્રસારનું સંશોધન અવિરત શ્રમ લઇને કરી રહ્યા છે તેના સાત આરા (૫૫૨ પૃષ્ઠ) મુદ્રિત થઈ ગયા છે. અને તેના કેટલાક ટિપ્પણો પણ લગભગ તૈયાર થવા આવ્યા છે. એટલે ટૂંક સમયમાં આ મહામૂલો ગ્રંથ પ્રગટ કરવામાં આવશે.

આ ગ્રંથના સંપાદન અંગે અમારે કહેવું જોઇએ કે ચીની આદિ અનેક ભાષાઓના અને અનેક દર્શનોના અનેક ગ્રંથો દેશ–વિદેશમાંથી મેળવીને વિદ્વાન મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજ તેનું સંશોધન કરી રહ્યાં છે. દેશ–વિદેશનું મહામૂલું સાહિત્ય મેળવવામાં મોટો ખરચ કરવાથી પણ ન મળે તે સાહિત્ય મુનિવર્યશ્રી પોતાની લાગવગથી મેળવી રહ્યા છે અને આ ગ્રંથના સંપાદન અંગે દેશ–વિદેશના વિદ્વાનોને એક નહિ તો બીજી રીતે જૈન સાહિત્યમાં રસ લેતા કરી રહ્યા છે, એટલે એક તરફથી નયચક્રસારનું સંપાદન અનેક વિદ્વાનોનો સહકાર સાધીને સુંદર રીતે ચાલી રહ્યું છે અને બીજી બાજુ જૈન સાહિત્યનો પ્રચાર વિદેશમાં થઇ રહ્યો છે. આમ જૈન સાહિત્યના પ્રચારની બેવડી શુભ પ્રવૃત્તિ ચાલી રહેલ છે તે બદલ અમો અમારો આનંદ વ્યક્ત કરીએ છીએ.

આ ગ્રંથના સંપાદનમાં બીજી આનંદજનક બીના એ છે કે નયચક્રસારનું સંપાદન મુખ્યતયા બે જાતની હસ્તલિખિત પ્રતો ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. આ ગ્રંથ અત્યંત દુર્લભ હોવાથી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રંથની પ્રત એકજ પખવાડીયામાં અમુક સાધુઓનો સહકાર સાધીને તૈયાર કરેલી. આ મૂળ પ્રત ખૂબ પ્રયાસ કરવા છતાં મળી શકી ન હતી, એટલે આ પ્રતના આધારે તૈયાર કરવામાં આવેલ બીજી પ્રતોના આધારે આ ગ્રંથનું સંપાદન ચાલી રહ્યું હતું. સં. ૧૬૫૦ની આસપાસમાં શ્રી અચળગચ્છીય કોઈ આચાર્યે લખાવેલ ભાવનગરના શેઠ ડોસાભાઇ અભેચંદના ગ્રંથભંડારમાં પણ એક પ્રત હતી.

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ હસ્તક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના હસ્તે લખાએલ આ મૂળ પ્રત ગયા વરસે મળી આવી છે જેનો ઉપયોગ આ ગ્રંથના સંપાદનમાં હવે કરી શકાશે. જૈન સંઘને માટે આ અત્યંત આનંદનો વિષય ગણાય.

નયચક્રના સંપાદનમાં આમ આપણને નયચક્રસારની મૂળ પ્રત મળી આવેલ છે તે આનંદનો વિષય છે તેવી જ રીતે આપણા સંઘના પ્રાચીન ગ્રંથભંડારમાં મહામૂલા હસ્તલિખિત ગ્રંથો પડ્યા છે તે પણ ભાવનગરને માટે ગૌરવનો પ્રસંગ છે.

ભાવનગરના શ્રી સંઘના ગ્રંથભંડારને વધુ વ્યવસ્થિત કરી, તેમાં રહેલા ગ્રંથરત્નોનો પરિચય કરાવતું એક સૂચિપત્ર તૈયાર કરાવી, પ્રગટ કરવામાં આવે તો સંભવ છે કે અનેક વિદ્વાનો તેનો યોગ્ય લાભ મેળવી શકશે અને આપણા ભંડારમાં જે ગ્રંથરત્નો પડ્યા છે તેનું યત્કિંચિત્ મૂલ્ય પણ આપણે સમજતા થઇશું. ભાવનગર સંઘના સૂત્રવાહકો આ અત્યંત જરૂરી કાર્ય પાર પાડવા તરફ લક્ષ આપે એટલી નમ્ર વિનંતી આ તકે કરવા અમો રજા લઇએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાહિત્ય વિષયક પ્રવૃત્તિ

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિ અંગે પણ થોડુંક વિચારવા જેવું તો છે જ.

સૌ પહેલાં આપણે કબૂલ કરવું જોઇએ કે જે ઉત્સાહ અને વેગથી સભા સાહિત્ય પ્રકાશન કરી રહેલ તેમાં કંઇક અંશે મંદતા અનુભવાય છે. આ મંદતા ભલે સમય અને સંયોગોને અનુલક્ષીને હોય પરંતુ થોડો વધુ ઉત્સાહ અને પ્રયત્નશીલતા દાખવીએ તો જરૂર ઘણું થઈ શકે તેમ છે.

યુગદ્રષ્ટિ ઓળખીને આજે સાહિત્ય પ્રકાશનનો જે નવો એક માર્ગ છે તેનો વિચાર કર્યા વિના ચાલે તેમ નથી, અને એ કરતાં પણ મહત્ત્વનો પ્રશ્ન છે સાહિત્યપ્રચારનો. જૈન સાહિત્યનો ફેલાવો જૈન તેમજ જૈનેતરોમાં થાય અને ભારત તેમજ ભારતની બહાર આપણા સાહિત્યને પહોંચાડીએ એ આપણું ધ્યેય છે.

આપણા આ ધ્યેયને અનુલક્ષીને આજે આપણે શું કરવાનું છે, તેનો વિચાર કરવો પડશે, સભાએ કિંમતી ગ્રંથરત્નો સભાના સભ્યોને ભેટ આપ્યા છે, તેમ જ જ્ઞાનપિપાસુ પૂ. મુનિવર્યો અને દેશ-વિદેશના જૈન જૈનેતરોને પણ પોતાના ગ્રંથો યતકિંચિત્ પ્રમાણમાં ભેટ તરીકે આપ્યા છે, અને એ રીતે સાહિત્યપ્રચારના કાર્યમાં પોતાનો કીંમતી ફાળો નોંધાવ્યો છે. પણ આટલા સાહિત્યપ્રચારથી હવે આપણે સંતોષ માની શકીએ તેમ નથી. આજે જૈન સાહિત્યનો વ્યાપક દ્રષ્ટિએ પ્રચાર કરવાની અનિવાર્ય અગત્ય આપણી સમક્ષ ઊભી થાય છે, જનતામાં આધ્યાત્મિક દ્રષ્ટિ ઉઘડતી આવે છે, માનવતાના સર્જનનું વાતાવરણ સર્જાતું આવે છે, અને સૌ કોઈ વિશ્વશાન્તિને માટે ઝંખના કરી રહ્યું છે. બીજી બાજુ માનવતાના સર્જનમાં કે વિશ્વશાન્તિની સ્થાપનામાં જૈન સમાજ આજે કેટલો અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે તે વાત પણ વ્યાપક રીતે સમજાતી આવે છે, અને જૈન દર્શનનો અભ્યાસ કરવાની લોકરુચિ પણ ઊઘડતી આવે છે. આમ વાતાવરણ અનુકૂળ થતું આવે છે તે સમયે જૈન-સિદ્ધાન્તનું રહસ્ય આમ જનતા સમજી શકે, ભારતના સાંસ્કૃતિક ઘડતરમાં જૈન દર્શને જે મહત્વનો ફાળો આપ્યો છે તે જનતા જાણી શકે, જૈન સ્થાપત્યો-કળા--કૌશલ્યના મૂલ્યાંકનો જનતા આંકી શકે અને રાષ્ટ્રિય સંસ્કૃતિના ઘડતરમાં અનેક જૈન વિભૂતિઓએ નિજ સમર્પણનો ફાળો આપતી ઉજ્જવળ કથાઓ નોંધાવી છે તેની યાદ આપતું સાહિત્ય તૈયાર કરવું પડશે અને આવા સાહિત્યની સસ્તી અને સુંદર આવૃત્તિઓ પ્રગટ કરી વ્યાપક દ્રષ્ટિએ તેનો પ્રચાર કરવો પડશે.

અલબત્ત, જૈન સાહિત્યના પ્રચારનું આ કામ મોટું છે અને સમગ્ર જૈન સમાજે આ પ્રશ્ન ગંભીર-પણે વિચારવો પડે તેમ છે, આમ છતાં આ દિશામાં સભાએ પણ શક્ય એટલો પુરુષાર્થ ખેડવો જ પડશે, અને તેની સાધના માટે જરૂર પડયે સાહિત્યના ક્ષેત્રે કાર્ય કરી રહેલ ભાવનગરની સંસ્થાઓનો પરસ્પર સહકાર પણ સાધવો પડશે.

અગત્યતાની દ્રષ્ટિએ વિચારીએ તો જેમ લોકભોગ્ય સાહિત્ય તૈયાર કરવાની અનિવાર્ય અગત્ય આપણી સામે ઊભી છે તેમ જૈન સાહિત્યના અભ્યાસકો તૈયાર કરવા માટે એક જૈન વિદ્યાપીઠ જેવી સંસ્થા સ્થાપવાની શક્યતા પણ ભાવનગરને આંગણે છે. આ કાર્ય પાર પાડવા માટે ભાવનગરમાં યોગ્ય સાહિત્ય સામગ્રી અને સ્થાનની પણ સગવડ છે અને જૈન-જૈનેતર વિદ્યાપ્રેમીઓએ પોતાનો બનતો સહકાર આપવાના વચનો પણ અવારનવાર આપ્યા છે. પણ એની સિદ્ધિનો સમય હજુ પાકયો ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ આ વાત કોઈ વ્યવસ્થિત રૂપ હજુ લઇ શકેલ નથી. કાર્ય પાર પાડવાની દૃષ્ટિએ આ વાત વિચારવામાં આવે તો જરૂર આ યોજના મૂર્ત સ્વરૂપ પકડી શકે તેમ છે.

જૈન સાહિત્યના સર્જન અને પ્રચાર માટે ઉપરોક્ત દ્રષ્ટિકોણુનો વિચાર સભા પણ કરી રહેલ છે અને એ દિશામાં બનતું કરવા માટે તે તત્પર પણ છે. લોકરુચિ દૃષ્ટિમાં રાખીને નાની-નાની પુસ્તિકાઓ પ્રગટ કરવાની એક વિચારણા સભાએ કરી છે અને એક બે પુસ્તિકા આવતા વર્ષે પ્રગટ થવાની શક્યતા પણ દેખાય છે. ચીકાગોખાતેની સર્વધર્મપરિષદમાં જઇ શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકા અને ઇંગ્લાન્ડ આદિ દેશમાં જૈન ધર્મ ઉપર અનેક વ્યાખ્યાનો આપી જૈન ધર્મનો જે સુંદર પ્રચાર કર્યો હતો તે લોકપ્રિય વ્યાખ્યાનોની આવૃત્તિ પ્રગટ ક વાનો વિચાર પણ સભાએ કર્યો છે અને વીરચંદભાઇ ગાંધીના કુટુંબના નબીરા શ્રી હરખચંદ વીરચંદ ગાંધીએ આ રીતના પ્રકાશનમાં પોતાથી બનતો સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી છે એ અમારે મન આનંદનો વિષય છે.

આ ઉપરાંત આ સભાના માનનીય મંત્રી સ્વ. વલ્લભદાસભાઇ સાહિત્યસેવાના સ્મારકરૂપે એક સુંદર ગ્રંથ પ્રગટ કરવાની વિચારણા પણ સભા કરી રહેલ છે, તેમજ બીજા સાહિત્ય પ્રકાશનની વિચારણાઓ પણ ચાલી રહેલ છે,

આ મનોરથો સિદ્ધ કરવાનું બળ પ્રાપ્ત થાઓ એટલું અત્યારે પ્રાર્થવાનું રહે છે.

સભાના વિકાસમાં તો અનેક શુભેચ્છકોનો સહકાર પડ્યો છે અને સર્વના સહકારથી જ આ સભા શોભી રહેલ છે. એ સૌનો વ્યક્તિગત આભાર માનવાનો અત્રે અવકાશ નથી. એમ છતાં સભાના અભ્યુદય માટે નિરંતર ચિન્તા રાખી રહેલ આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનો અમો આ તકે આભાર માન્યા વિંના રહી શકતા નથી. દેશ-વિદેશમાં સભાના પ્રકાશનો આદર પામ્યા હોય, અને જૈન સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન લઇ શકે તેવા સંસ્કૃત-ગુજરાતી પ્રકાશનો જો સભા કરી શકી હોય તો તેઓશ્રીની પરમકૃપાનું જ તે ફળ છે. આજ સુધી તેઓશ્રીનો જે પ્રેમ સભા ઉપર વરસી રહ્યો છે, તેવો જ તેમ નિરંતર વરસતો રહે અને તેઓશ્રીના જ્ઞાન વ્યવસાયના ફળસ્વરૂપે તૈયાર થતું અમૂલ્ય સાહિત્ય પ્રગટ કરવાની તક સભાને મળતી રહે તેમ આ તકે પ્રાર્થીએ છીએ. સાથો સાથ મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્યરત્ન સાહિત્યપ્રેમી મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજનો આભાર માન્યા વિના અમો રહી શકતા નથી. દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ "નયચક્રસાર"નું અમૂલ્ય પ્રકાશન સભા તરફથી થઇ રહેલ છે તેનો યશ મુખ્યત્વે તેઓશ્રીના ફાળે જાય છે, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે આ કાર્ય માટે તેઓશ્રીને પ્રેરણા કરી. અને આ કાર્ય તેઓશ્રીએ તરત ઉપાડી લીધું અને એ માટે અવિરત શ્રમ લઇને આજે અદ્વિતીય ભોગ તેઓશ્રી આપી રહ્યા છે.

સાહિત્ય ક્ષેત્રમાં અમોને સાથ આપી શકે તેવા અનેક વિદ્વાન મુનિવર્યો હજુ સમાજમાં છે. તેનો જો અમોને સાથ મળે તો અમારી સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને સારો વેગ મળે તેમ છે. આ તકે એ સર્વે વિદ્વાનોને અમો નમ્રભાવે વિનંતિ કરીએ છીએ કે પોતે પોતાનાથી બનતો સાથ આપી અમોને આભારી કરે.

### શ્રી આત્માનંદ પ્રકાશ

'શ્રી આત્માનંદ પ્રકાશ'ના ગત વરસમાં ૪૫ ગદ્ય વિભાગના અને ૧૬ પદ્ય વિભાગના મળી ૬૧ લેખો પ્રગટ કરવામાં આવ્યા છે, તેમજ બીજી કેટલીક પ્રકીર્ણ વિગતો રજૂ કરવામાં આવેલ છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ સામગ્રી પૂરી પાડવામાં પ્રૌ. જયંતીલાલ ભાઈશંકર દવે, શ્રી હીરાલાલ રસિકલાલ કાપડીયા, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી મણિભાઇ પાદરાકર, શ્રી મોહનલાલ ડી. ચોકસી, મુનિ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ, મુનિ શ્રી દર્શનવિજયજી ત્રિપુટી, મુનિ શ્રી લક્ષ્મીસાગરજી, શ્રી ફુલચંદ હરિચંદ દોશી, શ્રી અમરચંદ માવજી શાહ, શ્રી જમનાદાસ ગો. શાહ, શ્રી ફતેચંદ ઝવેરભાઇ, આ. શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મ. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ, શ્રી શિ. તુ. જેસલપુરા, શ્રી વૈદ્ય વિશ્વબન્ધુ, પં. રામવિજયજી ગણિવર્ય, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી, શ્રી રતિલાલ દી. દેસાઈ, શ્રી ન. અ. કપાશી, શ્રી કાન્તિલાલ જ. દોશી, શ્રી ભવાનભાઇ સંઘવી વગેરેનો સહકાર ભૂલી શકાય તેમ નથી.

માસિકને વધુ સમૃદ્ધ કરવા માટે જે મનોરથો સેવાઇ રહ્યા છે તેમાં અમો ખાસ કાંઈ કરી શકયા નથી, તેની રસસામગ્રી માટે સમાજના આગેવાન લેખકો અમોને સહકાર આપતા રહ્યા છે અને સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.

માસિકને વધુ સમૃદ્ધ બનાવવા માટે થોડા નામાંકિત લેખકોનો વધુ સહકાર મેળવવાની અગત્ય અમોને લાગી છે, અને તે માટે જરૂર જણાય તેવા કેટલાક સિદ્ધહસ્ત લેખકોને યત્કિંચિત્ પુરસ્કાર આપવાનું ધોરણ નવા વરસથી શરૂ કરવાનો અમોએ નિર્ણય કર્યો છે.

માસિકને અંગે આમ તો સભાને મોટી ખોટ સહન કરવી પડે છે, એટલે પુરસ્કાર આપવાનો વધુ ખરચ પરવડે તેમ નથી, પરંતુ થોડો વધુ બોજો સ્વીકારીને પણ પુરસ્કારના ધોરણે થોડું રસમય સાહિત્ય પીરસવાની અગત્ય અમોને લાગી છે, અને એ રીતે માસિકની રસ-સામગ્રી વધુ રસિક બનશે અને તેનો પ્રચાર વધશે તો પુરસ્કારની યોજના શરૂ કરવાનો અમો આનંદ અનુભવીશું.

વરસનો મેળ લાવવા માટે માસિકના ત્રણ અંકોનું પ્રકાશન સ્થગિત કરી સં. ૨૦૧૩ ના કાર્તિકથી માસિક નિયમિત પ્રગટ કરવાની જાહેરાત અમોએ કરી હતી, પરન્તુ અનિવાર્ય સંયોગો વચ્ચે તેમાં થોડો વિલંબ થયો છે તે બદ્દલ ક્ષમા યાચીએ છીએ.

સભાની કાર્યવાહીનું આ ટૂંકું સરવૈયું છે, તેમજ તેની મનોકામનાનું તેમાં પ્રતિબિમ્બ છે. અપ્રમત્તભાવે એ મનોકામના સિદ્ધ કરવાનું બળ શાસનદેવ સૌને આપે એ જ અભ્યર્થના.

છેલ્લા છેલ્લા એ જ પ્રાર્થીએ કે:-

"ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયના રાજ્યમાં

લેખક : પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજશ્રી
ચંદ્રપ્રભસાગરજી મહારાજ

......આજે સર્વત્ર ભય છે. ભય વિનાનો માણસ વિરલ દેખાય છે. માનવજાત જાણે સાગરમાં ડૂબી રહી છે અને હવામાં ફફડાટ પણ ભયનો છે. મુખથી ઘણા કહે છે: 'અમારે કોની બીક છે ? અમે તો નિર્ભય છીએ.' પણ એ તો વાચા બોલે છે. હૃદય શું કહે છે ? હૃદય એમ કહી શકે ખરું કે, મને કોઇનોય ભય નથી ? વાચા જ્યારે અભયની વાણી ઉચ્ચારતી હોય છે ત્યારે પણ હૃદય તો ધ્રૂજતું હોય છે અને ભયના ઓળા જોતું હોય છે !

ભોગીને રોગનો ભય છે. ભોગ પછી રોગ તો નહિ આવે ને ? એ ફફડાટમાં ભોગમાં પણ શોક દેખાય છે. ધનવાનને ચોરનો ભય છે, ટેકસોનો (Taxes) ભય છે, અગ્નિનો ભય છે, સામ્યવાદનો ભય છે. પ્રધાનોને સત્તા ચાલી ન જાય તેનો ભય છે. વિદ્વાનને પરાજયનો ભય છે. ગુણવાન ને કીર્તિવાનને દુર્જનોનો ભય છે. દેહધારીને મૃત્યુનો ભય છે. ગમે ત્યાં જાઓ, ભય જ દેખાય છે. હા, વૈરાગ્ય એ એક એવી વસ્તુ છે જેને કોઇનો ય ભય નથી. વૈરાગી તો મૃત્યુ સામે પણ મોરચો માંડી શકે. વિરાગ થોડો પણ હૈયામાં હોય તો માણસ અભયનો આનંદ માણી શકે. માણસ એટલો ડરપોક, કાયર, ભીરુ દેખાય છે, એનું કારણ એ કે એને જડ વસ્તુઓમાં આસક્તિ છે. એનું મો સિંહ જેવું છે પણ હૈયું શિયાળ જેવું છે. માણસ હૃદયથી સિંહ જેવો શૂરો કઈ રીતે બની શકે તે વિચારવાનું છે.

કબાટમાં વસ્તુ મૂકેલી હોય પણ ચાવી હાથમાં ન હોય તો વસ્તુ જોઇએ ત્યારે ન મળે. રસોડામાં સુંદર વાનગી બનાવેલી હોય પણ રસોયો તાળું દઇ ચાવી લઇ બહાર ચાલ્યો ગયો હોય તો વસ્તુ આપણી હોવા છતાં અવસરે આપણને મળતી નથી. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવા એની ચાવી જોઇએ.

અમરત્વ અભયના ઓરડામાં છે, પણ અભયની ચાવી જે વીતરાગતા છે તે આપણી પાસે નથી. વીતરાગતા વિના અભયના દ્વાર કઈ રીતે ખૂલે ? આપણે રાગના હાથમાં રમી રહ્યા છીએ. પરાધીન છીએ. સ્વાધીન નથી અને સ્વાધીનતા વિના સુખ સ્વપ્ને ય કયાં છે ? ધારો કે તમે સેઇફ ડિપોઝિટ વોલ્ટમાં રૂપિયાની થેલીઓ મૂકી છે. રૂપિયાની તમારે એકદમ જરૂર પડી ઘેરથી લેવા નીકળ્યા, પણ રસ્તામાં હુલ્લડ ફાટી નીકળ્યું તો સેઈફમાં મૂકેલા તમારા જ રૂપિયા અવસરે તમારે શા કામના ? પરાધીનતાના કારણે તમારી વસ્તુ તમારી નથી. તેમ આજે આપણે નિર્ભય થઇને ફરીએ છીએ પણ તે અભય આપણો નથી. બીજાને લીધે અભય છીએ. જેમ પાકિસ્તાન અમેરિકાના બળ પર કૂદે છે, પણ તે બળ પોતાનું નથી, પારકું છે, પારકા બળ પર ઝઝૂમનાર કાયર છે. તેમ ભૈયા ને ચોકિદારોથી અભય મેળવનાર–નિર્ભય થઇ ફરનાર પણ કાયર છે. અભય અંતરથી બનો. એક કવિ કહે છે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણુ જાવે દેહ તજકે,
આજ હી યા ભલે હી કલ;
ન મુઝકો દોષ દો કોઇ,
કિ થા ડરપોક મરનેકા.

જ્યાં સુધી અંતરમાં ભય છે ત્યાં સુધી માણસથી કાંઈ જ થઈ શકે નહિ. અમરત્વને માર્ગે ડગલું ભરવું હોય તો અભય થવું જોઇએ. આજકાલ રેડિયો પર પણ આનંદઘનજીનું પદ આવે છે.

**અબ હમ અમર ભયે ન મરેંગે**

આ મહાન ગીત રેડિયો પર આવે એટલે એમ ન માનતા કે ઘરઘરમાં અમરત્વનું ગુંજન થઈ ગયું છે! આ ગીત હૈયામાં ગુંજવું જોઇએ. હૈયામાં એ ત્યારે જ ગુંજે કે જ્યારે માણસનું મન વીતરાગતા તરફ ઢળે.

સિંહનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકે. ઠીકરામાં લો તો પાત્ર પણ ફૂટે અને દૂધ પણ જાય. લાયકાતવાન પાત્રમાં જ યોગ્ય વસ્તુ ટકે છે.

આજ તો જાણે બધા મહાન થઈ ગયાં છે. બધા જ પોતાની જાતને પાત્ર માને છે. પચાસ હજારની મોટરમાં બેસીને આવે અને વિરાગની, ત્યાગની, સંયમની વાતો ઊંચા મંચ પરથી લલકારે. પોતે મેવા–મીઠાઈ ઉડાવે અને લોકોને શકરીયાના લોટનો ઉપયોગ કરવાની અને એક ટંક ભૂખ્યા રહેવાની ભલામણ કરે, આવા આચારહીન, વિચારહીન માણસોનો શંભુમેળો ભેગો થવાના કારણે જ કોંગ્રેસ જેવી મહાન સંસ્થાની પણ બદનામી થઇ રહી છે. થોડા સાચા માણસો જે કરી શકશે તે ખોટા લાખો ભેગા થઇને પણ નહિ કરી શકે.

કાચા ઘડામાં પાણી ભરીએ તો ઘડો ફૂટે ને પાણી નકામું જાય. માટે એને પાકો થવા દો. અગ્નિમાં–ભઠ્ઠીમાં તપવા દો. પછી ટકોરા મારીને લો. એવા પાત્રમાં જે વસ્તુ મૂકશો તે દીપી નીકળશે.

આ પાત્રતાને પિછાનવા દૃષ્ટિ જોઇએ, આંખ જોઇએ. તમે કહેશો કે 'આંખ તો છે અને તેથી જ તો અમે જોઈ શકીએ છીએ.' સાચી વાત છે. આપણી પાસે આંખ છે, પણ તે ચામડાની છે. સત્ય જાણવા માટે તો આત્માની આંખ જોઇએ. દિવ્ય નયન જોઇએ. મહાત્મા આનંદઘનજી ગાય છે:

ચર્મ નયને કરી માર્ગ જોવતો,
ભૂલ્યો સકલ સંસાર;
જેણે નયને કરી માર્ગ જોઈએ,
નયન તે દિવ્ય વિચાર.

આત્માની આંખ વિના ચામડાની આંખથી જીવન-પંથ શોધનાર માનવી આજ ભૂલ્યો છે. માત્ર ચર્મ–નયનથી જ જીવનપંથને શોધનારોનો અંતે વિનિપાત થાય છે. અંતરની આંખ વિનાના માણસની મને એક વાત યાદ આવે છે.

ભાવનગરમાં 'અંતરનાદ' ઉપર મેં વ્યાખ્યાન આપેલું. એ વ્યાખ્યાન સાંભળ્યા પછી એક પરિચિત ભાઈ મળવા આવ્યા. મને કહે; 'મહારાજશ્રી, આપ અંતરનાદને તો માનો છો ને? એ નાદને અનુસરવું એ માનવીનો ધર્મ છે ને?' મેં 'હા' કહી. ત્યારે એ કહે: 'મારે પણ અંતરમાંથી અવાજ આવે છે.' મેં પૂછ્યું: 'અવાજ શું કહે છે?' એ કહે: 'લગ્ન કરવાનું.' મને જરા આશ્ચર્ય થયું. મેં કહ્યું: 'તમે તો પરણેલા છો ને?' એ કહે: 'હા, એ ખરું પણ બીજી વાર પરણવાનો અવાજ આવે છે. પહેલાની પત્નીમાં કાંઈ જ નથી. નથી રૂપ, નથી જ્ઞાન, નથી ગુણ કે નથી સૌંદર્ય: કાંઈ જ નથી.'

મેં કહ્યું: 'એ તમારા અંતરનો અવાજ નથી પણ શેતાનનો અવાજ છે. તમે બન્નેના અવાજને જાણતા નથી એટલે આ ગોટાળો ઊભો થયો છે. અંતરનાદ હોત તો એમજ કહેત કે, જે છે એમાં સંતોષ માન અને તારામાં કાંઈ વિશિષ્ટ તત્ત્વ હોય

For Private And Personal Use Only

તો એ અભણમાં રેડીને એને જ ગુણવાન, જ્ઞાનવાન ને સંસ્કારવતી બનાવ ! "

મારી આ વાતની એમના પર કેટલી અસર થઈ તે હું જાણતો નથી પણ એમણે મારી આગળ તો કબૂલ કર્યું કે: એ શેતાનનો અવાજ પણ હોઇ શકે.

દિવ્ય દૃષ્ટિનો અભાવ માણસને કેવો બનાવી મૂકે છે !

......જીવનમાં સંયમ હોય, આંખમાં અવિકાર હોય, ઇન્દ્રિયો ઉપર કાબૂ હોય અને મનમાં મક્કમતા હોય ત્યારે જ દિવ્યતા પ્રાપ્ત થાય છે, અને આવી દિવ્યતા વાળા માનવીના અંતરનો અવાજ એ જ અંતરનાદ.

બિલ્વમંગળ સાધુ થયો, પણ એ એની પ્રિયા ચિંતામણીને ન ભૂલ્યો. એ પ્રત્યેક વસ્તુમાં ચિંતામણીને જ જોવા લાગ્યો. જળમાં, સ્થળમાં, આકાશમાં અને ફૂલમાં પણ એને એની પ્રિયા જ દેખાવા લાગી. ભગવાનની મૂર્તિમાં પણ એ પોતાની પ્રેયસીને જ જોતો, એથી એ ત્રાસ્યો. એને લાગ્યું, પોતાની દૃષ્ટિમાં પાપ છે, આંખ પરવશ છે. અને એક દિવસ એણે પોતાની આંખો ફોડી નાંખી, સૂરદાસ બન્યો. એને અંતરની આંખો લાધી.

આંખોમાં દિવ્યતા ન હોય તો એ ન કરાવવાનું પણ કરાવે. જે દૃષ્ટિ માણસને હેવાન બનાવે એને તે દૃષ્ટિ કેમ કહેવાય ? વિકૃતિ આવે તો પવિત્ર રૂપને પણ એ પાપભાવથી જુએ, કોઈનું સુખ જોઈ ઈર્ષા કરે, બીજાને આનંદી જોઇ બળ્યા કરે, અને પોતાના પાપના માર્ગે જાય. આંખો તો તારે, ખાડો આવે તો બચાવે. આંખો હોવા છતાં ખાડામાં પડે તો એના કરતાં તો અંધની લાકડી સારી. આંધળો માણસ લાકડીના આધારે ખાડામાં પડતો બચે !

તમે દેખતા છો. તમે કોઈની સાથે અથડાઈ પડો તો સામો માણસ શું કહે ? "જુઓ છો કે નહિ ?" આંધળો હોય અને કોઈની સાથે અથડાય તો એ ઠપકાને પાત્ર નહિ, ઉલટો દયાને પાત્ર, "બાપડો દેખતો નથી" એમ કહી એના ઉપર કરુણા આવે. પણ તમે દેખતા અથડાઓ તો ગુનેગાર ખરા ને ? આંખોવાળો માણસ વિકારોના ખાડામાં પડે, વિષયો સાથે અથડાઇને આત્માના ચૂરેચૂરા કરી નાંખે તો કહેવું પડે ને કે દૃષ્ટિવાળો હોવા છતાં અંધ છે. આ અંધતા ક્યારે જાય ? જ્યારે એમાં દિવ્યતાના અંજન થાય ત્યારે. પછી આપણે આ જીવનમાં જે વસ્તુ શોધવા નીકળ્યા છીએ તે વસ્તુ મળતા વાર ન લાગે.

આપણા માર્ગદર્શક પણ દિવ્યદૃષ્ટિવાળા હોવા જોઇએ. તમે અર્થ અને કામમાં રચ્યાપચ્યા રહેલા ગુરુઓ પાસે માર્ગદર્શન માગો તો એ શું આપે ? એ જ બાપડા માર્ગ ભૂલ્યા છે ત્યારે એ બીજાને શું ચીંધે ? આંધળા નેતાને ચૂંટનાર પ્રજા ખાડામાં જ પડે ને ! ગુરુ ત્યાગી જોઇએ, અર્થ અને કામથી અલિપ્ત જોઇએ. નરસિંહ મહેતાએ પણ કહ્યું છે: "કંચન અને કામિની ચોકી આડી શ્યામની" એટલે ગુરુ ચૂંટવામાં પણ વિવેક જોઇએ. એવો વિવેક હોય તો સદ્‌ગુરુને પામી શકીએ અને કુગુરુઓથી બચી શકીએ. આજે જગતમાં કુગુરુઓનો રાફડો ફાટ્યો છે. એટલે ગુરુને પિછાનવા પણ વિવેક જોઇએ. રસ્તા ઉપર થઇને આપણે પસાર થતા હોઇએ તો હજારો વસ્તુઓ આપણા જોવામાં આવે. જોયેલી બધી વસ્તુઓ મગજમાં ભરી રાખીએ તો આપણું મગજ એક નકામો કચરો ભરવાની વખાર થઈ જાય. અને પરિણામે એમાં અંધકારના ક્ષુદ્ર જંતુઓ ભરાઇ જાય. આપણું મગજ વખાર બનાવવા જેટલું સસ્તું તો નથી જ, માટે જોએલી વસ્તુઓમાં ગ્રહણ અને ત્યાગનો વિવેક જોઇએ; યોગ્ય વસ્તુનો આદર અને અયોગ્યનો ત્યાગ. માળી જેમ છોડવાઓને રોપે છે અને નકામા છોડવાઓને ઉખેડી નાંખીને બગીચાને નયનમનોહર અને સુંદર બનાવે છે, તેમ આપણા મગજને પણ એક સુંદર બગીચો બનાવવો જોઇએ. પણ સુંદર બગીચો વાતો કર્યેથી બની જાય ? આપણે પણ માળીની જેમ સારા વિચારોના છોડવાઓ મગજના ક્યારામાં રોપીએ અને ખરાબને દૂર કરીએ તો એ બને.

પછી એ સ્થાનમાં કેવી શાંતિ મળે ! કેવો આનંદ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે! કેવી સુરભિની છોળો ઊછળે! પછી એ સ્થળમાં અશાંતિનો અનુભવ થાય ખરો! એ સ્થળમાં તો આપણે ઠંડા, શાંત અને પુલકિત થઇ વિહરવાના, પણ આપણે આપણા સુંદર બગીચાને નકામા વિચારો ભરી અરણ્યમાં ફેરવી નાંખ્યો છે, જ્યાં એકલા જતાં આપણને પોતાને પણ ક્ષોભ થાય છે. જાણે ચારે બાજૂ ભયના ભણકારા વાગતા ન હોય! જાણે આમાંથી આવશે કે તેમાંથી આવશે, આજ આપણું મગજ સુંદર બગીચો મટી ભયાનક અરણ્ય બન્યું છે; ત્યાં ફૂલ અને બુલબુલ નથી પણ કાંટા અને કાગડા છે; ત્યાં પ્રેમની ખુશ્બો નથી પણ પાપની બદબો છૂટે છે.

માણસમાં દિવ્યતા આવે તો એની દૃષ્ટિમાં ફેર પડી જાય છે. એ સારું અને ખરાબ પારખી શકે છે.

ગામ બહાર સરોવરની પાળે એક નવજુવાન સ્ત્રીનું શબ પડ્યું હતું. એના શરીર પર અનેક અલંકારો હતા. મુખ પર શાંતિ હતી. જાણે પ્રગાઢ ઊંઘમાં ન હોય એમ એ પડી હતી! એ મુસાફર સ્ત્રીનું શબ જોવા આખું ગામ ભેગું થયું. પહેલાં એક ચોરની નજર એના પર પડી. એના મનમાં થયું–હું મોડો પડ્યો, જો પહેલા આવ્યો હોત તો કેવું સારું થાત! આટલા બધા અલંકારો મળ્યા હોત તો બે પાંચ વરસની પીડા ટળી જાત. તે સમયે કામી વિચારી રહ્યો હતો–શું મત્ત યૌવન છે! જીવતી મળી હોત તો જન્મારો સફળ થઇ જાત! દૂર દૂર એક શિયાળ સંતાઇ જોઇ રહ્યું હતું–આ માણસો આ શબને મૂકીને ચાલ્યા જાય તો કેવું સારું! કેટલું મોટું શરીર! સાત દિવસ પેટ ભરીને ખાઉં તોયે ન ખૂટે!

ત્યાં થઇને એક ગુરુ શિષ્ય ચાલ્યા જતા હતા. અને ગુરુએ પોતાના શિષ્યને કહ્યું: "વત્સ! જોયું, જગત કેવું નશ્વર છે! આ યૌવનના વૈભવથી છલકાતો દેહ પણ અણધાર્યો ઢળી પડ્યો! એના હૈયામાં કેટકેટલા કોડ હશે! પણ તે બધા અપૂર્ણ જ રહ્યા. પ્રાણી માત્રને આ મહાયાત્રા અણધારી આદરવી પડે છે. આ તનનો ગર્વ નકામો છે, આ દેહનું અભિમાન ખોટું છે. આપણી તંદુરસ્તી છે ત્યાં સુધી સંયમની સાધના કરી લેવી. કાળ કોઇનાય પર કૃપા કરવાનો નથી." એમ વિચારી તે ત્યાગને પંથે આગળ વધ્યા.

આ ઉપરથી સમજાશે કે વસ્તુ એક જ છે પણ ચારેના દૃષ્ટિબિંદુ જુદા છે. ચાર જણમાંથી સંતની આંખમાં દિવ્યતા હોવાને કારણે જ જે શરીર કામીને કામ તરફ પ્રેરતું હતું તે જ શરીર ત્યાગીને વૈરાગ્ય અને ચિંતનનું પ્રેરણાધામ બન્યું હતું.


**પૈસો એ એવી જાદુઇ બુલેટ (ગોળી) છે જે ભલભલાઓની બુદ્ધિને પણ વીંધી નાખે છે. પૈસાનાં પ્રલોભનો સામે અડગ રહેનાર કોઈ વિરલ જ હોય છે.**

**માણસ નિર્મળ છે કે નિર્બળ તે જાણવું હોય તો તમે કોઈ ભૂલ કરનારને પૂછી જુઓ કે તને ભૂલ કર્યા પછી આંસુ આવે છે કે આનંદ?**

(બિંદુમાં સિંધુ) **—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહિંસાધર્મ : એક મનન

લેખક : પ્રો. જયન્તીલાલ ભાઈશંકર દવે

મહાત્મા ગાંધીજીએ એક વખત ઉચ્ચાર્યું હતું કે અહિંસા ધર્મ એ બીકણનો ધર્મ નથી. જેમ હરિનો માર્ગ શૂરનો છે અને તેમાં કાયરોનું કામ નથી તેમ અહિંસા ધર્મ પણ શૂરવીરનો છે, નિર્માલ્ય બીકણોનો નથી. જેનામાં મારવાનું બાહુબળ છે છતાં સાચો પ્રતિકાર કરતો નથી તે જ સાચો વીર છે. એટલે કે અહિંસાનો પૂજક વીરતાનો પૂજક છે. જગતના બે મહાન્ ધર્મો જેવા કે જૈન અને બૌદ્ધ ધર્મોના સ્થાપકો ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતા એ ઇતિહાસ-પ્રસિદ્ધ હકીકત ઘણી સૂચક છે. क्षमा वीरस्य भूषणम्। અહિંસાપૂજક એક એવો યોદ્ધો છે કે લાખોનો સંહાર કરનાર રણયોદ્ધાથી ઘણો ચઢીયાતો છે. એ કોઇથી ડરતો નથી તેમ બીજાને ડરાવતો નથી. તેનું યુદ્ધક્ષેત્ર બહાર નહિં પણ અંદર છે. સર્વ મનુષ્યોના હૃદયમાં અનાદિકાળથી ચાલતો આવતો દેવાસુરસંગ્રામ તે એકલે હાથે લડે છે. દૈવી એટલે શુભ અને આસુરી એટલે અશુભ વાસનાઓ અને વૃત્તિઓનો સંઘર્ષ દરેક મનુષ્યના હૃદયમાં કોઇપણ કાળે થયા વગર રહેતો નથી. અહિંસાધર્મી તે સંગ્રામમાં સત્ય અને અહિંસાના જોરવડે વિજયી થયા વગર રહેતો નથી.

ધર્મનો પ્રાણ અહિંસા છે. કોઇ પણ ધર્મની આજ્ઞાઓને તપાસો તો સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે દરેક પયગંબરે, આર્ષદ્રષ્ટાએ હિંસાને નિંદ્ય ગણી છે. જરા વધારે વિચાર કરીએ તો જણાશે કે ક્રોધ કરવો તે હિંસા છે, મિથ્યા ભાષણ કરવું તે હિંસા છે, કોઇનું બૂરૂં ચાહવું અથવા કરવું તે હિંસા છે. સત્ય અને અહિંસા એક જ વસ્તુનાં બે પાસાં હોવાથી અસત્યાચરણમાં પરિણમે તે બધું હિંસાત્મક જ કહેવાય. અહિંસામાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા વૃત્તિઓ ઉપાંગ તરીકે આવી જ જાય છે. મૈત્રી એટલે વિશ્વમૈત્રી, કરુણા એટલે વિશ્વ-કરુણા. પ્રેમ અને કરુણા એ અહિંસાની બે આંખો છે કે જેનાવડે સનાતન સત્યની ઝાંખી આપણે કરી શકીએ.

અહિંસાનો સૂર્ય જ્યારે પ્રકાશે છે ત્યારે મિથ્યાત્વનાં અંધારા ઓસરી જાય છે. કુવાસનાઓ અને અસંખ્ય વિકારો પલાયન કરી જાય છે. અહિંસા ધર્મની ઉપાસના કરનારને 'પરમ–અભય'નું વરદાન મળે છે. આ સંસાર એક ઉપનિષત્કારની વાણીમાં महद्भयं वज्रमुद्यतम् જેવું છે. સંસારમાં રહેનારને ચારે તરફથી જાણે વજ્ર એટલે મોટું શસ્ત્ર ઉગામ્યું હોય એવો ભય રહ્યા કરે છે. ગરીબને પૈસાની તંગીનો ભય છે. પૈસાદારને ધન ચોરાઈ જવાનો ભય છે. કોઇને કુટુંબ–પરિવારથી ભય છે તો કોઇને રોગનો ભય છે. કોઇને આબરૂ ગુમાવવાનો ભય છે તો કોઇને વળી બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનો ભય સતાવે છે. આ પ્રમાણે ભયનો વંશવિસ્તાર બ્રહ્માંડ જેવડો મોટો છે, પણ સૌથી મોટો ભય મોતનો ભય છે. બધા ભયો મોતના ભય પાસે બહુ જ મામૂલી લાગે છે. ઘણુંખરું નાના નાના ભયો પર વિજય મેળવવો સહેલો છે પણ મોત પર એટલે મોતના ભય પર વિજય મેળવવો એટલો સહેલો નથી. જે જન્મે છે તેનું મરણ અવશ્ય થવાનું છે પણ તેની કલ્પનાથી જ માણસને મોટો ભય ઉત્પન્ન થાય છે. કોઇ વસ્તુ કરતાં તેની કલ્પના હમેશાં વધારે ચિત્ત-ક્ષોભ કરનારી હોય છે. કઠોપનિષદ્‌માં બાળક નચિકેતા સાક્ષાત્ અભયની મૂર્તિ છે, કારણ કે તેનામાં સત્ય અને અહિંસા હતાં અને તેથી જ તે બેધડક યમરાજની મુલાકાતે જઈ શક્યો હતો. યમ અને નચિકેતાનો સંવાદ ઘણો જ બોધક છે. યમ નચિકેતાને જગતની અનેક સર્વશ્રેષ્ઠ વસ્તુઓ આપવાની લાલચ બતાવે છે પણ ધીર નચિકેતા એ બધી લાલચોને ઠોકર મારે છે. નચિકેતાને તો આત્મ-સંપત્તિ જોઇએ છીએ.

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा । આ આત્મા સત્યના પાલનથી અને તપથી સાક્ષાત્ પ્રાપ્ત થાય છે. સત્યાચરણ અને તપશ્ચર્યા અહિંસા ધર્મના બે પ્રખ્યાત સ્તંભો છે. એનો આશ્રય લેવાથી આત્મસાક્ષાત્કાર જરૂર થાય છે.

માનવ જીવન જન્મથી મરણ સુધી સંગ્રામમય જ છે. માણસની જડપ્રકૃતિ અને આધ્યાત્મિક પ્રકૃતિ આ બે વચ્ચે સંગ્રામ ચાલ્યા જ કરે છે. જો આપણે આપણા આત્માનો અવાજ બરાબર સાંભળીએ તો આપણી જડ પ્રકૃતિ કે જે આપણને મિથ્યાત્વ તરફ ખેંચી જાય છે તેના પર વિજય મેળવી શકીએ. પ્રસિદ્ધ જૈન દાર્શનિક કુંદકુંદાચાર્ય કહે છે કે–આત્મા પોતે જ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, માર્ગસ્વરૂપ છે. આ આત્માનો સાક્ષાત્કાર કરો એટલે જીવનની સફલતા ને જીવનની સાર્થકતા થઇ ગણાય.

અહિંસા ધર્મ એટલે સનાતન–આત્મધર્મ. અહિંસા ધર્મના કેન્દ્રમાં શુદ્ધ અને વીતરાગ આત્મ-જ્યોતિ છે કે જેનો પ્રકાશ જગત્‌ના સર્વ ધર્મોનો પ્રકાશ છે. અહિંસા ધર્મ, જગત્‌ના સર્વ ધર્મોનો મુકુટમણિ છે.

## અનુભવવાણી

જગતને સુધારવું ભલે સહેલું ન હોય, પણ પોતાના જીવનને સુધારવું, હૃદયને ભાવભીનું રાખવું ને આત્માને જાગ્રત રાખવાનું કામ તો સહેલું છે ને ! જીવન સુધર્યું, હૃદય સહૃદય થયું ને આત્મા જાગ્રત રહ્યો, તો સમજવું કે જગત સુધર્યું ! જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ અનુભવવાણી છે.

[ બિંદુમાં સિંધુ ] —મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન-સૌંદર્ય

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ
( ગતવર્ષના પૃષ્ઠ ૧૭૫ થી શરૂ )

એટલું તો નિર્વિવાદ છે કે સૌંદર્યે પોતાનો વેશ અત્યાર સુધીમા ભજવ્યો છે તે કરતાં અધિકગણો મહાન વેશ ભવિષ્યમાં ભજવશે. આપણને જે મુશ્કેલી નડે છે તે એ છે કે મહાન ભૌતિક લાભો એટલા બધા લલચાવે એવા છે કે આપણે ઉચ્ચતર ગુણો પ્રત્યે દુર્લક્ષ જ રહીયે છીયે, અને આપણું જીવન ક્ષુદ્ર રીતે વહન કરીએ છીએ. આત્માની તૃષા તૃપ્ત કરનાર સૌંદર્ય સમાન એક પણ વસ્તુ દુનિયાની સપાટી પર નથી.

એક વૃદ્ધ મુસાફર પોતાની મુસાફરી વિષે લખતાં એક બનાવ વર્ણવે છે કે તેની મુસાફરી દરમિયાન તે એક વૃદ્ધ સ્ત્રીને મળ્યો હતો, જે સ્ત્રી એક શીશીમાંથી કંઈક પ્રવાહી વસ્તુ જમીન ઉપર છાંટતી હતી. જ્યારે શીશી ખાલી થઈ જતી ત્યારે તે ફરી વખત ભરીને પહેલાંની જેમ વારંવાર ર્ક્યા કરતો. જે મિત્રને તેણે આ વૃત્તાંત કહ્યો તેણે તેને કહ્યું કે તેને તે સ્ત્રીનો પરિચય છે અને તે સ્ત્રીને પુષ્પો ઉપર અપ્રતિમ સ્નેહ છે અને "રસ્તે ચાલતાં તું પુષ્પો વેરજે, કેમકે તારે તે જ રસ્તે થઇને ફરી વખત પસાર થવાનું નથી." એ વચનો પ્રમાણે તે વર્તતી હતી. તેણે કહ્યું કે જે જે પ્રદેશમાં તેણે મુસાફરી કરી છે તે તે પ્રદેશોનાં સૌંદર્યમાં પુષ્પ-બીજ વેરવાની તેની ટેવથી અત્યંત વધારો થયો છે. સૌંદર્ય પ્રસારવાના આ સ્ત્રીના અવિચ્છિન્ન પ્રયત્નથી અને તેના સૌંદર્ય પરના સ્નેહથી અનેક રસ્તાઓએ સુંદરતા અને નવીન સ્વરૂપ ધારણ ર્ક્યાં છે. જેમ જેમ આપણે જીવનપંથ પર આગળ વધીયે તેમ તેમ જો આપણે સૌંદર્યના સ્નેહને કેળવીયે અને સૌંદર્ય બીજ સર્વત્ર પાથરીએ તો આ પૃથ્વી અલ્પકાળમાં સ્વર્ગ-સમાન બની જાય.

સૌંદર્ય પારખવાની જે શક્તિ ઘણાખરા લોકોમાં બિલકુલ વિકાસ પામ્યા વગર દબાઈ જાય છે તે શક્તિને ખીલવવાને અને જીવન સૌંદર્યમય બનાવવાને વેકેશન કેવી સરસ તક છે ? કેટલાકને તો તે કુદરતના સૌંદર્ય અને લાવણ્યના નિવાસસ્થાનમાં જવા સમાન છે. તેઓ ખીણમાં, પર્વતોમાં, પુષ્પોમાં, ઝરાઓમાં અને નદીઓમાં જે વિભૂતિ અને મોહિની અનુભવે છે તે દેવોને પણ ચકિત કરે તેવી હોય છે. પરંતુ આ સૌંદર્ય અને વિભૂતિ દ્રવ્યથી અપ્રાપ્ય છે. જે લોકો તેને જુએ છે અને જેઓ તેની કીંમત જાણે છે તેઓને માટે તે વસ્તુઓ છે. કુદરતમાં જે સૌંદર્ય છે તેની ચમત્કારિક શક્તિનું તમને કદિ ભાન થયું છે ? જો ન થયું હોય તો તમે આનંદ પ્રાપ્ત કરવાનો ખરે-ખરો પ્રસંગ ખોયો છે.

સુંદર ચારિત્ર્ય, લાવણ્યમય રીતભાત, આકર્ષક અને રમ્ય આકૃતિ, દિવ્ય વર્તન, એ સર્વના આપણે જન્મથી અધિકારી છીએ, છતાં પણ આપણામાંના કેટલા બધા બાહ્ય દેખાવમાં કુરૂપ અને વર્તનમાં કઠોર અને કર્કશ હોય છે ? જો આપણે બાહ્ય દેખાવને સૌંદર્યસંપન્ન કરવા ઇચ્છતા હોઇએ તો પહેલાં આપણે અભ્યંતરને સુંદર બનાવવું જોઇએ, કેમકે આપણા પ્રત્યેક વિચાર અને વ્યાપાર આપણી પ્રકૃતિની નાજુક રેખાઓને સુરૂપ અથવા કુરૂપ કરે છે. નાશકારક અને વિષમ માનસિક વૃત્તિયો સુંદરમાં સુંદર આકૃતિને કુરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી મૂકે છે; મન તેની ઇચ્છા મુજબ સુરૂપતા અથવા કુરૂપતા રચી શકે છે. બાહ્યસૌંદર્યને માટે ઉદાત્ત અને ઉમદા સ્વભાવ એ ખાસ અગત્યની વસ્તુ છે. તેનાથી ઘણા માણસોના ચહેરા બદલાઇ ગયેલા જોઇએ છીએ. ખરાબ ઇર્ષાળુ સ્વભાવથી સૌથી સુંદર ચહેરો પણ વિરૂપ થઇ જાય છે. જે સૌંદર્ય સુંદર ચારિત્ર્ય ઉત્પન્ન કરે છે તેના જેવું અન્ય સૌંદર્ય જ નથી. અસદ્વિચારો સેવવાની ટેવના પરિણામે સ્વાર્થ-પણાની, ઇર્ષાની, ચિંતાની અને માનસિક અસ્થિરતાની જે રેખાઓ પડેલી હોય છે તે કોઇ પણ પ્રકારના કૃત્રિમ સાધનોથી ભૂંસાતી નથી.

આંતર સૌંદર્ય જ અતિ ઉપયોગી છે. જો પ્રત્યેક મનુષ્ય આંતર સૌંદર્ય ખીલવે તો તે બાહ્યાભ્યંતર સુંદર થશે એ સંદેહ વગરની વાત છે. આનાથી તેની આસપાસ જે સૌંદર્ય અને રમ્યતા પથરાય છે તેની સાથે સરખાવતા કેવળ શારીરિક સૌંદર્ય કંઇ હિસાબમાં નથી. આપણે એવા ઘણા માણસોના પરિચયમાં આવીએ છીએ કે જેઓના સ્વત્વના સૌંદર્યથી આપણે તેઓને આધીન થઇ જઇએ છીએ. આનું કારણ એ જ છે કે તેઓના શરીરદ્વારા પ્રદર્શિત થતા તેઓના સુંદર આત્માના ગુણોએ શરીરને પોતાની જેવું બનાવી દીધું છે. સૌંદર્યસંપન્ન આત્મા શરીરને સૌંદર્યથી વિભૂષિત કરે છે.

શરીરની અથવા આકૃતિની સુંદરતા કરતાં આત્માની શ્રેષ્ઠ સુંદરતા દરેક માણસને વધારે સરળતાથી પ્રાપ્ત થઇ શકે તેવી છે. હૃદયસૌંદર્ય અને આત્મસૌંદર્યના વિચારોનું મનમાં નિરંતર રમણ થવાથી સાદામાં સાદી આકૃતિ સુંદર બને તે અશક્ય નથી. માયાળુ અને આનંદી વર્તન રાખવાથી અને સર્વત્ર આનંદ ફેલાવવાની ઇચ્છાથી ખરેખરું આંતર સૌંદર્ય પ્રાપ્ત થાય છે. અને આ સૌંદર્ય મુખ દ્વારા પ્રકાશમાન થઇને મુખા-કૃતિને સુંદર બનાવે છે. ચારિત્ર્યને સૌંદર્યથી અલંકૃત કરવાના તમારા યત્ન અને અભિલાષથી તમારું જીવન અવશ્ય સૌંદર્યસંપન્ન થશે અને બાહ્ય એ અંતરનો જ આવિર્ભાવ માત્ર હોવાથી તમારી મુખાકૃતિ અને રીતભાત તમારા વિચારોને જ અનુસરશે અને અંતે મધુર અને ચિત્તાકર્ષક થશે. જો તમે સૌંદર્યના વિચારોનું, પ્રેમના વિચારોનું તમારા મનમાં નિરંતર આગ્રહપૂર્વક સેવન કરશો તો તમે જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં માધુર્ય અને ઐક્યની એવી સુંદર છાપ પાડી શકશો કે તમારી શારીરિક વિરૂપતા કોઇના ધ્યાનમાં પણ આવશે નહિ. આપણે સુંદર શરીરની, સુંદર મુખાકૃતિની પ્રશંસા કરીએ છીયે; પરંતુ સુંદર આત્માથી તેજસ્વી થયેલી મુખાકૃતિ પર આપણને સ્નેહભાવ ઉપજે છે, આપણને તેના પર પ્રેમ ઊપજે છે, કેમકે તે પૂર્ણ સ્ત્રી અથવા પુરુષના નમૂનારૂપ છે. આપણામાં આપણા મિત્રને માટે જે સ્નેહની લાગણી જાગ્રત થાય છે તેના બાહ્ય દેખાવથી નહિ પરંતુ આપણી આદર્શ મિત્રતાથી થાય છે.

પ્રત્યેક માણસે બને તેટલા સુંદર, આકર્ષક અને સંપૂર્ણ થવા પ્રયત્ન કરવો જોઇએ. ઉચ્ચતમ સૌંદર્ય મેળવવાની ઇચ્છામાં મિથ્યાભિમાનનો લેશ પણ અંશ નથી. માત્ર બાહ્ય દેખાવને સુંદર કરવાની વૃત્તિથી તેની ખરેખરી ઉપયોગિતા ભૂલી જવાય છે; કારણ કે અવ્ય-વસ્થિત અને વિરૂપ ચિત્ત અનંત સૌંદર્યને જોઇ શકતું નથી. આત્મસૌંદર્યથી જ સઘળી વસ્તુઓ સુંદર બને છે અને આપણે ઉચ્ચગામી અને ઉન્નત થઇએ છીએ. આપણે બાહ્ય સૌંદર્યને ચાહીએ છીએ અને તેથી જે પુરુષો અને વસ્તુઓ આપણા માનુષી આદર્શ સુધી પહોંચે છે તેઓની પ્રશંસા કર્યા વગર રહી શકતા નથી, પરંતુ સુંદર ચારિત્ર્યવાન પુરુષ પ્રતિકૂળ સંજોગોને પણ સૌંદર્યમય બનાવે છે, અંધકારથી વ્યાપ્ત સ્થાનને પ્રકાશિત કરે છે, અને અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં સૌંદર્યનું ભાન કરાવે છે.

જેઓ જીવનની મહત્તા સમજે છે અને જેઓ હંમેશાં જીવન-સૌંદર્ય દર્શાવવા મથે છે તેવા મહાત્માઓ ન હોત તો આ જગતનું શું થાત તે કહી શકાતું નથી. આવા સૌંદર્યના રચનાર કે જે દરેક સ્થળમાં

For Private And Personal Use Only

તેમજ દરેક સ્થિતિમાં સૌંદર્ય જ બતાવે છે, તેના વગર આપણાં જીવન કેવળ શુષ્ક અને સામાન્ય થઇ પડત.


સૌંદર્યની પરીક્ષા કરવાની શક્તિથી માણસને જે આનંદ, સંતોષ અને કલ્યાણ પ્રાપ્ત થાય છે તે કરતાં વધારે મનનાં બીજા કોઇ પણ ગુણથી પ્રાપ્ત થઇ શકે તેમ નથી. બાલ્યાવસ્થામાં જ સૌંદર્ય પારખવાની શક્તિનો વિકાસ થવાથી ઘણા માણસો દુષ્ટ કર્મ કરતાં અને પાપી જીવન વહન કરવામાં પ્રવૃત્ત થતાં અટકે છે. ખરેખરા સૌંદર્ય પરના સ્નેહને લઇને જે વસ્તુઓ બાળકોને પશુ સમાન અને કર્કશ બનાવે છે તે વસ્તુઓના પંજામાં સપડાતા અને અનેક લાલચોને વશ થતાં બચી જાય છે, પરંતુ મુશ્કેલી એ છે કે, માબાપો પોતાના બાળકોમાં પ્રથમથી જ સૌંદર્યની પ્રીતિનો અને તેને પારખવાની શક્તિનો વિકાસ કરવા માટે જોઇએ તેટલો શ્રમ લેતા નથી. તેઓ ભાગ્યે જ સમજે છે કે ગૃહની આસપાસના પ્રત્યેક વસ્તુ અને દિવાલ પરનાં ચિત્રો બાળકના ચારિત્ર્ય પર સચોટ સંસ્કાર પાડે છે. પોતાનાં બાળકોને કારીગરોના સુંદર નમૂનાઓ બતાવવાની અથવા મધુર સંગીત સંભળાવવાની એક પણ તક તેઓએ જવા દેવી જોઇએ નહિ. માબાપોએ પોતાના બાળકોને કોઇ ઉત્તમ કાવ્ય અથવા પ્રોત્સાહક ફકરાઓ વાંચી સંભળાવવાની અથવા તો તેઓની પાસે વંચાવવાની ટેવ પાડવી જોઇએ. આનાથી તેઓનાં મન સૌંદર્યના વિચારોથી ભરાશે અને જે દિવ્ય પ્રેમજ્યોતિ આપણી આસપાસ ફરી વળેલી હોય છે તેના પ્રવાહભણી તેઓના આત્માનું વલણ થશે. આપણી બાલ્યાવસ્થામાં જે સંસ્કારો પડે છે તેનાથી જ આપણું ચારિત્ર્ય અને આપણાં આખા જીવનનું સુખ ઘડાય છે.

જગત સુંદર વસ્તુઓથી ભરેલું છે, પરંતુ માનવજાતિનો મોટો ભાગ તે સઘળી વસ્તુમાં જોવાને અને તેની પરીક્ષા કરવાને કેળવાયેલ નથી. આપણી આસપાસ રહેલું સઘળું સૌંદર્ય આપણે જોઇ શકતા નથી, કેમકે તે જોવાને આપણે આપણી દૃષ્ટિને કેળવેલી નથી અને સૌંદર્યને પારખવાની આપણી શક્તિનો વિકાસ થયેલો નથી. દ્રવ્યપ્રાપ્તિની સ્વાર્થી ઘેલછામાં આપણે જેટલું ગુમાવીએ છીએ તેનો વિચાર કરો. રસ્કિને જે ચમત્કાર સૂર્યાસ્તમાં જોયો તે જોવાને તમે પણ શક્તિમાન થાઓ એમ શું તમે ઇચ્છતા નથી ? તમારા સ્વભાવને કઠોર અને કર્કશ થવા દેવાને બદલે, સૌંદર્ય પારખવાની તમારી શક્તિઓને ગુપ્ત રહેવા દેવાને બદલે, હલકી વસ્તુઓ મેળવવા જતાં તમારી ઉચ્ચતર વૃત્તિઓને નષ્ટ થવા દેવાને બદલે, અને અધિક દ્રવ્ય પ્રાપ્ત કરવાને દુનિયામાં માર્ગ કરવાની તમારી અધમ વૃત્તિને ખીલવવાને બદલે તમે તમારા જીવનને અધિક સૌંદર્યથી ભર્યું હોય તો સારું એમ શું તમે નથી ઇચ્છતા ?

સૌંદર્યને જોવાની અને જીવનને સૌંદર્યથી વિભૂષિત કરવાની કળામાં જેણે શિક્ષણ લીધું છે તે જ ખરો ભાગ્યશાળી અને સુખી ગણાય છે. તેનો તે અધિકાર એવા પ્રકારનો છે કે તેનાથી તેને રહિત કરવા કોઈ પણ માણસ સમર્થ નથી; તો પણ જે માણસો આત્માના, નેત્રના અને હૃદયના ઉચ્ચતર ગુણોને ખીલવવાનું કામ વહેલું શરૂ કરવાનો પરિશ્રમ લે છે તે સર્વને તે અધિકાર સુલભ છે, તો તે અધિકારની પ્રાપ્તિ માટે કરવા જોઇતા પરિશ્રમનો આરંભ કરો અને તમારા જીવનને બાહ્યાંતર સૌંદર્યથી ભરો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આબૂ તીર્થ

મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

नागेन्द्रचंद्रप्रमुखैः प्रणितप्रतिष्ठा-
श्रीनाभिसंभवजिनाधिपतिर्यदीयम् ।
सौवर्णमौलिरिव मौलिमलंकरोति,
श्रीमन्तमर्बुदगिरिं प्रयतः स्तवीमि ॥१०॥
(આ. સોમસુંદરસૂરિજીનો અર્બુદકલ્પ, સં. ૧૪૮૦)

આબૂ પહાડ ઉપર દેલવાડા, અચળગઢ અને ઓરિયા એમ ત્રણ સ્થળોમાં જૈન દેરાસર છે. દેલવાડાનાં મંદિર ભવ્ય છે, વિશાળ છે, જે **તીર્થ**સ્થાન મનાય છે. અહીં ૫ દેરાસર છે, જેમાં વિમલવસહિ અને લૂણિગવસહિ મુખ્ય છે.

## ૧-વિમલવસહિ

પાટણના શેઠ **નીના** પોરવાડના **મંત્રી-વંશ**માં થએલ ગુજરાતના મહામાત્ય **વીર**ને ૩ પુત્રો હતા. ૧-નેઢ, **૨-વિમલ** અને ૩-ચાહિલ.

વિમલ બહુ બાહોશ હતો, અમોઘ બાણાવળી હતો, તે પ્રથમ ગુજરાતનો વડો સેનાપતિ બન્યો અને ધીરે ધીરે આગળ વધી ચંદ્રાવતીનો દંડનાયક પણ બન્યો. તે જિંદગીના અંતિમ દિવસોમાં શાંતિ માટે ચંદ્રાવતીમાં રહેવા લાગ્યો. અહીં તેણે આ૦ **ધર્મઘોષ**સૂરિને ચોમાસું કરાવ્યું. તેઓનું વ્યાખ્યાન સાંભળી પોતાને યુદ્ધમાં લાગેલા પાપોનું પ્રાયશ્ચિત્ત આપવા વિનતિ કરી. આચાર્યશ્રીએ જણાવ્યું કે-મંત્રી ! તું **આબૂ** તીર્થનો ઉદ્ધાર કર. તું શક્તિવાળો છે. એ કરવાથી તારાં પાપોની શુદ્ધિ થશે. આ તરફ મંત્રીએ અંબિકાદેવીનું આરાધન કરી "એક તો મને પુત્ર થાય અને બીજું હું આબૂ તીર્થનો ઉદ્ધાર કરું." એમ બે વરદાન માગ્યાં. દેવીએ બેમાંથી કોઇ પણ એક વરદાન માગવાને કહ્યું. મંત્રીએ પોતાની પત્ની **શ્રીદેવી**ની સલાહથી તીર્થોદ્ધારનું વરદાન માગ્યું અને અંબિકાદેવીએ કહ્યું: **तथास्तु**.

મંત્રી વિમળશાહે રાજા ભીમદેવ, રાજા ધંધૂક અને મોટાભાઇ નેઢની આજ્ઞા લઇ આબૂ ઉપર જિનાલય બનાવવાનું નક્કી કર્યું. પણ ત્યાં બ્રાહ્મણોનો વસવાટ હતો, બ્રાહ્મણોની જમીન હતી, તેઓ જૈન દેરાસર બને તેના વિરોધમાં હતા, એટલે જમીન આપવાને તૈયાર જ ન હતા. મંત્રી ધારે તો રાજસત્તાથી મફતમાં જમીન લઇ શકે તેમ હતું, પરંતુ તે "ધર્મકાર્યમાં રાજસત્તાના દબાવ કે પ્રભાવનો ઉપયોગ કરવા" તૈયાર જ ન હતો. તે બ્રાહ્મણોને ખુશ રાખી ધર્મકામ કરવાનું માનતો હતો. એક દિવસે મંત્રીને સ્વપ્ન આવ્યું કે અમુક સ્થાને ચંપાના ઝાડ નીચે ખોદજે, તે મુજબ ખોદવાથી તેને ત્યાંથી ભગવાન ઋષભદેવની પ્રતિમા મળી આવી. સાથોસાથ એક લોકવાયકા હતી કે-આબૂ પર પ્રાચીનકાળમાં **નંદિવર્ધન તીર્થ** હતું તે પણ સાચી પડી.

બ્રાહ્મણોએ મંત્રીને જણાવ્યું કે-તમો જમીન ઉપર અશરફી પાથરો. જેટલી જમીન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પાથરશો તે જમીન તમારી અને અશરફી અમારી. અહીં આ રીતે જમીન મળશે. મંત્રી વિમળશાહે પણ વિચાર્યું કે અશરફી તો ગોળ હોય છે અને સાથેસાથે પાથરતાં વચમાં ખાલી જગા રહે છે. દેરાસરના કામમાં એટલી ઓછી રકમ આપવી તે પણ ન્યાય નથી. તેણે તુરત જ નવી **ચોખંડી** અશરફી ઢળાવી, તે પાથરી તેના બદલામાં જમીન લીધી. તે જમીનની કિંમત એક અશરફીના ૨૫) રૂપિયા એ હિસાબે ૪,૫૩,૬૦,૦૦૦ રૂપિયા થાય. બ્રાહ્મણો એ રકમ લઇ રાજી થયા અને બીજા શહેરમાં જઇ વસ્યા.

મંત્રી વિમલશાહે તે જમીનમાં ૧૪૦ ફૂટ લાંબું, ૯૦ ફૂટ પહોળું, ૫૪ દેરીઓવાળું ભવ્ય જિનાલય બનાવ્યું. આબૂમાં દર છ મહિને ભૂમિકંપ થાય છે એટલે દેરાસરનું શિખર નાનું બનાવ્યું.

આ દેરાસરમાં રંગમંડપ અને દેરીઓની છતમાં આરસના મોટા મોટા ગુંબજો ગોઠવ્યા છે, ઝુમર ઉતાર્યાં છે, છતોમાં મનુષ્ય સ્ત્રી પશુ પક્ષિ દેવ-દેવી સરસ્વતી હંસવાહિની લક્ષ્મી અભિષેકવાળી લક્ષ્મી ગજવાહિની ૫-કલ્યાણકો ૧૪-સ્વપ્નાં દિક્કુમારીમહોત્સવ અભિષેક દીક્ષાનો વરઘોડો લોચ કાયોત્સર્ગ સમોસરણ ૩-ગઢ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા અયોધ્યા તક્ષશિલા ભરતબાહુબલીનાં ૬ યુદ્ધો દીક્ષા ભગવાન નેમિનાથની જાન ભગવાન શાંતિનાથનો મેઘરથનો ભવ નેમિનાથનો વિવાહ જીવનઘટના આર્દ્રકુમારનો ગજઉપદેશ ગુરુજી ગુરુભક્તિ ગુરુવંદન ગુરૂઉપદેશ ઠવણી વ્યાખ્યાનસભા અવનતમુદ્રા વાસક્ષેપદાન નમસ્કારમુદ્રા ચૈત્યવંદનમુદ્રા કાયોત્સર્ગમુદ્રા પંચાંગપ્રણિપાત અષ્ટાંગપ્રણિપાત પૂજા માટે ગમન ફૂલમાલા કૃષ્ણવાસુદેવની જીવનઘટનાઓ કાલીયનાગદમન નાગનાગિણી ચાણૂરમલ્લયુદ્ધ નૃસિંહઅવતાર શેષનાગશય્યાશયન વગેરે અનેક ઘટનાઓ આરસમાં કોતરી ગોઠવી છે. આરસને એવી રીતે કંડાર્યાં છે કે જોનારને તે કોતરેલા કાગળ જ લાગે. તેનું નકસીકામ એવું ઝીણવટવાળુ છે કે સારામાં સારો ચિત્રકાર પણ તેની નકલ ન જ કરી શકે. આકૃતિઓ પણ હૂબહૂ ઉતારી છે. અજોડ ભારતીય ચિત્રશાલા ઊભી કરી છે. આ દેરાસરને તૈયાર કરવામાં ૧૮,૫૩,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ દેરાસરના કામમાં ત્યાંનો ક્ષેત્રદેવ વાલીનાહ અડચણ કરતો હતો. મંત્રીશ્વરે તેને નિવેદ અને સાત્વિક બળથી અનુકૂળ કર્યો હતો.

વિમલશાહે ભ૦ ઋષભદેવની પિત્તલની નવી ભવ્ય પ્રતિમા બનાવી હતી અને ત્યાં પહાડ પર મળી આવેલ ભ૦ ઋષભદેવની પ્રાચીન પ્રતિમાને ૨૦મી દેરીમાં બેસાડી હતી.

મંત્રી વિમલશાહે પ્રતિષ્ઠા પર નાગેન્દ્ર, ચંદ્ર, નિર્વૃત્તિ અને વિદ્યાધર એ પ્રધાન ગચ્છો તથા પેટા ગચ્છના આચાર્યોને પધરાવ્યા, ચારે સંઘને આમંત્રણ આપ્યું, મહારાજા રાજા રાણક માંડલિક જૈન અજૈન સૌને નોતર્યા. તે વિદ્યાધર ગચ્છનો શ્રાવક હતો અને આ૦ ધર્મઘોષસૂરિના ઉપદેશથી આ તીર્થોદ્ધાર કરાવ્યો હતો. એ રીતે તે એ આચાર્યનો ભક્ત હતો.

મંત્રી વિમલશાહે સં૦ ૧૦૮૮ માં આ દેરાસરમાં ચાર ગચ્છના આચાર્યોના કરકમલથી ભ૦ ઋષભદેવ વગેરેની પ્રતિષ્ઠા કરાવી છે.*

---

* **चहुं आयरीहिं पइट्ठिय, बहु भार भरंत ॥**
(સં. ૧૨૮૯નો આબૂરાસ)

સં. ૧૪૦૫નો આ. રાજશેખરનો પ્રબંધકોષ, સં. ૧૪૬૬ની આ. મુનિસુંદરસૂરિની ગુર્વાવલી શ્લો૦ ૫૨, સ ૧૪૮૦નો આ. સોમસુંદરસૂરિનો અર્બુદકલ્પ, સં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આ પ્રતિષ્ઠાનો દિવસ એવા આનંદમાં પસાર થયો કે સૌને તેનો સ્વાદ રહી ગયો. સૌ કોઈ પોતાને માટે વિમલ શ્રી સુપ્રભાતમ્ એવી ભાવના લઈને વિદાય થયા+ ત્યારથી આ સ્થાન દેલવાડા તરીકે જાહેર થયું.×**

---

૧૬૨૨નો પં. કુલસાગરગણીનો ઉપદેશસાર વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં સં. ૧૦૮૮માં ચાર આચાર્યોના હાથે પ્રતિષ્ઠા થયાના ઉલ્લેખો છે. પં. જિનહર્ષ સં. ૧૪૯૭ના વસ્તુપાલચરિત્ર પ્ર૦ ૮માં ચંદ્રગચ્છના આ. રત્નસિંહના હાથે પ્રતિષ્ઠા બતાવે છે.

પ્રાચીનકાલમાં મોટી જિનપ્રતિષ્ઠાઓ કે તીર્થ-પ્રતિષ્ઠાઓ ચારે કુલના આચાર્યોના કરકમલથી કરાવાતી હતી, જે તત્કાલીન સંઘવાદ અને જૈન એકતાનું પ્રતિક છે.

+ વિમલશાહે પોતાની પત્ની શ્રીદેવીના નામથી શ્રીપુર 'સીરોત્રા' વસાવ્યું છે.

× પૂ. શાંતમૂર્તિ મુ. મ. શ્રી જયન્તવિજયજીએ આબૂના પ્રદેશમાં વિચરી અતિપરિશ્રમથી આબૂતીર્થનો ઇતિહાસ પાંચ ભાગમાં તૈયાર કર્યો છે. તેમજ "વિમલ-વસહિના પ્રતિષ્ઠાપક કોણ?" લેખ લખી એ અંગે પણ સુંદર પ્રકાશ પાડ્યો છે, તેનો સાર આ પ્રમાણે છે–

ખરતરગચ્છની પટ્ટાવલીઓ સંવિગ્નવિહારક આ. વર્ધમાનસૂરિના ઉપદેશથી અને કરકમલથી વિમલ-વસહીની પ્રતિષ્ઠા બતાવે છે, તે ઇતિહાસથી સિદ્ધ થતી નથી, તેમાં નીચે મુજબ કારણો છે–

(૧) એ પટ્ટાવલીઓ વિક્રમની પંદરમી શતાબ્દી પછીની છે. ગચ્છની મમતાથી ઉપર્યુક્ત લખાણ લખાયું હોય એ બનવાજોગ છે. અંચળગચ્છની મોટી ગુજરાતી પટ્ટાવલી પૃ. ૧૭૦માં લખ્યું છે કે–અંચલગચ્છના પેટા ગચ્છ શંખેશ્વર ગચ્છની વલભીશાખાના આ. સોમપ્રભ-સૂરિએ સં. ૧૦૮૮માં વિમલવસહીની પ્રતિષ્ઠા કરી છે. વગેરે વગેરે

(૨) ખરતરગચ્છના પં. રામલાલજી ગણી મહાજન-વંશમુક્તાવલીમાં લખે છે કે–બીકાનેરના કુલગુરુ–મહાત્માઓ અને વહીવંચાઓએ શ્રીમાન આ. જિન-ચંદ્રસૂરિજીનું સ્વાગત કર્યું નહીં. આથી મંત્રી કર્મ-ચંદજી બછાવતે તેઓના ચોપડા અને વંશાવલીઓનો વિનાશ કરાવ્યો. પછી નવી પટ્ટાવલીઓ તથા નવા વહીવંચાના ચોપડાઓ તૈયાર કરાવ્યા.

આ ઘટના જો સાચી હોય તો ખરતરગચ્છની પટ્ટાવલીઓ પ્રાચીન પ્રમાણોના આધારે નહીં કિન્તુ સમકાલીન ગુરુપરંપરાની મૌખિક વાતો અને દંતકથાઓ-ને આધારે લખેલી મનાય.

(૩) એ પટ્ટાવલીઓમાં વિમલવસહીના મૂલનાયકની પ્રતિમા શાની બની છે એ અંગે મતભેદ છે તેમજ મંત્રી વિમલને નવો જૈન બનાવવામાં આવ્યો હોય એવી રીતે ચીતર્યો છે.

(૪) ખરતરગચ્છ સિવાયના કોઈ પ્રબંધો, ઐતિ-હાસિક ગ્રંથો કે પટ્ટાવલીઓમાં આ૦શ્રી વર્ધમાનસૂરિના હાથે પ્રતિષ્ઠા થયાનો ઇસારો પણ નથી.

(૫) આ. ઉદ્યોતનસૂરિએ સં. ૯૯૪માં ૮ આચાર્યો બનાવ્યા. વિમલશાહે સં. ૧૦૮૮માં પ્રતિષ્ઠા કરાવી. આ બન્નેની વચ્ચે ૯૪ વર્ષનો ગાળો છે.

(૬) ખરતરગચ્છના મહાન ઐતિહાસિક આ૦ જિનપ્રભસૂરિએ પણ વિવિધ તીર્થકલ્પના અર્બુદકલ્પમાં આ. વર્ધમાનસૂરિએ મંત્રી વિમલશાહને ઉપદેશ્યો કે વિમલવસહિની પ્રતિષ્ઠા કરાવી એવું કંઇ લખ્યું નથી.

પુરાતત્ત્વપ્રેમી શ્રી અગરચંદ નહાટાના ઐતિહાસિક જૈનકાવ્યસંગ્રહ પૃ. ૪૫ની ખરતરગચ્છ પટ્ટાવલી ગા૦ ૧૪, ૧૫, ૧૬માં આ. વર્ધમાનસૂરિના પટ્ટધર આ. જિનેશ્વરસૂરિને વિ. સં. ૧૦૨૪માં ગુજરાતના રાજા દુર્લભરાજની સભામાં ખરતર બિરુદ બતાવ્યું છે. ત્યારબાદ આચાર્યશ્રી શું ૬૪ વર્ષ વિદ્યમાન રહ્યા છે? (જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૪૪)

આ પ્રમાણોથી સ્પષ્ટ છે કે–વિમલવસહીની પ્રતિષ્ઠા આ૦ વર્ધમાનસૂરિએ કરી નથી. બીજા સબળ પુરાવા-ઓથી નક્કી છે કે–૪ ગચ્છના આચાર્યોએ તે પ્રતિષ્ઠા કરી છે. ત્યારે રાજગચ્છના આચાર્યો ચંદ્રગચ્છના આચાર્ય તરીકે ઉપસ્થિત હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મશાંતિના ખોજી અને ભારતીય કલાના ઉપાસક માટે આ દેરાસર આજે પણ તીર્થધામ છે. જૈનો આ સ્થાનને ખૂબ ગૌરવવાળું માને છે તેમ કલાધરો પણ આ સ્થાનની પ્રશંસા કરતા ધરાતા નથી.

વિમલવસહિના જીર્ણોદ્ધાર અનેક થયા છે.

મહામાત્ય વીરના વંશજ **દશરથે** સં. **૧૨૦૧** માં તેની ૧૦મી દેરીનો ઉદ્ધાર કરાવ્યો, તેમાં ભ૦ નેમિનાથની પ્રતિમા બેસાડી તથા એક મોટા આરસના પત્થરમાં પોતાના પૂર્વજો શેઠ નીનાથી પોતાની સુધીના ૮ પુરુષોની મૂર્તિ કોતરાવી છે.

એ જ વંશના ગુજરાતના મહામાત્ય **પૃથ્વીપાલે** સં. **૧૨૦૪** થી **૧૨૦૬** માં રાજગચ્છના આ. **ચંદ્રસૂરિ**ના ઉપદેશથી વિમલવસહિની ઘણી દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો, નવી હસ્તિશાળા બનાવી, તથા તેમાં વિમલમંત્રી ઘોડા ઉપર અને શેઠ નીનાથી પોતે સુધીના ૭ પુરુષોને પાછલા ૭ હાથીઓ ઉપર બેસાડ્યા છે.

તેના નાના પુત્ર મહામાત્ય **ધનપાલે** સં. ૧૨૪૫માં વિમલવસહિનો પૂરો જીર્ણોદ્ધાર કરાવી દરેક દેરીઓમાં નવી જિનપ્રતિમાઓ ભરાવી બિરાજમાન કરી છે. તેણે પોતાના કુટુંબની ૨૪ તીર્થંકરોની પ્રતિમા ભરાવી છે. બીજા જૈનોએ બીજી બીજી પ્રતિમાઓ ભરાવી છે. દરેકની પ્રતિષ્ઠા કાશહ્રદ ગચ્છના આ. સિંહસૂરિ તથા જુદા જુદા ગચ્છના જુદા જુદા આચાર્યોએ કરી છે. મહામાત્ય ધનપાલે સં. ૧૨૩-માં હસ્તિશાલામાં ૩ હાથીઓ ઉપર પોતે બે ભાઈ તથા પોતાના પુત્ર નરપાલની મૂર્તિઓ બેસાડી છે.

અલ્લાવદ્દીન ખીલજી જાલોર જીતીને આબૂ આવ્યો હતો. તેણે ત્યારે સં. **૧૩૬૮** માં વિમલવસહિ તથા લૂણગવસહિનાં દેરાસર તોડ્યાં, પ્રતિમાઓને ભાંગી અને ઘણાં નકશીકામનો વિનાશ કર્યો છે.

આથી ધર્મઘોષ ગચ્છના આ. **જ્ઞાનચંદ્રસૂરિ**ના ઉપદેશથી મંડોવરના શેઠ ગોસલના પુત્ર **વીજડ** વગેરે છ ભાઈઓ અને મહણસિંહના પુત્ર લાલિગ વગેરે ૩-ભાઈઓ એમ ૯ ભાઈઓએ સં. ૧૩૭૮માં વિમલવસહિનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેઓએ ત્યારે **ગભારો** અને ગૂઢમંડપ સાદા જ બનાવ્યા હતા. પ્રતિષ્ઠા કરાવી અને શેઠ ગોસલ તેની પત્ની ગુણદેવી, શા મહણસિંહ તથા તેની પત્ની મીણલદેવીની મૂર્તિઓ બનાવી સ્થાપી છે.

વિમલવસહિ તથા લૂણગવસહિનો છેલ્લો જીર્ણોદ્ધાર અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શરૂ કરેલ છે. લગભગ ૨૨ લાખ રૂપિયાનો ખરચ છે અને હજી કાર્ય ચાલુ છે.

વિમલવસહિમાં આજે અનેક જિનપ્રતિમાઓ છે. આ. જ્ઞાનચંદ્રના પટ્ટધર આ. મુનિશેખરની સં. ૧૩૯૬માં પ્રતિષ્ઠાપિત મૂર્તિ તથા મહોપાધ્યાય શ્રી લબ્ધિસાગર પ્રતિષ્ઠાપિત સં. ૧૬૬૧ની જગદ્ગુરુ આ. **શ્રીવિજયહીરસૂરિ**ની મૂર્તિ વગેરે ગુરુપ્રતિમાઓ છે. જગદ્ગુરુજીની પ્રતિમાના પરિકરમાં બે બાજુ બે મુનિઓ અને તેઓની નીચે બે શ્રાવકો બેઠા છે. મંત્રી વિમલશાહના વંશના શા અભયસિંહના પુત્ર-પૌત્રોએ સં. ૧૩૯૪ માં પ્રતિષ્ઠાપેલ **અંબિકા** દેવીની પ્રતિમા છે. અહીં લક્ષ્મીદેવીની પ્રતિમા છે, હસ્તિશાલામાં ગજારૂઢ શ્રાવકોની મૂર્તિ અને છતમાં વિવિધ કોરણીવાળું સ્થાપત્ય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

સકલ જિણંદ મુણીંદની, પૂજા સત્તર પ્રકાર;
શ્રાવક શુદ્ધ ભાવે કરે, પામે ભવનો પાર...૧

જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ;
રાયપસેણી ઉપાંગમેં, હિતસુખ શિવફલ તાજ...૨

નવણ વિલેપન વસ્ત્રયુગ્મ, વાસ ફૂલ વરમાલ;
વરણ ચુન્ન ધ્વજ શોભતી, રત્નાભરણ રસાલ...૩

સુમનસ ગૃહ અતિ શોભતું, પુષ્પ ધરા મંગલિક;
ધૂપ ગીત નૃત્ય નાદશું, કરત મીટે સબ ભીક...૪

**અર્થ :**—સર્વ મુનિમાં ઇન્દ્ર સમાન એવા તીર્થંકરદેવ પ્રભુની સત્તરપ્રકારી પૂજા શ્રાવકો શુદ્ધ ભાવે કરે છે, જેથી ભવનો પાર પામી શકે છે. શ્રી તીર્થંકર પ્રભુની ત્રિપદી પામ્યા પછી ગૌતમાદિ ગણધરે દ્વાદશાંગી રચી. તેમાં પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ દ્વાદશાંગી રચતાં છઠ્ઠા જ્ઞાતાસૂત્ર નામના અંગમાં (આગમમાં) દ્રૌપદીએ શ્રી જિનપૂજા કરી છે તેનું વર્ણન કર્યું છે. વળી રાયપસેણી નામના ઉપાંગ સૂત્રમાં સૂર્યાભ નામના દેવે જિનપૂજા કરી છે, તેનું વર્ણન આવે છે. એ જિનપૂજાથી આત્માનું સાચું હિત–સાચું સુખ અને શ્રેષ્ઠ એવું મોક્ષફળ પ્રાપ્ત થાય છે. એવા પૂજાના લાભ બતાવ્યા છે. હવે પૂજાના સત્તર ભેદ બતાવે છે, તે આ પ્રમાણે—

૧. ન્હવણ પૂજા. ૨. વિલેપન પૂજા. ૩. વસ્ત્રયુગ્મ એટલે બે વસ્ત્રોની પૂજા. ૪. ગંધપૂજા. ૫. પુષ્પારોહણ પૂજા. ૬. પુષ્પમાલા પૂજા. ૭. આંગી રચના. ૮. ચૂર્ણ પૂજા. ૯. ધ્વજ પૂજા. ૧૦. શ્રી આભરણ પૂજા. ૧૧. પુષ્પગૃહ. ૧૨. ફૂલના વરસાદની પૂજા. ૧૩. અષ્ટમંગલ પૂજા. ૧૪. ધૂપ પૂજા. ૧૫. ગીત પૂજા. ૧૬. નાટક પૂજા. ૧૭. વાજિંત્ર પૂજા.

એવી રીતે સત્તરપ્રકારી પૂજાનું વર્ણન ગણધરરચિત અંગ સૂત્રમાં ત્યાર પછીના રાયપસેણી આદિ ઉપાંગસૂત્રમાં બહુ શ્રુતધરોએ વર્ણન કર્યું છે. એવી પૂજા દ્રવ્યભાવથી કરતાં–સાત પ્રકારના ભય, સાત પ્રકારની ઇતિઓ વિગેરે મટી જાય છે, ઉપદ્રવ નાશ થાય છે. ભયના નામો આ પ્રમાણે છે—૧. ઇહલોક ભય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. પરલોક ભય. ૩. આદાન ભય. ૪. અકસ્માત ભય. ૫. અપકીર્તિ ભય. ૬. આજીવિકા ભય. ૭. મરણ ભય. વિગેરે. હવે પછી એકેક પૂજાનું વર્ણન–દુહા–ઢાળ–અર્થપૂર્વક કહેવાશે.

### પ્રથમ ન્હવણ પૂજાના દુહા

શુચિતનું વદન વસન ધરી, ભરે સુગંધ વિશાલ;
કનક કલશ ગંધોદક, આણી ભાવ વિશાલ...૧

નમન પ્રથમ જિનરાજકું, મુખ બાંધી મુખકોશ;
ભક્તિ યુક્તિ સે પૂજતાં, રહે ન રંચક દોષ...૨

**અર્થ :**—દ્રવ્યસ્નાનથી શરીર પવિત્ર કરવું. વસ્ત્રશુદ્ધિ–મુખશુદ્ધિ ધારણ કરી સુવર્ણના કલશોમા પંચામૃતરૂપ જળ ભરવું. અનેક સુગંધી પદાર્થોથી જળને મિશ્રિત કરવું અને ઘણા વિશાળ ભાવ આદરી, પ્રથમ જિનરાજને નમસ્કાર કરી અષ્ટ પડવાળો મુખકોશ બાંધી, ભક્તિ યુક્તિપૂર્વક પ્રભુની જળપૂજા કરવી. જે પ્રભુની જળપૂજા કરતાં દોષનો અંશ રહે નહિં, સર્વ દોષો નાશ થતાં–ગુણનો પ્રકાશ થતાં "પૂજક" દ્રવ્યભાવ પૂજાનો લાભ અપૂર્વ રીતે મેળવી શકે છે.

### પ્રથમ જળપૂજા ઢાળપૂર્વક કહે છે

રાગ–ખમાચ–તાલ–પંજાબી ઠેકો. માન તું કાહે પેં કરતા.

માન મદ મનસે પરહરતા, કરી નવણ જગદીશ–માન૦
સમકિતની કરણી દુઃખહરની, જિન પખાલ મનમેં ધરતા;
અંગ ઉપાંગ જિનેશ્વર ભાખી, પાપ પડલ જરતા...કરી૦...૧

કંચન કલસ ભરી અતિ સુંદર, પ્રભુ સ્નાન ભવિજન કરતા;
નરક વૈતરણી કુમતિ નાસે, મહાનંદ પદ વસતા...કરી૦...૨

કામ ક્રોધકી તપ તમી ટાળે, મુક્ત પંથ સુખ પગ ધરતા;
ધર્મકલ્પતરુ કંદ સિંચતા, અમૃત ઘન ઝરતા...કરી૦...૩

જન્મ મરણકા પંક પખારી, પુણ્ય દશા ઉદય કરતા;
મંજરી સંપદ તરુ વર્ધનકી, અક્ષયનિધિ ભરતા...કરી૦...૪

મનકી તપ્ત મિટી સબ મેરી, પદકજ ધ્યાન હૃદે ધરતા;
આતમ અનુભવ રસમેં ભીનો, ભવસમુદ્ર તરતા...કરી૦...૫

**અર્થ :**—શ્રી જિનેશ્વર પ્રભુનું નવણ કરીને માન–મદ મનથી પરિહરો. જગદીશ એટલે ત્રણ જગતના સ્વામી તીર્થંકર દેવની જળપૂજા સમકિત કરનારી છે. અથવા તો સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોની ખાસ કરણી છે. દુઃખને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરણ કરનારી છે. વળી આ પૂજા ગણધરરચિત અંગરૂપ આગમોમાં, રાયપસેણીરૂપ ઉપાંગોમાં જિનેશ્વરોએ ભાખેલી વર્ણન કરવામાં આવી છે. એવી જળપૂજાથી પાપરૂપી કચરો ધોવાઈ જાય છે. આ પૂજા કંચન વિગેરે ધાતુથી બનેલા કલશમાં પંચામૃત યુક્ત નીર ભરી ભવ્ય જીવો કરે છે. તે પૂજાના ફળ દર્શાવતાં કહે છે કે-વૈતરણી નદીથી પ્રાપ્ત થતાં નરકના દુઃખ અને કુમતિઓ નાશ થાય છે. પૂજકો મહાઆનંદને ધારણ કરે છે. વળી આ પૂજા કામ ક્રોધરૂપી ભાવ ગરમી મટાવી દે છે. મુક્તિના પંથમાં સુખપૂર્વક પગલાં ધારણ કરાવે છે. ધર્મરૂપી વૃક્ષના મૂળ સિંચાવે છે. વળી અમૃતરૂપ જળના સમૂહ વરસાવે છે. જન્મમરણના દુઃખરૂપી કાદવને ધોવરાવી નાંખે છે. “પુન્ય દશા વધારે છે” વળી આ પૂજા ધર્મરૂપી કલ્પવૃક્ષની વૃદ્ધિમાં ભાવ-સંપત્તિરૂપમાં જલ સમાન છે. જેમ માંજરોથી વૃક્ષ સુશોભિત અને વૃદ્ધિવાળો થાય છે તેમ આ પૂજાથી ધર્મરૂપી કલ્પવૃક્ષ વૃદ્ધિને પામે છે. તેમજ આ પૂજાથી અક્ષયનિધિ ભરાય છે અર્થાત્ ખૂટતો નથી. કર્તા મુનિશ્રી આત્મારામજી મહારાજ કહે છે કે-તીર્થંકર પ્રભુના ચરણકમલનું ધ્યાન હૃદયમાં ધારણ કરતાં મારા મનની સર્વ પીડા મટી ગઇ અર્થાત્ નાશ પામી. વળી આ પૂજા કરવાથી આત્માના અનુભવજ્ઞાનરૂપી રસમાં હું પ્રાપ્ત થઇ ગયો, ગરક થઇ ગયો અને ભવસમુદ્ર તરી ગયો. આ પૂજાના અધિકારી દ્રવ્ય અને ભાવથી શ્રાવકો છે. અને સર્વવિરતિ સાધુઓ ફક્ત એકાંતથી ભાવપૂજાના આદર કરનારા કહેવાય છે. તેમાં વિશેષ એક રહસ્ય છે કે-શ્રાવકો સાવદ્ય અને નિરવદ્ય એમ બંને પ્રકારે દ્રવ્ય પૂજા કરી શકે છે, પરન્તુ સાધુઓને માટે દ્રવ્ય પૂજા સાવદ્ય ન હોય પરન્તુ નિરવદ્ય દ્રવ્ય પૂજા હોય છે, પરન્તુ ભાવની ખાસ મુખ્યતા છે, સાવદ્ય પૂજામાં સચિત્ત જળ-પુષ્પ-ફળ-ધૂપ વિગેરે આવે છે-તે શ્રાવક કરી શકે છે. અને સાધુઓ નિરવદ્ય એવી દ્રવ્ય પૂજા અચિત્ત-વાસક્ષેપવડે કરીને પ્રતિષ્ઠા-અંજનશલાકા જ્ઞાનપૂજનમાં કરી શકે એવો જિનકથિત વ્યવહાર છે. પરન્તુ શ્રાવકોને દ્રવ્ય પૂજા મુખ્ય અને ભાવ પૂજા ગૌણ હોય, ત્યારે સાધુઓને સાવદ્ય પૂજા છોડી દઇને નિરવદ્ય દ્રવ્યપૂજા ગૌણ હોય, અને ભાવપૂજા મુખ્ય હોય એ રહસ્ય જાણવું. વિશેષ આ વસ્તુમાં શંકા થાય તો વર્તમાન બહુશ્રુત પાસે રહસ્ય જાણવું અને શંકા રહિત થવું, એ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોનું ખાસ ધ્યેય હોય છે...કિં બહુના ?

## બીજી વિલેપન પૂજાના દુહા—સાર્થ.

ગાત્ર લુહી મન રંગશું, મહકે અતિહી સુવાસ;
ગંધકષાયી વસનશું, સફળ ફળે મન આશ...૧

ચંદન મૃગમદ કુંકુમે, ભેળી માંહે બરાસ;
રત્નજડિત કચોલીએ, કરી કુમતિનો નાશ...૨

પદ જાનુ કર ખંધમેં, મસ્તક જિનવર અંગ;
ભાલ કંઠ ઉર ઉદર મેં, કરે તિલક અતિચંગ...૩

પૂજક જન નિજ અંગમેં, રચે તિલક શુભ ચાર;
ભાલકંઠ ઉર ઉદરમેં, તસ મીટાવણહાર...૪

**અર્થ** :-મનના પ્રેમપૂર્વક ઘણી સુવાસથી બહેંકતું-સુગંધી “ગંધકષાયી” એવી જાતિવાળા વસ્ત્રથી અર્થાત્ અંગલુંછણાથી પ્રભુના અવયવોને લુંછવા અર્થાત્ નવણથી રહેલા જળબિંદુને સુકાવી દેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે શુભ ક્રિયારૂપ પૂજાથી મનની સઘળી આશા ફલવતી થાય. પછી નિર્જળ થયેલા પ્રભુની પ્રતિમારૂપ અંગમાં નવસ્થાને વિલેપનથી પૂજા કરવી. તેની વિધિ આ પ્રમાણે છે. ચંદન-કસ્તૂરી-કેસર અને બરાસ યુક્ત કરી ઘસવું એટલે સુખડ ઘસવી, તેમાં કસ્તૂરી વિગેરે દ્રવ્ય ભેળવવા. પછી રત્નજડિત કટોરીમાં તે વિલેપન ભરવું. પછી. ૧. જમણા ડાબા અંગૂઠે. ૨. જમણા ડાબા ઢીંચણે. ૩. પછી જમણા ડાબા કાંડે. ૪. જમણા ડાબા ખભે. ૫. મસ્તકની શિખા ઉપર. ૬. કપાળે. ૭. કંઠે. ૮. હૃદય ઉપર. ૯ અને નાભિ ઉપર. એમ નવ અંગના સ્થાનમાં તિલક કરવા અર્થાત્ કેશરપૂજા નવ અંગે કરવી. આ કેશરે પૂજાને વિલેપન પૂજા પણ કહેવાય છે. અથવા ચંદનપૂજા કહો કે વિલેપન કહો, તેનો એક જ ભાવ છે, હવે પૂજા કરનાર શ્રાવક પોતાના શરીરના ચાર અંગમાં પ્રથમ તિલક કરે. ૧. કપાળમાં. ૨. કંઠ ઉપરે. ૩. હૃદય ઉપર. ૪. નાભિ એટલે ડૂંટી ઉપર. એવી રીતે પૂજા કરવાથી કુમતિનો નાશ થાય અથવા તો કુમતિનો નાશ કરી આ વિલેપન પૂજા કરવી. આ પૂજા દ્રવ્યથી અને ભાવથી તાપને મીટાવનાર છે.

## ઢાળ બીજી

રાગ-ઠુમરી તાલ-પંજાબી ઠેકો-મધુવનમેં મેરે સાંવરીયા-એ દેશી

### દુહો

**કરી વિલેપન જિનવર અંગે, જન્મ સફળ ભવિજન માને...કરી૦...૧**
**મૃગમદ ચંદન કુંકુમ ઘોળી, નવ અંગ તિલક કરી થાને...કરી૦...૨**
**ચક્રી નવનિધિ સંપદ પ્રગટે, કર્મ ભર્મ સબ ક્ષય જાને...કરી૦...૩**
**મન તનુ શીતળ સબ અઘ ટારી, જિનભક્તિ મન તનુ ઠાને...કરી૦...૪**
**ચોસઠ સુરપતિ સુરગિરિ રંગે, કરી વિલેપન ધન માને...કરી૦...૫**
**જાગી ભાગ્ય દશા અબ મેરી, જિનવર વચન હૃદ ઠાને...કરી૦...૬**
**પરમ શિશિરતા પ્રભુ તન કરતાં, ચિત્ સુખ અધિક પ્રગટાને...કરી૦...૭**
**આત્માનંદી જિનવર પૂજી, શુધ્ધ સ્વરૂપ નિજ ઘાટ આને...કરી૦...૮**

**અર્થ:**—પ્રભુના નવ અંગે વિલેપન અર્થાત્ ચંદનપૂજા કરી ભવ્ય જીવ "જન્મ"ને સફળ માને છે. આ વિલેપન પૂજામાં કસ્તૂરી-સુખડ-કેશર વિગેરે દ્રવ્યો ભેળવવા તેની રીતિ પૂર્વ દુહાના અર્થમાં બતાવેલ છે. ત્યાંથી સમજી લેવું. એવી રીતે નવ અંગપૂજા કરવાથી ચક્રીની નવનિધિ-સંપદ પ્રગટ થાય છે. એ પૂજાનું ઇહલોક ફળ કહ્યું, પરન્તુ પારલૌકિક ફળ કર્મના ભરમો સઘળો ક્ષય કરાવી મોક્ષ આપે છે, તે જાણવું. તનમાં અને મનમાં જિનભક્તિ પ્રાપ્ત થતાં તનમાં અને મનમાં દ્રવ્યથી અને ભાવથી શીતળતા પ્રાપ્ત થાય છે અને સર્વ પ્રકારના પાપો ટળી જાય છે, એ પૂજાના ફળો જાણવા. વળી ચોસઠ ઇંદ્રો પણ મેરુગિરિ ઉપર પ્રભુના જન્મ અભિષેકે એકત્ર થઇ, વિલેપન કરી પોતાના આત્માને ધન્ય માને છે. વળી તીર્થંકર પ્રભુના વચનો મારા હૃદયના સ્થાનમાં વસતે છતે મારી ભાગ્યદશા જાગૃત થઇ એમ હું માનું છું. એવી રીતે પ્રભુના અંગ ઉપર શીતળ એવું વિલેપન કરતાં અધિક આત્મિક સુખરૂપ "ભાવ શીતળતા" મને અધિક પ્રગટી. આત્માના સાચા આનંદને ભોગવનાર જિનવર પ્રભુને પૂજી હું "શુદ્ધ આત્મસ્વરૂપ" મારા આત્માના સ્થાનમાં આણું છું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિક્રમ સંવત્ ૧૭૧૭ નું

# માફીપત્ર



( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**પ્રસ્તાવ**–છદ્મસ્થ જીવન એટલે ભૂલની સંભાવનાવાળું જીવન. છદ્મસ્થને હાથે ભૂલ થવી જેમ સહજ છે તેમ વીરપુરુષોને માટે ભૂલને ઉદારતાપૂર્વક સહન કરવી-ક્ષમા આપવી એ પણ એક સીધી સાદી વાત છે. 'ક્ષમા' કહો કે 'માફી' કહો તે એક જ છે. માફી માંગવી અને માફી આપવી એ જગજૂની ઘટના છે. બંને અર્થમાં 'માફીપત્ર' શબ્દ વપરાય છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો માફી માંગતો પત્ર એ જેમ 'માફીપત્ર' છે તેમ માફી આપતો–અક્ષતો પત્ર પણ 'માફીપત્ર' છે. આજકાલ નિશાળોમાં–વિદ્યાધામોમાં, કેટલીક રાજકાયાદિ સંસ્થાઓમાં અને રાજ્યશાસનમાં માફીપત્ર મંગાયાના અને અપાયાના બનાવો બનતા જોવાય છે. સભ્યતાની એક નિશાનીરૂપ માફ કરજો, excuse me એવા ઉદ્ગારનો પ્રયોગ તો સામાન્ય વ્યવહારમાં પણ કરાય છે.

પ્રસ્તુત લેખમાં માફીપત્રથી "માફી માંગતો પત્ર" એ અર્થ પ્રસ્તુત છે. આ [1]માફીપત્ર વિ. સં. ૧૭૧૭ માં **વિજયપ્રભસૂરિને** ઉદ્દેશીને પં. **નયવિજયના** શિષ્ય **જસવિજયે (યશોવિજયે)** ઓંકારનો નિર્દેશ કરી **વિજયપ્રભસૂરિને** નમસ્કાર કરવાપૂર્વક લખ્યું છે એમ એની નીચે મુજબની આદ્ય પંક્તિ જોતાં જણાય છે :–

**" ॐ नत्वा सं० १७१७ वर्षे भ॰श्री विजयप्रभसूरीश्वरचरणान् शिशुलेश: पं० नय-विजयगणिशिष्यजसविजयो विज्ञपयति "**

અહીં મુનિવર વિજયપ્રભ માટે 'સૂરીશ્વર' એવો મહામાનાર્થક પ્રયોગ કરાયો છે અને એમને 'ભટ્ટારક' કહ્યા છે એટલું જ નહિ પણ પૂજ્યતાસૂચક 'ચરણ' શબ્દનો બહુવચનમાં પ્રયોગ કરાયો છે, જ્યારે પોતાને 'શિશુલેશ' એટલે 'બાળકનો અંશ' કહ્યો છે. આથી માફીપત્ર માંગનારા જસવિજયની ખૂબ નમ્રતા છે એ વાત સ્પષ્ટપણે તરી આવે છે.

ઉપર્યુક્ત સંસ્કૃત પંક્તિ પછી **"अ[2]परं"** લખી બાકીનું તમામ લખાણ ગુજરાતીમાં નીચે મુજબ અપાયેલું છે :—

" આજ પહિલાં જે મઇં અવજ્ઞા કીધી તે માફ, હવિં આજ પછી શ્રીપૂજ્યજી થકી કસ્યું વિપરીતપણું કરું, તથા શ્રીપૂજ્યજી થકી જે વિપરીત હોઇ તે સાથિં મિલું તો, તથા મણિચંદ્રાદિકનિં તથા તેહોના કહિણથી જે શ્રાવકનિં શ્રીપૂજ્યજી ઉપરિં, ગચ્છવાસી યતિ ઉપરિં, અનાસ્થા આવી છઇ તે અનાસ્થા ટાળવાનો અને તેહોનિં શ્રીપૂજ્યજી ઉપરિં રાગ વૃદ્ધિવંતો

---

1. આ માફીપત્ર ચારથી પાંચ ઇન્ચ લાંબાપહોળા કાગળ ઉપર લખાયેલું છે અને એ પ્રવર્તક કાન્તિવિજયજી પાસે છે એમ સ્વ૦ મોહનલાલ દ. દેશાઇએ પોતાના લેખ નામે "અધ્યાત્મી શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય" નામના લેખ(પૃ. ૨૧૧)માં કહ્યું છે. આ લેખમાં આ માફીપત્રની અક્ષરશઃ નકલ અપાયાનો એમણે ઉલ્લેખ કર્યો છે. આ લેખ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' [રજત સ્મારક ગ્રંથ] કે જે એના નિવેદન ઉપરથી ઇ. સ. ૧૯૪૧ માં પ્રસિદ્ધ થયાનું જણાય છે તેમાં પૃ. ૨૦૨–૨૧૫માં છપાયો છે.

2. આનો અર્થ "બીજું" એમ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તેમ ઉપાય યથાશક્તિ ન કરું તો, શ્રીપૂજ્યજીની આજ્ઞારુચિ માહિં ન પ્રવર્તું તો, માહરિ માથઈ શ્રી શત્રુંજય તીર્થ લોપ્યાનું, શ્રી જિનશાસન ઉત્થાપ્યાનું, ચૌદ રાજલોકનઇ વિષઈ વર્તાઇ તે પાપ."

આ ઉપરથી નીચે મુજબના મુદ્દા તારવી શકાય છે:

**(૧)** **યશોવિજયગણિએ** વિ. સં. ૧૭૧૭માં આ માફીપત્ર લખી આપ્યું તે પૂર્વે એમણે **વિજયપ્રભસૂરિની અવજ્ઞા કરી હતી.**

**(૨)** **મણિચંદ્ર** વગેરેના કથનથી એ સૂરિ પ્રત્યે અવિશ્વાસ ઊભો થયો હતો.

**(૩)** અવજ્ઞા કર્યા બદલ **યશોવિજયજી** માફી માંગે છે.

**(૪)** સદ્વર્તન માટે **યશોવિજયજી** આકરી પ્રતિજ્ઞા લે છે.

અહીં સદ્વર્તન તરીકે નિમ્નલિખિત બાબતો રજૂ કરાઇ છે:–

(અ) શ્રીપૂજ્યજી–શ્રી**વિજયપ્રભસૂરિથી** વિપરીત વર્તવું નહિ.

(આ) શ્રીપૂજ્યના વિરોધીને મળવું નહિ.

(ઇ–ઈ) શ્રીપૂજ્ય ઉપર જે અવિશ્વાસ ઉત્પન્ન થયો છે તે દૂર કરવા ઉપાય યોજવો અને એમને પ્રત્યે સદ્ભાવ વધે તેવો પ્રબંધ કરવો.

(ઉ) શ્રીપૂજ્યની આજ્ઞા અને રુચિ પ્રમાણે વર્તવું.

આ પાંચ બાબતોના પાલનમાં ખામી આવે તો નિમ્નલિખિત ત્રણ પ્રકારના પાપ પોતાને લાગે એમ આ માફીપત્રમાં **યશોવિજયગણિએ** કહ્યું છે:–

(૧) 'શત્રુંજય' તીર્થનો લોપ–નાશ કરવાથી ઉદ્ભવતું પાપ.

(૨) જિનશાસન ઉત્થાપવાથી થતું પાપ.

(૩) ચૌદ રાજલોકમાં–સમગ્ર લોકાકાશમાં થતું પાપ.

પ્રથમ પ્રકારનું પાપ માથે વહોરવાની વાત **યશોવિજયગણિની** શત્રુંજય તીર્થ પ્રત્યેની શુભ લાગણીની તીવ્રતા દર્શાવે છે. એવી રીતે દ્વિતીય પ્રકારના પાપની વાત જિનશાસન પ્રત્યેનો એમની અવિરત ભક્તિ સૂચવે છે.

ત્રીજા પ્રકારનું પાપ પાપની પરાકાષ્ઠા સૂચવે છે.

માફી માંગવા માટે વિજયપ્રભસૂરિની કરાયેલી અવજ્ઞા અને એમના પ્રત્યે ઊભો કરાયેલો **અવિશ્વાસ.** એમ બે કારણ પ્રસ્તુત માફીપત્રમાં જણાવાયાં છે **ખરાં** પરંતુ અવજ્ઞા શી રીતે કરાઈ તેમજ **મણિચંદ્ર** વગેરેનું શું **કથન** હતું? **વિજયપ્રભસૂરિ** સામે શો **આક્ષેપ** (કે આક્ષેપો) કરાયા હતા તેનો એમાં નિર્દેશ **નથી.** કેટલાક એમ કહે છે કે નીચે મુજબનાં જે ચાર **વિધાન** **યશોવિજયગણિએ** કર્યાં હતા તેને અંગે એમને માફી માંગવી પડી **હતી**:–

(૧) " વિષયરસમાં ગૃહી માચિયા
નાચિયા કુગુરુ મદપૂર રે;
ધૂમધામે ધમાધમ ચલી,
જ્ઞાન મારગ રહ્યો દૂર રે."

(૨) " કામકુંભાદિક અધિકનું,
ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે,
શું થયું એ જગ શૂલ રે."

(૩) " અર્થની દેશના જે દીએ,
ઓલવે ધર્મના ગ્રંથ રે;
પરમ પદનો પ્રગટ ચોર તે,
તેહથી કિમ વહે પંથ રે?"

(૪) " જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત,
બહુલ શિષ્યનો શેઠો;
તિમ તિમ જિનશાસનનો વેરી,
જો નવિ અનુભવ નેઠો રે."

For Private And Personal Use Only

આ પ્રમાણેનાં [1]ચાર વિધાન પૈકી પહેલાં ત્રણ શ્રી સીમંધરસ્વામીની વિનતિરૂપ અને નયના રહસ્યથી ગર્ભિત એવું જે **સવાસો ગાથાનું સ્તવન યશો-વિજયગણિએ** રચ્યું છે તેની પહેલી ઢાલમાં [2]સાતમી, પાંચમી અને છઠ્ઠી કડીરૂપે જોવાય છે, જ્યારે ચોથું વિધાન આ ગણિએ જે **શ્રીપાલરાજાનો રાસ** વિ. સં. ૧૭૩૮ પછી પૂર્ણ કર્યો તેના ચોથા ખંડની તેરમી ઢાલની નવમી કડી છે.

પ્રથમનાં ત્રણ વિધાનમાં સન્માર્ગથી પતિત થયેલા શ્રાવકોનું અને ખાસ કરી [3]કુગુરુનું સ્વરૂપ જે રીતે આલેખાયું છે તેમાં કશું ખોટું જણાતું નથી. શુદ્ધ પ્રરૂપકને સાચી વસ્તુ કહેવાની હોય તે જ્યારે તેમ કરે ત્યારે કોઈ પોતાને માથે નાહકનો ટોપલો ઓઢી લે તેમાં એ પ્રરૂપકનો શો વાંક? હા, જો એ પ્રરૂપણા કોઈ બદ્ધાનતથી કોઈને ખુલ્લંખુલ્લા જ નહિ, પણ મોઘમપણે યે ઉતારી પાડવા માટે હોય તો તે ઠીક ન ગણાય.

એવી રીતિનીતિ સજ્જનને-સત્પુરુષને શોભે નહિ.

ચોથા વિધાન વિષે થોડુંક કહું તે પૂર્વે એ ઉમેરીશ કે ચાર અનુપમ ભાવના પૈકી "**गुणिषु प्रमोदः**" જેવી ભાવના ભાવવી મુશ્કેલ છે. ગુણીના ગુણની પ્રશંસા કરવાની વાત તો દૂર રહી, પણ એનો ઉત્કર્ષ થતો જોઇ બળવું-માત્સર્યભાવ સેવવો એમાં માનવતા નથી-દાનવતા છે. પરંતુ તેજોદ્વેષી અને ઢોંગી જનો પાસે બીજી શી આશા રખાય?

૧ આ ચારે વિધાનોને લગતી કડીઓ સ્વ. મો. દ. દેસાઈએ એમના ઉપર્યુક્ત લેખ(પૃ. ૨૧૧)માં આ ક્રમે આપી છે, પરંતુ એમાં પાઠભેદ છે. જેમકે 'મદપૂર'ને બદલે 'મહસરપૂર' અને 'શૂલ' ને બદલે 'સૂલ'

૨ આ ઢાલ શુદ્ધ દેશનાનું સ્વરૂપ દર્શાવે છે. સિદ્ધસેન દિવાકરે સમ્મઇ-પયરણના પ્રથમ કાંડની છેલ્લી બે ગાથા(ક્રમાંક ૫૩-૫૪)માં જૈન દૃષ્ટિએ દેશના કેવી હોય તે દર્શાવ્યું છે.

૩ અકુશળ અને ધૃષ્ટ આચાર્યોથી શાસનની વિડંબના થાય એમ સમ્મઇ-પયરણ(કાંડ ૩, ગા. ૬૫)માં કહ્યું છે.

ચોથું વિધાન એ **સમ્મઇપયરણના** ત્રીજા-અંતિમ કાંડની નિમ્નલિખિત ગાથાના અનુવાદરૂપ છે તો પછી એ સંબંધમાં વાંધો ઉઠાવવો એ વ્યાજબી ગણાય ખરો?

**"जह जह बहुस्सुओ सम्मओ**
**य सिस्सगणसम्परिवुडो य ।**
**अविणिच्छिओ य समए**
**तह तह सिद्धन्तपडिणीओ ॥ ६६ ॥"**

**ઉવએસમાલા** અને **પંચવત્થુ** જેવા પ્રૌઢ અને પ્રાચીન ગ્રંથોમાં પણ આવી હકીકત વાંચ્યાનું મને સ્ફુરે છે. આવી હકીકત **યશોવિજયગણિએ** શ્રી **સીમંધરસ્વામીને** અંગે જે **સાડી ત્રણસો ગાથાનું સ્તવન** રચ્યું છે તેની પહેલી ઢાલની નિમ્નલિખિત ચૌદમી કડીમાં જોવાય છે:-

"જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત,
બહુ શિષ્યે પરિવરિઓ,
તિમ તિમ જિનશાસનનો વયરી,
જો નવિ નિશ્ચય દરિયો રે.—૧૪"

આનું સંસ્કૃત સમીકરણ આ ગણિની **વૈરાગ્ય-કલ્પલતા** પૂરું પાડે છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:-

**"यथा यथा शिष्यगणैः समेतो**
**बहुश्रुतः स्याद् बहुसम्मतश्च ।**
**समाधिमार्गप्रतिकूलवृत्ति-**
**स्तथा तथा शासनशत्रुरेव ॥"**

આ પરિસ્થિતિમાં ઉપર્યુક્ત વિધાનો કરવા બદલ યશોવિજયગણિને માફી માંગવી પડી હોય એમ માનતાં હું તો ખંચાઉં છું. વિશેષમાં મને માફીપત્ર અંગે જે નીચે મુજબનાં પ્રશ્નો સ્ફુરે છે તેના સપ્રમાણ અને સંતોષકારક ઉત્તરો સહૃદય સાક્ષરો પાસેથી મળે નહિ ત્યાં સુધી હું આ માફીપત્રને સાચું ન માનું તો કેમ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) યશોવિજયગણિની કેટલીયે કૃતિ "ऐं"થી શરૂ કરાયેલી જોવાય છે તો અહીં એને બદલે ॐ કેમ ?

(૨) માફીપત્રમાં સાલ ઉપરાંત માસ, તિથિ અને વાર પૈકી એકેનો ઉલ્લેખ કેમ નથી ?

(૩) માફીપત્રની શરૂઆત સંસ્કૃત લખાણ કર્યા બાદ મોટા ભાગનું લખાણ ગુજરાતીમાં કેમ ?

(૪) હું આમ ન કરું તો મને અમુક પાપ લાગે એ કથન જૈનદૃષ્ટિએ સંગત છે ?

(૫) યશોવિજયગણિએ એવો શો ભયંકર અપરાધ કર્યો હશે કે જેથી એમને ખૂબ આકરી પ્રતિજ્ઞાઓ કરવી પડી હશે ?

(૬) પ્રવર્તકજી પાસે માફીપત્રને લગતું જે લખાણ હોવાનો ઉલ્લેખ કરાયો છે તે લખાણ યશોવિજયગણિના જ હસ્તાક્ષરમાં છે કે કેમ ?

(૭) કર્તાના જ હસ્તાક્ષરમાં માફીપત્ર હોય તો એ માફીપત્ર એમણે સ્વેચ્છાએ–રાજીખુશીથી લખી આપ્યું કે ધાકધમકી–દમદમાટીને લઈને તેમ કર્યું ?

(૮) ભટ્ટારક અને સૂરીશ્વર તરીકે નિર્દેશાતી વ્યક્તિ યશોવિજયજી જેવા સાક્ષર પાસે ઉપર મુજબનું માફીપત્ર લખાવે ખરી ? અને લખાવે તો શું તે રાખી મૂકે–બીજાના હાથમાં જાય તેમ કરે ખરી ?

(૯) વિ. સં. ૧૭૧૭માં યશોવિજયગણિને જો ઉપર્યુક્ત ચાર વિધાનો માટે જો માફીપત્ર લખી આપવું પડ્યું હોય તો તેમાંનું ચોથું વિધાન વિ. સં. ૧૭૩૮ના અરસાની [1]કૃતિમાં એ જ યશોવિજયજી ગણિ કરે ખરા અને તેમ જ કર્યું હોય તો તેનું શું કારણ ?

(૧૦) આ માફીપત્ર વિષે યશોવિજયગણિની કોઈ સમકાલીન વ્યક્તિએ કે સોએક વર્ષમાં થયેલી કોઇ વ્યક્તિએ કોઈ પણ જાતની નોંધ લીધી છે ખરી ?

(૧૧) માફીપત્રની નકલ સૌથી પ્રાચીન કઇ છે ?

(૧૨) કર્તાના હસ્તાક્ષરમાં માફીપત્ર ન હોય તો તેને સાચું માનવાનું શું કારણ ?

૧ આ કૃતિ તે **શ્રીપાલરાજાનો રાસ છે. એના** કળશમાં આ રાસ **વિજયપ્રભસૂરિના રાજ્યમાં અર્થાત્** એમની વિદ્યમાનતામાં રચાયાનો ઉલ્લેખ છે.

**सुखस्य दुःखस्य न कोऽपि दाता, परो ददातीति कुबुद्धिरेषा**
**अहं करोमीति वृथाभिमानः, स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥**

(મંદાક્રાંતા)

**આ સંસારે સુખ દુઃખતણો કોઈ દાતા ન જાણો,**
**'બીજે દીધું સુખ દુઃખ મને' એ કુબુદ્ધિ પ્રમાણો;**
**'મેં કીધું' એ જરૂર જનનું, ભાઈ, મિથ્યાભિમાન,**
**કર્મોરૂપી દૃઢ નિગડથી સર્વ છે બંદીવાન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવામૂર્તિ સ્વ. શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી તૈલચિત્ર અનાવરણ પ્રસંગે

# સમૂહ શ્રદ્ધાંજલિ



રચયિતા :
રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર.

ઉજાળ્યાં આભ ને અવનિ, એક **વલ્લભ** સૂરિવરે !
સુહાવ્યાં ભારતી મુખડાં, વજ્જ નરવર **વલ્લભે** !
દિપાવ્યાં સોરઠી દુધડાં, ત્રિભુવન સુત વલ્લભે-
જીવનભર જે ઝીલ્યા સાહિત્ય સેવા-શ્રમ ગંગાજળે !

( રાગ-એક જ્વાલા જલે તુજ નૈનનમેં )

ભારતના ભવ્ય લલાટ સમો, નંદનવન શો સૌરાષ્ટ્ર નમું !
એના અંતર તાર સિતાર સમા-ભવ્ય ભાવનગરને નિત્ય નમું !
જેણે શ્રેષ્ઠી, કલાધર, કવિ પ્રસવ્યા, સંસ્કૃતિ ને ધર્મનાં ધામ રચ્યાં !
પૌરુષ પ્રેમ પ્રભુ-પ્રભુતા-ધરા સતી સાવજ શૂરની નિત્ય નમું !
એવી દેવપુરી **વલ્લભ** ઉતર્યાં, **ત્રિભુવન** આંગણિયા સભર ભર્યાં !
સાહિત્ય પૂજન નવિ દૃષ્ટિ રેળ્યા— ત્રિભુવનસુત વલ્લભ નિત્ય સ્મરું-૧

સંગીત-પૂજા-રસભર રેલે, જૈનધર્મ પ્રબોધ સભા ખોલે,
વલ્લભ સંચાલક-પ્રમુખ બને ! ત્રિભુવન

ઓગણીશ બાવનનો જેષ્ટ હતો, દિન સ્વર્ગ શ્રી વિજયાનંદજીનો
અંચળ ખુલતો તો ઉષા સતીનો— ત્રિભુવન

**આત્માનંદ જૈન સભા** પ્રકટે, સ્થાપન મૂળ વલ્લભ સહાયક છે,
ફુલીફાલી ફળી એ સભા વિશ્વે— ત્રિભુવન

ઓગણીસ સાઠમાં પ્લેગ થતાં-મૂલચંદભાઇ સ્વર્ગે સંચરતો—
વલ્લભને હસ્ત સુકાન સભા— ત્રિભુવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી **ગુલાબ આણંદ** પ્રમુખ હતા, મહામંત્રી **વલ્લભદાસ** થતા
ચંદા-સૂરજની જોડ સમા— ત્રિભુવન

મહાગ્રંથો પ્રકટાવ્યા નવલા, દિનરાત પ્રબળ પુરુષાર્થ કર્યા !
સાહિત્યપૂજન જીવન અર્પ્યાં— ત્રિભુવન

**આત્માનંદ** ચરણે અર્પાયા, સેવાનાં વર્ષ **પચ્ચાસ** વહ્યાં !
વલ્લભ આત્માનંદ એક થયા— ત્રિભુવન

ગુરુવર **ચારિત્રવિજય** આવ્યા-ભાવ્યા સિદ્ધગિરિવરે પડછાયા !
સ્થાપી **સંસ્કૃત-પ્રાકૃતશાળા !** ત્રિભુવન

ફળ્યું સ્વપ્ન બનારસમાં લાધ્યું, આશા સમ મકાન પણ બાંધ્યું,
વિદ્યાર્થીવૃંદ ઠીક ઠીક વાધ્યું ! ત્રિભુવન

પ્રતિકૂળ સંયોગને રેલ વહી, જાણે પાઠશાળા આ બંધ થઇ !
વિદ્યાવાડી કરમાઇ રહી ! ત્રિભુવન

અવધુત**સૂરિ બુદ્ધિસાગરજી**, સંજીવની સંસ્થાને અરપી !
આજ્ઞા ભક્તોને તુર્ત દીધી— ત્રિભુવન

**જીવનચંદ્ર-લલ્લુભાઇ** મળ્યા, કેશરીસુત **શ્રોફ ફકીર** ભળ્યા,
**યશોવિજય ગુરુકુળ નામ ધર્યાં—** ત્રિભુવન

જીવનદાતા સૂરિ **બુધ્ધ્યાબ્ધિ,** ગુરુકુળને દૃષ્ટિ નવિન લાધી,
આજે સિદ્ધિ અજબ ગુરુકુળ સાધી— ત્રિભુવન

સ્થાનિક મંત્રી **વલ્લભ** નિરમ્યા-પાયાના પ્રાણ ગુરુકુળના
સર્જન નિજ રક્ત કણે સરજ્યાં ! ત્રિભુવન.

જે નિડર સત્ય કડવાં કહેતા, પરિપૂર્ણ પ્રમાણિક સત્વભર્યા !
હજી **વલ્લભ** નામ જ્યાં ગુંજી રહ્યાં ! ત્રિભુવન.

સામાન્યથી સઘ સમર્થ બન્યા, કંઇ શૂન્યથી નવસર્જન સરજ્યાં !
શાંતિભરી ક્રાંતિ સુહાવી ગયાં ! ત્રિવભુન.

લક્ષ્મી લલચાવી શકી ન જરા, થાક્યા ન પરિશ્રમથી ય કદા !
**આત્માનંદ** રોમે રોમ વહ્યા ! ત્રિભુવન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચયબળ અદ્ભુત અખૂટ ભર્યાં, એ **આત્મવલ્લભ** અવતાર ઠર્યા !
**સાહિત્યભૂષણ** સૌરાષ્ટ્રતણા ! ત્રિભુવન.

યોગી સેવાના ભેખ ધર્યા, છહોતેર વર્ષ જીવનીયું વહ્યા !
અવધૂત અમરપદ યાત્રી બન્યા ! ત્રિભુવન

એને અર્પ્યાં અર્ઘ્યો દેવગણે, પુષ્પાંજલિ માનવ અર્પી રડે !
**સેવામૂર્તિ** જઇ સ્વર્ગે અડે ! ત્રિભુવન

**વલ્લભ** સોરઠનો સંત હતો, સેવા-સ્વાર્પણનો સ્તંભ હતો !
આજ તૈલચિત્રપટમાં હસતો ! ત્રિભુવન

આચ્છાદન ચિત્ર જરા ખોલો, કર સ્પર્શ મૃદુ ધીરે કરજે !
એને પોપચે અંજલિ સ્મૃતિ ભરજે ! ત્રિભુવન

શ્યામત તેરશ મૃગશર શનિયે, આવરણ ચિત્રપટ દૂર કરે !
**મણિ-[1]વીર**-સુત-[2]**હર્ષ** અમિ નઝરે ! ત્રિભુવન

સં. ૨૦૧૩ : માગશર વદી ૧૩ શનિવાર તા. **૨૯-૧૨-૫૬**

---

૧ વીરચંદના પુત્ર ૨ હરખચંદભાઇ ગાંધી.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવામૂર્તિ શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધવક્તા મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રીયુત વલ્લભદાસભાઈના તૈલચિત્રની અનાવરણ વિધિ કરવા બાદ ભાષણ કરી રહેલા શ્રી હરખચંદ વીરચંદ ગાંધી.

**અનાવરણ વિધિ સમારંભનું એક દૃશ્ય**



શા છોટાલાલ ગિરધર, વિઠ્ઠલદાસ મૂ. શાહ, શેઠ જેસંગલાલ ઉગરચંદ, મોહનલાલ દી. ચોકસી, શ્રી રમણીકલાલભાઈ, પ્રો. ખીમચંદ .ચી શાહ, શેઠ મોહનલાલ તારાચંદ, શાહ હીરાલાલ જુઠાલાલ, મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ, શેઠ હરખચંદ વીરચંદ ગાંધી, શેઠ ભોગીલાલ મગનલાલ, શ્રીયુત મણિલાલભાઈ પાદરાકર, વોરા ખાન્તીલાલ અમરચંદ, શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી ન્યાલચંદભાઈ વકીલ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ, શ્રી સાકરલાલ ગંડાલાલ વગેરે નજરે પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવામૂર્તિ સ્વ. શ્રી વલ્લભદાસભાઇ

## [ તૈલચિત્ર–અનાવરણ વિધિ–મહોત્સવ ]

શ્રી જૈન આત્માનંદ સભા અને **"શ્રી આત્માનંદ પ્રકાશ"** ની અત્યારની સુદૃઢ સ્થિતિનાં પાયામાં સ્વ. શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીનો કેટલો મહત્ત્વનો હિસ્સો હતો તેનાથી સમાજ અપરિચિત નથી જ. લઘુ વયથી જ તેઓ સભાની કાર્યવાહીમાં સંલગ્ન થયા હતા અને ધીમે ધીમે સક્રિય રસ લઇ સભાને ઉન્નતિના પથે પહોંચાડવામાં તેના આત્મા સમાન બની ગયા હતા. તેઓ વિ. સં. ૨૦૧૧ના શ્રાવણ વદિ ૧ ગુરુવારના રોજ સ્વર્ગવાસી થતાં સભાને ન પૂરાય તેવા સહૃદય કાર્યકરની ખોટ પડી છે. એકનિષ્ઠ અને નીડર કાર્યકર તરીકે તેમની કારકીર્દીને સ્મરણીય બનાવવા માટે **"સ્મારક–ફંડ"** યોજવામાં આવ્યું અને તેમાં સારી રકમ એકત્ર થઈ, જે "શ્રી આત્માનંદ પ્રકાશ" ના વાંચકોને સુવિદિત છે.

વર્ષો પર્યંતની તેઓશ્રીની સેવાના સ્મરણાર્થે શ્રી જૈન આત્માનંદ સભાના હોલમાં તેઓશ્રીનું સુંદર તૈલચિત્ર મૂકવું તેવો કમિટીએ નિર્ણય કર્યો અને પ્રખ્યાત ચિત્રકાર "વનરાજ" પાસે આબેહૂબ તૈલચિત્ર તૈયાર કરાવવામાં આવ્યું. તૈલચિત્રના અનાવરણ માટે યોગ્ય અને સેવાભાવી વ્યક્તિની વિચારણા ચાલતી હતી તેવામાં પાલીતાણા શ્રી સિદ્ધક્ષેત્ર બાળાશ્રમના સુવર્ણ મહોત્સવ પર પધારેલા જાણીતા દાનપ્રિય અને સજ્જન સદ્‌ગૃહસ્થ શ્રી હરખચંદ વીરચંદ ગાંધીએ અમારી વિનતિનો સ્વીકાર કર્યો એટલે સં. ૨૦૧૩ના માગશર વદ ૧૩ શનિવાર તા. ૨૯મી ડીસેમ્બર ૧૯૫૬ના રોજ આ અનાવરણ–મહોત્સવ યોજવામાં આવ્યો.

આ શુભ પ્રસંગે સભાના મકાનને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. સભાનો "શેઠ ભોગીલાલ-હોલ" રંગબેરંગી રેશમી પતાકાઓથી આકર્ષણીય બની ગયો હતો. તૈલચિત્રનો આ અનાવરણ વિધિ પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી( ચિત્ર-ભાનુ )ની નિશ્રામાં સવારના નવ કલાકે યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે પાલીતાણાખાતે બાલાશ્રમના સુવર્ણ મહોત્સવ પ્રસંગે પધારેલા માનનીય મહેમાનોએ પણ અમારા આમંત્રણને માન આપી અત્રે પધારી આ પ્રસંગને સવિશેષ શોભાવ્યો હતો. પધારેલા મહેમાનોમાં મુખ્ય સદ્‌ગૃહસ્થો નીચે પ્રમાણે હતા. શ્રી હરખચંદ વીરચંદ ગાંધી, શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, શ્રી મોહનલાલ તારાચંદ શાહ, શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર, શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ, માસ્તર વસંત, શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ, શ્રી જેશંગભાઇ ઉગરચંદ શાહ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી કેશરીચંદ હીરાચંદ ઝવેરી, શ્રી પ્રાણજીવનદાસ હરગોવિંદદાસ ગાંધી, શ્રી કે. એમ. જૈન, શ્રી છોટાલાલ ગિરધરલાલ શાહ.

તદુપરાંત સભાના કાર્યકરો, સભાસદો અને આમંત્રિત ગૃહસ્થોથી સભાનો વિશાળ હોલ પણ સંકીર્ણ બની ગયો હતો. પૂજ્ય મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી તેમજ સાધ્વી-સમુદાયની ઉપસ્થિતિ ઉપરાંત હાજર રહેનાર સદ્‌ગૃહસ્થો-માં મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે હતા. શ્રી ભોગીલાલ મગનલાલ શેઠ, શ્રી ખાંતિલાલ અમરચંદ વોરા, શ્રી ગુલાબચંદ આણંદજી શાહ, શ્રી ખીમચંદભાઇ ચાંપશીભાઇ શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી જાદવજી ઝવેર-ભાઈ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ, શ્રી રમણલાલ અમૃત-લાલ શેઠ, શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહ, શ્રી શિવલાલ મેઘજી કપાસી, શ્રી ભાઇચંદ અમરચંદ વકીલ, શ્રી બેચરલાલ નાનચંદ, શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ, શ્રી હીરાચંદ હરગોવન, શ્રી દેવચંદ દુર્લભદાસ, શ્રી દીપચંદ જીવણલાલ, શ્રી ગુલાબચંદ દેવચંદ, શ્રી છોટાલાલ નાન-ચંદ, શ્રી વલ્લભદાસ ગુલાબચંદ, શ્રી જીવણભાઈ ગોરધન, શ્રી સાકરલાલ ગાંડાલાલ વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુભેચ્છાના સંદેશા

## સેવા અખંડ રાખશો

ભાઇ વલ્લભદાસે ચિરકાળ પર્યંત સભાની અનન્યભાવે જે સેવા કરી છે, તે તો વીસરાય તેમ નથી. તેમણે સભાની અને ખરી રીતે જૈનધર્મ અને સાહિત્યની આત્મીયભાવે સેવા કરી પોતાના જીવનને ધન્ય અને કૃતકૃત્ય બનાવ્યું છે. શ્રીજૈન આત્માનંદ સભા માટે અને શ્રી જૈનસંઘ માટે એક સંભારણું જ મૂકી ગયા છે. તેમની જેમ આજે અનન્યભાવે તમે જે સેવા બજાવો છો એ પણ અતિ આનંદની અને અભિનંદનીય બાબત છે. આપણે સૌ એ જ ભાવના રાખીએ છીએ કે આજ પર્યંત સભાના સેવકોએ જે રૂપે જૈનધર્મની બનતી જે સેવા બજાવી છે તે અખંડપણે એકધારી વહેતી રહે અને વહેતી રહેશે જ.

**આગમપ્રભાકર**

**–મુનિરાજ પુણ્યવિજયજી**

[અમદાવાદ]

Wish function successful appreciating worthy services Vallabhadaskaka & respect to Harakhchandbhai.

—Manubhai Gulabchand

[ Bombay ]

મંગળગીતના સુંદર સરોદા વચ્ચે આ મહોત્સવનો કાર્યારંભ થયો હતો. બાદ શ્રી પાદરાકરે આ પ્રસંગે અચાનક આવી પહોંચેલા માસ્તર વસંતનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. બાદ માસ્તર વસંતે, પાદરાકરરચિત–સેવામૂર્તિ શ્રી વલ્લભદાસભાઇ અંગેનું સુંદર કાવ્ય પોતાના કંઠ–માધુર્ય અને આરોહ–પ્રરોહની સ્વરાવલિઓથી હૃદયંગમ રીતે ગાઇ સંભળાવ્યું હતું, જે કાવ્ય, આ જ અંકનાં પૃષ્ઠ ૩૦ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સભાના માનનીય સેક્રેટરી શ્રી જાદવજી ઝવેરભાઇએ નિમંત્રણ પત્રિકાનું વાચન કર્યા બાદ આ શુભ પ્રસંગે આવેલા સફળતાના વિવિધ સંદેશાઓ રજૂ કરવામાં આવેલ.

આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ, સુપ્રસિદ્ધ સાહિત્યસેવી પૂજ્ય મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ, સભાના ઉપપ્રમુખ શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ, સભાના હિતસ્વી શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડિયા, સભાના ભૂતપૂર્વ ખજાનચી શ્રી અમૃતલાલ છગનલાલ શેઠ, વિગેરેના મુખ્ય સંદેશાઓ હતા.

બાદ સભાના ઉપપ્રમુખ શ્રી ખીમચંદભાઇ ચાંપશીભાઈ શાહે આજના મેળાવડાના અધ્યક્ષ પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજીનો પરિચય આપતાં તેઓશ્રીની વિદ્વત્તાનું, સાહિત્યપ્રેમનું તેમજ જૈન અને જૈનેતર આલમમાં અતિશય પ્રિય થઈ પડેલ ભાષણશ્રેણીનું સુંદર રીતે દિગ્દર્શન કરાવ્યું હતું. બાદ આજના માનનીય મહેમાન શ્રી હરખચંદ વીરચંદ ગાંધીનો પરિચય આપતાં જણાવેલ કે–તેઓશ્રી જેટલા સાદા છે તેટલા જ ઉદાર છે. વિવેક અને નિરભિમાન વૃત્તિથી તેઓ સૌ કોઇને પોતાના કરી લે છે. મિલનસાર સ્વભાવ અને શ્રદ્ધાળુભાવથી તેઓશ્રી ફક્ત મુંબઈમાં જ નહિ; જે જે સ્થળોએ આવા સત્કાર્યો માટે જાય છે ત્યાં ત્યાં "**જનપ્રિય**" થઇ પડે છે. "લક્ષ્મી"ના તેઓ "ટ્રસ્ટી" છે એમ માને છે અને છૂટે હાથે સત્કાર્યોમાં ખરચે છે : સાહિત્યસેવક શ્રી વલ્લભદાસભાઈના આ શુભ પ્રસંગ માટે સાહિત્યોપાસક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજીનો અને સાહિત્યપ્રિય શ્રીયુત વીરચંદ રાઘવજીની વંશવેલ શ્રી હરખચંદભાઇનો જે સુયોગ સાંપડયો છે તે સુભગ ચિહ્ન છે.

બાદ શ્રી હીરાલાલ જુઠાલાલ શાહે શ્રી હરખચંદભાઇ ગાંધીનો વિશેષ પરિચય આપતાં જણાવ્યું કે–તેઓ :માત્ર બાર વર્ષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયે જ મુંબઇ આવ્યા હતા. વય લઘુ હોવા છતાં, કાર્યની ધગશ અને ઉત્સાહ અપૂર્વ હતા. પ્રારબ્ધ અને પુરુષાર્થ જો એકત્ર મળે તો શું થાય? તેને માટે શ્રી હરખચંદભાઈ દૃષ્ટાંતરૂપ છે, ધીમે ધીમે તેઓ **"ઝવેરી"**ની લાઇનમાં જોડાયા અને તેમનો ભાગ્યોદય સોળેકળાએ ખીલી ઊઠ્યો અને સાથોસાથ તેઓમાં જન્મથી જ પડેલાં ધાર્મિક સંસ્કારો અને દેવ, ગુરુ ધર્મ પ્રત્યેની ભક્તિ પણ રગેરગમાં પ્રસરી ગઇ. જેમ જેમ દ્રવ્યની વૃદ્ધિ થતી રહી તેમ તેમ તેમનામાં લઘુતાની પણ વૃદ્ધિ થતી ગઇ, કારણ કે તેઓ લઘુતામાં જ પ્રભુતા માને છે, તેમના પહેરવેશ અને સાદાઇથી આપને પણ નહીં જણાય કે હરખચંદભાઇ દ્રવ્ય-સ્વામી છે. તેઓ ઘોઘારી સમાજના ગૌરવરૂપ બન્યા છે, તેઓએ મહુવા ખાતે ટેકનીકલ સ્કૂલમાં રૂા. ૩૫૦૦૦, પાંત્રીસ હજાર આપેલ છે. મહુવા બાળાશ્રમને તેઓશ્રીનો સારો ટેકો છે તેમજ અગાસી તીર્થમાં સેનેટેરીયમ બંધાવી આપેલ છે. આ ઉપરાંત તેઓશ્રીની વિવિધ નાની મોટી સખાવતો ગણાવીએ તો તેનો સરવાળો લાખોના આંકડે પહોંચે છે, છતાં હરખચંદભાઇ તો માને જ છે કે-**"જે દ્રવે તે દ્રવ્ય"** જે પોતાના હાથથી વપરાયું તે જ પોતાનું. મારી તો અહીં પધારેલા સજ્જનોને વિજ્ઞપ્તિ છે કે-શ્રી હરખચંદભાઇનો તમારાથી લેવાય તેટલો લાભ લેશો.

બાદ સભાના મુખ્ય સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસભાઇ મૂળચંદ શાહે સભા સંબંધી પોતાનું જે સુંદર નિવેદન રજૂ કર્યું હતું, તે નીચે પ્રમાણે છે—

## નિવેદન

આ સભાનાં માનનીય મંત્રી સ્વ. શ્રીયુત વલ્લભદાસભાઇના તૈલચિત્રની અનાવરણ વિધિ કરવા માટે આજે આપણે સૌ અહીં ઉપસ્થિત થયા છીએ.

સર્વસ્વનું સમર્પણ કરનાર, કર્તવ્યનિષ્ઠ યોગ્ય વ્યક્તિનું યોગ્ય સન્માન કરવાનો આ યોગ્ય સમારંભ છે. અમારા નિમંત્રણને માન આપી શ્રી વલ્લભદાસભાઇની સેવાની સૌરભને સન્માનવા પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ, મહુવાનિવાસી શ્રી. હરખચંદભાઇ વીરચંદ ગાંધી, બહાર ગામથી ખાસ પધારેલ માનનીય ગૃહસ્થો અને સ્થાનિક ગૃહસ્થો, બહેનો વગેરે સૌ પધાર્યા છો, તે બદલ અમે માનની લાગણી અનુભવીએ છીએ.

ભાઇશ્રી વલ્લભદાસભાઈના તૈલચિત્રનું અનાવરણ ઉદારદિલ ભાઈશ્રી હરખચંદ વીરચંદ ગાંધીના શુભ હસ્તે થાય છે તે જાણીને મને અત્યંત આનંદ થાય છે. મારી શારીરિક અશક્તિને કારણે આ સમારંભમાં હાજર રહી શકતો નથી પરંતુ સભાના આ કાર્યમાં મારો અંતરનો સંપૂર્ણ સહકાર છે. ભાઈશ્રી વલ્લભદાસે સભાની અને જૈન સાહિત્યની અતિ કીમતી સેવા બજાવી છે.

[ ભાવનગર ]

**શ્રી અમૃતલાલ છગનલાલ શેઠ**

આપ મર્હુમની સેવાની લાગણી આ રીતે વ્યક્ત કરો છો તે ખૂબ જ યોગ્ય છે. આપના સમારંભની સફળતા ઇચ્છું છું. [ અમદાવાદ ]

**-શાંતિલાલ જગાભાઇ**

**શ્રી શાંતિચંદ્ર સેવાસમાજ**

Hearty congratulations to Harakhchandbhai for opening ceremony of Vallabhadasbhai Photo wishing function success [ Bombay ]

—Fatechand Zaverbhai.

Wish all success to function all comforts for holy soul of Vallabhadasbhai [ Panchgani ]

—Nanchand Tarachand

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવામૂર્તિ શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસની આજીવન સેવાના પ્રતીકરૂપે તેમના તૈલચિત્રની અનાવરણ વિધિ પ્રસંગે હું હાર્દિક સફળતા ઇચ્છું છું.

[પાલીતાણા]–**ફૂલચંદ હરિચંદ દોશી**

શ્રી વલ્લભદાસભાઇએ જૈન સમાજની જે સેવા કરી છે તે સેવાને ધ્યાનમાં લેતાં તેમના સ્મારકને અંગે જે કંઈ કરવામાં આવે તે ઓછું છે.

[મુંબઇ]–**ચંદુલાલ ટી. શાહ**

આપ સહુએ યોગ્ય પુરુષનું યોગ્ય સન્માન કર્યું છે. આપ સર્વ કાર્યકરોને મારા અભિનંદન છે.

**ખુશાલભાઇ ખેંગારજી**
[વીલેપારલે]

મહુમે સભાના નિઃસ્વાર્થભાવે જે સેવા કરી છે અને સભાની ઉત્તરોત્તર પ્રગતિમાં જે સુંદર ફાળો આપ્યો છે તે અતિ પ્રશંસનીય અને અનુમોદનીય હોઇ તેમના તૈલચિત્રના અનાવરણથી સભાના અન્ય સભ્યોને કાયમ પ્રેરણા મળતી રહેશે. યોગ્ય વ્યક્તિની યોગ્ય કદર કરવા માટે સભાને મારા અભિનંદન.

[મોરબી]–**શ્રી વલ્લભદાસ નેણશીભાઇ**

શ્રી વલ્લભદાસભાઇની સેવાઓ જોતાં આપ જે કાર્ય કરી રહ્યા છો તે માત્ર શરૂઆતનો કાર્યક્રમ છે. તેમને માટે બીજું ઘણું થવું જોઇએ.

[સુરત]–**સાકરચંદ માણેકચંદ ઘડીયાળી**

સદ્‌ગત વલ્લભદાસભાઇનું જીવન મુખ્યત્વે કરીને આ સભાની સાથે સંકળાયેલું હતું. સભા એ એમનો પ્રાણ હતો. આત્માનંદ સભા એટલે શ્રી વલ્લભદાસભાઇ અને વલ્લભદાસભાઈ એટલે આત્માનંદ સભા એ રીતે તેઓ પરિચિત હતા.

હવે સભાનો ઇતિહાસ જરા વિચારી જઇએ એટલે તેમનો પરિચય તેમાં આપોઆપ આવી જશે.

પૂ. આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસને અંગે સં. ૧૯૫૨ ના જેઠ શુદ ૨ ના રોજ વિદ્વાન વકીલ શ્રી મૂળચંદભાઇને ત્યાં શોકસભા મળી હતી. તે સમયે આ સભાનો જન્મ થયો. તાત્વિક વિચારોનો પ્રચાર અને "સાહિત્ય તથા શિક્ષણપ્રચાર" એ સભાનું ધ્યેય હતું. શ્રી મૂળચંદભાઇએ આ સભાનું સુકાન સંભાળ્યું. ભાવનગરનું જાહેર જીવન હમેશાં સંસ્કાર અને શિક્ષણપ્રેમથી મઘમઘતું રહ્યું છે. આત્માનંદ સભાના સ્થાપન સમયે પણ બીજી બાજુ "જૈન ધર્મ પ્રબોધક સભા" ચાલતી હતી. અને એ સંસ્થા પણ જ્ઞાન અને ભક્તિનું સંસ્કારી વાતાવરણ સર્જી રહેલ. આ સંસ્થાના સુકાનીઓમાં શ્રી વલ્લભદાસભાઈ મુખ્ય હતા.

આમ ઉપર મુજબ ભાવનગરમાં બે સંસ્કાર–સભા ચાલતી હતી. બન્નેની પ્રવૃત્તિ પણ એક સરખી જ હતી. અને પરસ્પર સહકાર સાધી કાર્ય કર્યે જતી હતી. સમય જતાં પ્રબોધક સભાના યુવાન કાર્યકરોનું જૂથ આત્માનંદ સભા સાથે ઓતપ્રોત થયું અને "આત્માનંદ સભા" બની.

શ્રી વલ્લભદાસભાઇ પોતે મૂળ સ્થાનકવાસી. સામાન્ય સંયોગોવાળું તેમનું કુટુંબ અને કુટુંબના નિર્વાહનો બોજો તેમના ઉપર નાનપણથી જ આવેલ એમ છતાં એમના દિલમાં સેવાની ધગશ હતી. વિદ્વાન મુરબ્બીઓના સહકારથી તે સેવાભાવ ખીલતો ચાલ્યો અને આત્માનંદ સભાની કાર્યવાહીમાં તેઓ વધુ ને વધુ રસ લેતા થયા. સં. ૧૯૬૧ માં તેઓ સભાના લાયબ્રેરીયન થયા, સં. ૧૯૬૩માં તેઓ સભાના જોઇન્ટ સેક્રેટરી અને માસિક કમીટીના સભ્ય થયા અને સં. ૧૯૬૭ માં તેઓ સભાના મુખ્ય મંત્રી તરીકે ચુંટાયા. આમ સભાની કાર્યવાહીમાં તેઓ જવાબદાર અધિકારી તરીકે મોડા ચુંટાયા એમ છતાં સભાના જન્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળથી જ તેઓ સભાની નાની મોટી પ્રવૃત્તિઓમાં ખૂબ રસ લેતા હતા.

સભાને તેના જન્મકાળથી જ સેવાભાવી, ઉત્સાહી, જુવાન કાર્યકરોનું જૂથ સાંપડયું હતું. એટલે સભાનો વિકાસ ધીમે ધીમે સધાતો ચાલ્યો. શાંતમૂર્તિ મુનિશ્રી હંસવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, આચાર્યશ્રી વિજય વલ્લભ-સૂરીશ્વરજી મહારાજ, સાહિત્યપ્રેમી શ્રી ચતુરવિજયજી મહારાજ, આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ, સાહિત્યસંશોધક શ્રી જંબુવિજયજી મહારાજ, આમ એક પછી વિદ્વાનોનો સાથ મળતો ગયો અને વિદ્દદ મુનિવર્યોની કૃપાના પરિણામે આજે આ સભા **'વસુદેવહિન્ડી' 'બૃહદ્‌કલ્પસૂત્ર' 'નયચક્રસાર'** વગેરે મહામૂલા સંસ્કૃત ગ્રંથરત્નો પ્રકટ કરવા ભાગ્યશાળી નીવડી છે. તેમજ હિન્દભરના અગ્રગણ્ય જ્ઞાનપ્રેમી ગૃહસ્થોનું મોટું જૂથ પેટ્રન તેમજ આજીવન સભ્ય તરીકે પ્રાપ્ત કરી શકેલ છે.

સભાના આ ગૌરવભર્યા પ્રકાશનો અંગે સૌનો સહકાર સાધ-વામાં શ્રી વલ્લભદાસભાઈની સેવા ખરેખર નોંધપાત્ર છે. સભાના વિકાસનું જ તેઓશ્રી નિરંતર સ્વપ્ન સેવતા હોય, કોઈ એક પ્રવૃત્તિ પૂરી કરે કે બીજી શુભ પ્રવૃત્તિનું સ્વપ્ન તેઓશ્રીની સામે ખડું જ હોય. અને તે સિદ્ધ કરવા માટે તેઓ પોતાના ખર્ચે પ્રવાસ ખેડે, સૌનો સંપર્ક સાધે અને ગમે તે ભોગે કાર્ય પાર પાડે.

સભાને આવો ભેખધારી સેવક મળ્યો, તેને પરિણામે સભા પોતાની પ્રતિષ્ઠાની સૌરભ દેશ પરદેશમાં ફેલાવી શકેલ છે. આજે તેઓશ્રી આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે, પરંતુ તેમની સેવાની સ્મૃતિ વરસો સુધી સભાના ઇતિહાસમાં યશસ્વી અક્ષરે અંકિત રહેશે.

આજે આપણો સમાજ જ્યારે કર્તવ્યનિષ્ઠ સેવકોવિહોણો થતો જાય છે તેવા સમયે પોતાના કર્તવ્ય માટે સદા જાગ્રત રહેનાર સાચા સેવકની જે ખોટ આપણને પડી છે તે કદી ભૂલાય તેમ નથી.

આમ કર્તવ્ય બજાવતા બજાવતા જ્યારે તેઓશ્રી માંદગીના બિછાને હતા ત્યારે તેઓશ્રીના શુભેચ્છકોને સદ્‌ગતની સેવાનું યત્કિંચિત્ સન્માન કરવાનો વિચાર આવ્યો. સૌ એકત્ર થયા અને શુભેચ્છકોએ નીચે પ્રમાણે એક ફંડ એકત્ર કર્યું.

જૈન સાહિત્યનો ઘરે ઘરે પ્રચાર થાય, પ્રાચીન ગ્રંથો સહુ કોઇ વાંચી શકે તે માટે સરલ ભાષામાં સુંદર ગ્રન્થો પ્રકાશમાં મૂકી, જૈન સંસ્કૃતિને સારા પ્રમાણમાં વેગ આપવાનો વલ્લભદાસ-ભાઇએ જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે.

વર્ષો સુધી સતત પુરુષાર્થ કરનાર ધર્મશ્રદ્ધાળુ પુણ્યાત્મા સ્વ. શ્રીયુત વલ્લભદાસભાઇનું તૈલચિત્ર ઉદારચરિત

ઉદારદિલ શ્રી હરખચંદ વીરચંદ ગાંધીને હસ્તે ખુલ્લું મૂકાય છે તે યોગ્ય છે.

[ અમદાવાદ ]

**મુનિરાજશ્રી યશોવિજયજી**

સભાને પ્રગતિશીલ બનાવવામાં અને અનેક ઉત્તમ ગ્રંથો પ્રકાશિત કરા-વવામાં શ્રી વલ્લભદાસભાઇએ આપેલો ફાળો ચિરસ્મરણીય બની રહે તેવો છે, એમની સેવાઓની યાદદાસ્ત તરીકે એમનું ચિત્ર સભામાં મૂકવામાં આવે છે તે પ્રસંગે અમે એમની સેવાઓને અંજલિ આપીએ છીએ.

[ અમદાવાદ ]

**બાલાભાઇ દેસાઇ**

**રતિલાલ દીપચંદ દેસાઇ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ સ્મારક ફંડની યાદી.

૨૫૧) શેઠ ભોગીલાલભાઇ મગનલાલ
૨૦૧) એક ગૃહસ્થ હ. શેઠ ભાઇચંદ અમુલખ
૧૫૧) શેઠ ગુલાબચંદ આણંદજી
૧૨૫) ,, ફતેહચંદભાઈ ઝવેરભાઇ
૧૦૧) ,, દેવચંદભાઈ દામજી
૧૦૦) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
૧૦૦) ,, જગજીવન ફુલચંદ
૧૦૦) ,, ચુનીલાલ દીપચંદ
૧૦૧) ભાવસાર સાકરલાલ ગાંડાલાલ
૧૦૧) શા નાનચંદ તારાચંદ
૧૦૧) શા વૃજલાલ દીયાળ
૧૦૧) શેઠ ચંદુલાલ ટી. શાહ
૧૦૧) ,, મણીલાલ વનમાળી
૧૦૧) ,, કાન્તિલાલ ઈશ્વિરલાલ
૧૦૧) ,, પાનાચંદ લલ્લુભાઈ સુરકાવાળા
૫૧) ,, ટી. સી. બ્રધર્સ હઃ શેઠ ત્રિભોવનદાસ દુર્લભજી
૫૧) ,, અમૃતલાલ છગનલાલ
૫૧) પ્રોફેસર ખીમચંદ ચાંપશી
૫૧) વોરા ખાન્તિલાલ અમરચંદ
૫૧) શા જાદવજી ઝવેરભાઇ
૫૧) શા વિઠ્ઠલદાસ મૂળચંદ
૫૧) વોરા હઠીસંગ ઝવેરભાઈ
૫૧) શેઠ માણેકચંદ પોપટલાલ
૫૧) ,, પનાલાલ ભીખાભાઇ
૫૧) ,, સકરચંદ મોતીલાલ મૂળજી
૫૧) શા ગુલાબચંદ મૂળચંદ
૨૫) શા હીરાલાલ જુઠાભાઈ
૨૫) શેઠ હીરાચંદ હરગોવન
૨૫) ,, ઉત્તમચંદ હરગોવન
૫૧) શ્રી તપગચ્છ જૈન સંઘ, મોરબી
હા. ડો. વલ્લભદાસ નેણશીભાઈ

શુભેચ્છકોની પ્રેરણાથી સભાએ પણ આ વાતનો વિચાર કર્યો અને સભા તરફથી સદ્‌ગતનો સાહિત્ય-પ્રવૃત્તિને લક્ષમાં રાખીને પાંચેક હજાર રૂપિયાના ખર્ચે એક સુંદર પ્રકાશન પ્રકટ કરવાનો અને આ ગ્રંથમાં સદ્‌ગતની જીવન-સૌરભની નોંધ લેવાનો નિર્ણય કર્યો. વધુમાં તેઓશ્રીનું એક તૈલચિત્ર સભાના હોલમાં યોગ્ય સમારંભ કરીને ખુલ્લું મૂકવાનો ઠરાવ કરવામાં આવ્યો.

શુભેચ્છકો તથા સભાના આ નિર્ણય મુજબ આજે આપણે અત્રે એકત્ર થયા છીએ. અમને વધુ આનંદ તો એટલા માટે છે કે વલ્લભદાસભાઇએ જેમ સાહિત્યની ઉપાસનામાં પોતાનું જીવન વ્યતીત કર્યું અને પોતાના સાહિત્ય શોખને કેળવ્યો તેમ આજે તેઓશ્રીના તૈલચિત્રની અનાવરણ વિધિ પ્રસંગે આપણને એક ઊંડા તત્ત્વચિંતક, સાહિત્યસર્જક અને સાચા વક્તા એવા વિદ્વાન્ મુનિવર્યશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની નિશ્રાનો આજના સમારંભમાં અમૂલ્ય લાભ મળ્યો છે. અને તેના અનાવરણનો વિધિ માટે પણ એવા જ સંસ્કારપ્રેમી, મહુવાનિવાસી શ્રી હરખચંદભાઇ ગાંધી સાંપડ્યા છે. શ્રી હરખચંદભાઇ પણ પોતાની લક્ષ્મીનો વ્યય હમેશાં સંસ્કારનું સુંદર વાવેતર કરવામાં જ છૂટા હાથે કરી રહ્યા છે. એટલે યોગ્ય વ્યક્તિને યોગ્ય રીતે સન્માનવાનો આ સુયોગ સાંપડયો છે તે ખરેખર ગુરુકૃપાનું જ પરિણામ માનીએ છીએ.

સભાના યશસ્વી ઇતિહાસની સાથે વલ્લભદાસભાઈનું જીવન એવી રીતે સંકળાઈ ગયું છે એટલે તેમનો વધુ પરિચય જુદી રીતે આપવાનો રહેતો નથી. સભાની સૌરભ એ તેઓશ્રીની સૌરભ હતી, સભાની પ્રતિષ્ઠા એ તેઓશ્રીના જીવનની પ્રતિષ્ઠા હતી અને સભાનું ગૌરવ એ તેઓશ્રીના જીવનનું ગૌરવ હતું.

વલ્લભદાસભાઇના જીવનની બીજી દૃષ્ટિએ વિચારણા કરીએ તો સેવા એ એમનો જીવનમંત્ર હતો. ઊગતા જીવનકાળથી જ તેઓ પ્રબોધક સભામાં જોડાયા, પોતાના ધંધાને ગૌણ કરીને સેવાધર્મને જીવનનો મુખ્ય વ્યવસાય બનાવ્યો અને એ રીતે આત્માનંદસભા ઉપરાંત પાલીતાણા, યશોવિજયજી જૈન ગુરુકુળની સ્થા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિક કમીટીના સેક્રેટરી તરીકેનો તેઓશ્રીનો સેવા પણ એટલી જ નોંધપાત્ર હતી.

ભાવનગર મ્યુ.ના સભ્ય તરીકે, દાદાસાહેબ જૈન બોર્ડીંગના એક વખતના મંત્રી તરીકે, ઉજમબાઇ જૈન કન્યાશાળાના મંત્રી તરીકે તેઓશ્રીએ પણ યોગ્ય સેવા બજાવી છે તેમજ એક ગુરુભક્ત અને પૂજાપ્રેમી તરીકે પણ તેઓશ્રીએ એટલી ખ્યાતિ મેળવી છે અને એવો જ યશ એક પ્રમાણિક વેપારી તરીકે પણ તેઓશ્રીએ પ્રાપ્ત કર્યો છે. એમના નાની મોટી સેવાના સંભારણા તો વધુ સમય રોકે તેમ છે.' અત્રે ઉપસ્થિત થયેલા સદ્દગતના શુભેચ્છકો પાસેથી આપણે સાંભળશું એવી આશાથી અમે ટુંકાવીએ છીએ. આપણે તો એમના જીવનમાંથી નીતરતી સેવાની સૌરભને સન્માનીએ અને યોગ્ય પ્રેરણા મેળવીએ એ જ ઇચ્છા અને અભ્યર્થના.

કોઇ પણ સંસ્થાને પ્રાણવાન કરવી હોય તો તેના કાર્યકર તરીકે તમે પોતે એ સંસ્થા સાથે ઓતપ્રોત થાઓ, એ સંસ્થાને તમારું જીવનસ્વપ્ન બનાવો એટલે એ સંસ્થા જરૂર પ્રાણવાન થશે જ. વલ્લભદાસભાઇના જીવનમાંથી આ મોટો બોધપાઠ આપણને સાંપડે છે, અને એજ એમનો જીવન-સંદેશ છે. આપણે એ સંદેશ જીવનમાં ઉતારીએ, સભાના વિકાસમાં બને તેટલો સાથ આપવા ભાગ્યશાળી થઇએ એ જ આજના સમારંભનો શુભાશય છે.

છેલ્લે છેલ્લે આ તૈલચિત્ર તૈયાર કરવામાં અહિંના કળાનિપુણ સુવિખ્યાત ચિત્રકાર શ્રી વનરાજ માળીએ જે દિલોજાની દાખવી છે તે બદલ તેમને અભિનંદન આપતા અમને આનંદ થાય છે.

બાદ શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે પોતાની પ્રૌઢ છતાં ગંભીર ભાષામાં જણાવ્યું કે– શ્રી વલ્લભદાસભાઈ સાથે મારો પરિચય લાંબા સમયનો છે. તેમનામાં અભ્યાસ ઓછો હતો પણ ગુરુભક્તિ અને ગુરુકૃપાથી તેઓ ધાર્યું કામ કરી શકયા હતા. તેમનામાં ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક પ્રેમ પણ હતો. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને જ્યારે અમેરિકા જવા માટે પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજે પ્રેરણા કરી ત્યારે વીરચંદભાઇ સામાન્ય અભ્યાસક હતા, છતાં ગુરુકૃપાને કારણે તેઓએ અમેરીકામાં જૈન ધર્મનો વિજયડંકો વગડાવ્યો. તેમને સર્વ ધર્મ પરિષદમાં માત્ર પાંચ જ મિનિટ બોલવાનું હતું છતાં તેમની વાગ્ધારાથી વિસ્મિત બનેલ સભાજનોએ તેમને પીસતાલીશ મિનિટ બોલવાનું કહ્યું અને ત્યારબાદ તો અમેરીકામાં કેટલાય જાહેર ભાષણો આપી જૈન ધર્મનો પ્રચાર કર્યો. આ હતું ગુરુકૃપાનું ફળ. શ્રી વલ્લભદાસભાઇ તેમના જીવનમાં જે કાંઇ કરી શકયા તે પણ ગુરુકૃપાને જ કારણે. શ્રી આત્મારામજી મહારાજ તેમજ તેમના સમુદાયની શ્રી વલ્લભદાસભાઇએ સારી સેવા બજાવી છે.

જ્યારે જ્યારે હું કાર્યપ્રસંગે ભાવનગર આવતો ત્યારે તપાસ કરું તો તેઓ પોતાની ઓફિસે હોય જ નહિ. "આત્માનંદ સભા"ને જ તેઓ પોતાનું વિશ્રામસ્થાન માનતા હતા. તેઓની આસપાસ પુસ્તકોનો ઢગ પડયો હોય અને જ્ઞાનપ્રાપ્તિ તેમજ જ્ઞાનવૃદ્ધિ એ જ તેમનો મુખ્ય વ્યવસાય થઈ પડયો હતો, તેમણે જે સાહિત્ય-સેવા કરી છે તે આપણાથી અજાણી નથી. ભાવનગરની ત્રણે સંસ્થાઓ સાહિત્યના ક્ષેત્રમાં સારું કાર્ય કરી રહેલ છે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની પ્રગતિનો ખરેખરો યશ જેમ સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીને ઘટે તેમ શ્રી જૈન આત્માનંદ સભાની ઉન્નતિનો યશ શ્રી વલ્લભદાસભાઇને ઘટે છે.

વિ. સં. ૧૯૭૩ માં સ્વ. મુનિરાજશ્રી **ચારિત્રવિજયજી**એ પાલીતાણામાં ગુરુકુળ સ્થાપી અને યોગ્ય ગૃહસ્થોની સહાયથી તેની શરૂઆત કરી. ધીમે ધીમે તેનો વિકાસ થયો અને પૂજ્ય ગુરુમહારાજશ્રીની સૂચનાથી તેની કમિટીમાં મારા સહકાર્યકરો ઉપરાંત શ્રીયુત ગુલાબચંદ આણંદજી, સાપ્તાહિક "જૈન"ના તંત્રી સ્વ. શેઠ દેવચંદ દામજી, શ્રીયુત વલ્લભદાસભાઈ વિગેરેનો સારો સહકાર હતો. શ્રી વલ્લભદાસભાઈ પોતાની સ્થિતિને કારણે પૈસાનો વિશેષ વ્યય ન કરી શકાત છતાં તેઓનું સ્થાન અગ્રિમ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના માનદમંત્રી શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું કે-ભાવનગરની છાપ જૈન સમાજમાં જુદી જ છે. અમદાવાદ અને ભાવનગર–એ બંને જૈનપુરી જ ગણાય છે. અમદાવાદ ક્રિયારુચિવાળું છે જ્યારે ભાવનગર જ્ઞાનરુચિવાળું છે. ભાવનગર એ ભાવથી જૈનપુરી ગણાય છે. સ્વ. કુંવરજીભાઇ એ ભાવનગરનું આકર્ષણ હતા. જ્યારે જ્યારે હું ભાવનગરે આવતો ત્યારે કંઇક ને કંઇક જ્ઞાન–પ્રાપ્તિ કરીને જ જતો. સ્વ. કુંવરજીભાઈ પાસે જ્યારે જતો ત્યારે તેમની આસપાસ જ્ઞાન–સાહિત્ય જ પડ્યું હોય અને પ્રૂફ સંશોધન ચાલતું જ હોય. સ્વ. વલ્લભદાસભાઇનો પણ એ પ્રકારનો વ્યવસાય હંમેશાં સ્મરણીય રહેશે. હાલ ભાવનગરમાં જ્ઞાનપિપાસા ઓછી થવા લાગી છે અને વ્યાપારી બુદ્ધિ વધવા લાગી છે. ભાવનગરને જ્ઞાનોપાસનાનો જે વારસો વર્ષોથી મળ્યો છે તેમાં વૃદ્ધિ કરવા હું વિજ્ઞપ્તિ કરું છું.

આજે ભારત બલ્કે–વિશ્વમાં જ્ઞાન અને સત્ય જાણવાની ભૂખ ઊઘડી છે. તે સમયે આપણે આપણા સાહિત્યનો સારી રીતે પ્રચાર કરવો જોઇએ. આજે લોકો **"ભગવાન મહાવીર"** કરતાં ભ૦ ગૌતમબુદ્ધને વિશેષ ઓળખતા થયા છે. આજે વિદ્યુતયુગ આવ્યો છે ત્યારે આપણે આપણી " ગાડાની ગતિ " છોડવી જોઇએ, ભાવનગરની ત્રણે સાહિત્ય સંસ્થાઓ ધારે તો આદર્શ કામ કરી શકે, કારણ કે ભાવનગરમાં ભાવ છે, કાર્યકરો છે અને કાર્ય કરવાની તમન્ના પણ છે.

બાદ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સેક્રેટરી શ્રી દીપચંદ જીવણલાલ શાહે જણાવ્યું કે–દરેક વ્યક્તિએ પોતાની ફરજ સમજીને સેવાનું કાર્ય કરવું જોઇએ. એક વ્યક્તિ ધારે તો કેટલી સારી સેવા આપી શકે છે તે શ્રી વલ્લભદાસભાઇએ આપણને બતાવ્યું છે. બાદ તેઓશ્રીએ શ્રી વલ્લભદાસભાઇને યોગ્ય શબ્દોમાં અંજલિ આપી હતી.

બાદ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના આત્મા, જાણીતા કવિશ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરે જણાવ્યું કે–શ્રી વલ્લભદાસભાઇ જેવા સેવાભાવીને અંજલિ આપવી હોય તો મૌન રહીને જ આપી શકાય, કારણ કે તે માટે ઉચિત શબ્દો શોધવા જોઇએ, વલ્લભદાસભાઇ શું હતા તે આપણે તેમના પોતાના જીવન, કવન અને સાહિત્ય–પ્રકાશનથી જાણી શક્યા છીએ, માણસના જીવનમાં ઉભય બાજુ હોય છે, પણ આપણે તો ગુણદૃષ્ટિ લઇને જ બેઠા છીએ. ફક્ત વીમાનો દલાલ ભેખધારી બને તો કેવો સાહિત્યસેવક બને છે તે શ્રી વલ્લભદાસભાઈ આપણને, આ તૈલચિત્રમાં બેઠા બેઠા, મૌનભાવે કહી રહ્યા છે. તેમના આંદોલનોને હૃદયમાં ઉતારજો, એ જ તેમને આપવાની સાચી અંજલિ છે. હું તો પ્રભુને પ્રાર્થના કરું છું કે–શ્રી વલ્લભદાસભાઇની ગેરહાજરીમાં આ સભાના પ્રમુખ તેમજ કાર્યકરોને સાહિત્ય–પ્રકાશન માટે વિશેષ ને વિશેષ બળ આપજો, જેથી આ સંસ્થા અનુપમ સંસ્થા બને. ભાવનગર તો ભાવનાથી ભરેલું છે. તેને ફક્ત યોગ્ય માર્ગદર્શન જ જોઇએ.

બાદ સભાના પ્રમુખશ્રી ગુલાબચંદ આણંદજીએ શ્રીયુત હરખચંદ વીરચંદ ગાંધીને તૈલચિત્રના અનાવરણ માટે વિજ્ઞપ્તિ કરી હતી. શ્રીયુત હરખચંદભાઇએ તાળીઓના નાદ વચ્ચે સેવામૂર્તિ શ્રી વલ્લભદાસભાઇનું તૈલચિત્ર ખુલ્લું મૂક્યું હતું. ભાવનગરના જાણીતા કલાકાર વનરાજના હસ્તે તૈયાર કરવામાં આવેલ આ ચિત્રની આબેહૂબતા અને રમ્યતા જોઇને સૌ ખુશ થયા હતા.

બાદ શ્રીયુત હરખચંદ વીરચંદ ગાંધીએ જણાવ્યું કે–જે વ્યક્તિના તૈલચિત્રની આજે આપણે અનાવરણ વિધિ કરી રહ્યા છીએ તેમના જીવનમાંથી ઘણી પ્રેરણા લેવા જેવી છે. શ્રી વલ્લભદાસાઈ સભાના પ્રાણ હતા. તેમનું તૈલચિત્ર ખુલ્લું મૂકીને આપણી ફરજ પૂરી થતી નથી પણ ખરેખર ફરજની શરૂઆત થાય છે. તેઓએ સાહિત્યના ઘણાં શ્રેષ્ઠ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે, તે કાર્યને ચાલુ રાખવું જોઇએ. તેમણે સાહિત્યરૂપી વૃક્ષ વાવ્યું છે તેને વધુ ને વધુ વિકસાવશો. સભાએ સાહિત્ય–પ્રકાશનનો જે ચીલો પાડ્યો છે તે મારે મન ગૌરવનો વિષય છે. સભાએ ઘણી જ ઉચ્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોટીના બોધપ્રદ પ્રકાશનો કર્યાં છે. સભાના કાર્યવાહકોને મારી વિજ્ઞપ્તિ છે કે–તેઓ પોતાની મજલ શરૂ રાખે. આજે દેશ–પરદેશમાં જૈન સાહિત્યની માગ વધતી આવે છે. જૈન કોમ હમેશાં દાનપ્રિય જ છે. દાનના અભાવે કોઈ કામ અટકતું નથી અને અટકશે પણ નહિ.

હું સિદ્ધાચળ યાત્રાર્થે ગયો ત્યારે રંગમંડપમાં એક નાની દેવકુલિકામાં મેં પૂજ્ય આત્મારામજી મહારાજની મૂર્તિ જોઈ. મેં તેના કારણની તપાસ કરી તો માલૂમ પડ્યું કે–પંજાબમાં અને બીજા અવિકસિત પ્રદેશમાં જૈનધર્મના ટકાવ માટે તેઓશ્રીએ ભગીરથ પુરુષાર્થ કરેલો અને તે મહાન કાર્યને લક્ષમાં રાખીને તે મૂર્તિ ત્યાં સ્થાપન કરવામાં આવી છે.

ભગવાન મહાવીરના સંકલનાબદ્ધ જીવનની આજે અતિ આવશ્યકતા છે. સંક્ષિપ્ત છતાં તેઓશ્રીના સમગ્ર જીવનને સ્પર્શતું આલેખન થવું ઘટે. આ સભાના કાર્યવાહકોને હું વિનંતિ કરીશ કે–તેઓ આવું કાર્ય પ્રથમ તકે હાથ ધરે.

આ પ્રસંગે હું આપ સૌનું બે અગત્યની હકીકત તરફ ધ્યાન ખેંચું છું. આપણી સમાજના આગેવાન અને જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ, શ્રી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમના સુવર્ણમહોત્સવ સમયે ટ્રસ્ટોની મિલ્કતના રોકાણ અંગે જે વાત કરી છે તે ખરેખર વિચારણા માગે છે. ટ્રસ્ટોની લાખોની મિલ્કત સરકારી સીક્યુરીટીઓમાં રોકવાની જે પ્રથા છે તેને બદલે તે રકમ ઉદ્યોગોમાં રોકવામાં આવે તો તે વધુ ઉપયોગી નીવડશે. સરકારે તે બાબતમાં અવશ્ય વિચાર કરવો જોઇએ.

બીજી અગત્યની બાબત છે ગ્રામપંચાયતોને યાત્રાવેરો નાખવાનો અધિકાર. આ અધિકાર અનિચ્છનીય છે. આ અધિકારને પરિણામે આજે આપણા તીર્થો ઘોઘા, ભોંયણીજી, કંબોઇ વિગેરે સ્થળે યાત્રાળુ ભાઇઓ પર કર લેવાની તૈયારી થઇ રહી છે. આવી રીતે ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ થાય છે તેથી મનદુઃખના પ્રસંગો વધતા જશે. પરસ્પર વર્ગ–વૈમનસ્ય વધતું જશે અને આપણું ઐક્ય તૂટશે. કલંકરૂપ ગણાતો શ્રી શત્રુંજયનો યાત્રાવેરો આ સરકારે નાબૂદ કર્યો ત્યારે ગ્રામપંચાયતનું આ પગલું કેટલું નુકશાનકારક છે તે વિચારી લેવું જોઇએ.

આજે સમય એવો આવ્યો છે કે જૈનોએ રાજકારણમાં સક્રિય રસ લેવો જ જોઇશે. આપણે સ્વતંત્ર ઉમેદવાર ઊભા કરવા જોઇએ અને તેને ટેકો આપવો જોઇએ જેથી તેઓ આપણો અવાજ રજૂ કરી શકે અને આવા કડવા પ્રસંગોને નિવારી શકાય.

પ્રાંતે હું એટલું જરૂ કહીશ કે–આ.શ્રી જૈન આત્માનંદ સભાનું કાર્ય પ્રશસ્ય છે. સેવામૂર્તિ શ્રી વલ્લભદાસભાઇએ સાહિત્ય પ્રકાશન પાછળ અથાગ ભોગ આપ્યો છે અને તેમનું આજે યત્કિંચિત્ જે બહુમાન કરવામાં આવેલ છે તે યોગ્ય જ છે, યોગ્યને યોગ્ય જ માન અપાઈ રહ્યું છે. સભાની ગ્રંથપ્રકાશનની યોજના મને ગમી છે અને આ બાબતમાં સભાને મારો સહકાર મળી રહેશે.

ત્યારબાદ પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે પોતાની લાક્ષણિક શૈલીએ જણાવ્યું કે–ગુણીજનોના ગુણાનુવાદ કરવા એ ગુણી પુરુષનું કર્તવ્ય છે. આજે આપણે એવા એક ગુણીજનનું બહુમાન કરવા એકત્ર થયા છીએ. સામાન્ય રીતે એવો શિરસ્તો છે કે–જ્યાં ગૃહસ્થોનો આદર થતો હોય ત્યાં સાધુની હાજરી ન હોય, પરન્તુ જૈન ધર્મે તો ગુણીજનની ખૂબ ખૂબ પ્રશંસા કરી છે. ભગવંત મહાવીરે સ્વમુખે જ પુણિયા શ્રાવક તેમજ આનંદ–કામદેવની પ્રશંસા કરી છે એટલું જ નહિ પરન્તુ આપણે સર્વ સવારના રાઇ પ્રતિક્રમણ સમયે ભરહેસરની સજ્ઝાયમાં આવતા મહાપુરુષો અને સતીયોને યાદ કરીએ છીએ. મારા મંતવ્ય પ્રમાણે તો ગૃહસ્થના ગુણની પ્રશંસા કરવી તેમાં જ સાધુતા છે. કહ્યું છે કે–"**જે યશ લઇને આથમ્યા તે રવિ પહેલાં ઊગંત.**"

ચાર વર્ષ પહેલાં વડવામાં મારું ચાતુર્માસ હતું. એક દિવસ વલ્લભદાસભાઇ આવીને મારી પાસે બેઠા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યાન બાદ સામાન્ય રીતે બને છે તેમ પંચ-દશ ગૃહસ્થો બેઠા હતા. તેમની સાથે પાએક કલાક વાતચીતમાં વીતી ગયો. હું વલ્લભદાસભાઇને ઓળખતો ન હતો, છતાં તેઓ એમ ને એમ બેસી રહ્યા. ન અકળાયા કે ન કંઇ બોલ્યા. બધા ગયા પછી તેમણે મને પરિચય આપ્યો. હું તેમની લઘુતા જોઇને ખૂબ ખુશ થયો. મને થયું કે જેણે આટલા-આટલા ગ્રંથના પ્રકાશનો કર્યાં તેમનામાં કેવી નિરભિમાન વૃત્તિ છે. ખરેખર લઘુતાથી જ પ્રભુતા પ્રાપ્ત થાય છે. શ્રી વલ્લભદાસભાઇ જે પ્રાપ્ત કરી શકયા તે તેમના ગુરુ પ્રત્યેના અનહદ પ્રેમનું ફળ છે.

આપણું જ્ઞાન-મૂલ્યાંકનનું ત્રાજવું જુદી જાતનું છે. જેને આપણે ઓળખી શકતા નથી, તેમને વિદેશના સ્કૉલરો પીછાણે છે-બહુમાન કરે છે. આપણી એવી જ એક વિચિત્ર પ્રણાલિકા છે કે જેને જીવતાં આપણે પૂછી શકતા નથી તેની કબર પર આપણે ફૂલની માળાઓનો ઢગ કરીએ છીએ.

**જીવતાં કીધો અનાદર, ના કદી પરવા કરી;**
**આજે લોકો તેની રાખ પર, ફૂલો ચઢાવી જાય છે.**

જીવનમાં પ્રેરણા નથી તો કાંઇ જ નથી. જીવનમાંથી પ્રેરણાને બાદ કર્યા કરો, તો શૂન્ય જ રહેશે. માણસને પ્રેરણા કર્યા કરો, તો તેનામાં તાકાત આવશે. આ વસ્તુનો આપણે સ્વીકાર કરવો જોઇએ. સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીને પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજે અમેરીકાના ચિકાગો શહેરમાં ભરાતી વિશ્વ-ધર્મ પરિષદમાં પ્રેરણા કરીને મોકલ્યા. શ્રી ગાંધીએ ત્યાં જૈન ધર્મની કેટલી જાહોજલાલી કરી તે આપણાથી અજાણ્યું નથી. આજે પણ અમેરિકામાં જૈન ધર્મનો પ્રેમ અને પ્રસાર છે. પચાસ વર્ષ પહેલાં આવી દીર્ઘદષ્ટિ હતી, આજે આપણે તે દષ્ટિ ખોઇ બેઠા છીએ અને તેને પરિણામે "જૈન ધર્મ"ને આપણા જ ભારતની બાજી પ્રજાઓ જાણતી નથી.

ભાવનાની લહરી અનુપમ કાર્ય કરી શકે છે. અહીં સંગીત માટે વાજું પડયું છે. તેમાં સૂર પણ છે, પણ તે સૂર કાઢવાની તાકાત તો હાથના આંગળામાં જ છે તેમજ તમારામાં તમન્ના તો પડી જ છે પણ તેને પ્રેરણારૂપી પાન કરાવનાર ગુરુમહારાજ જોઇએ. શ્રીયુત વીરચંદભાઇએ પોતાનું જીવન-વાજિંત્ર ગુરુમહારાજના ચરણમાં સોંપ્યું અને તેઓ અદ્વિતીય કાર્ય કરી શકયા. જે પરિષદમાં તેમને ફક્ત પાંચ જ મિનિટ બોલવાનું હતું ત્યાં જ તેમણે, સભાજનોના આગ્રહથી પીસ્તાલીશ મિનિટ પ્રવચન આપ્યું. આ છે પ્રેરણાનું પરિણામ. પ્રેરણા એ સહાય પ્રકાશતો દીપક છે.

મારા પરિચયમાં જૈનો આવ્યા છે તેમ જૈનેતરો પણ આવ્યા છે. મારા અનુભવમાં મને જણાયું છે કે જૈનો કરતાં જૈનેતરો પર આપણા ધર્મનો વિશેષ પ્રભાવ પડે છે. એક વખત મારું ચાતુર્માસ દસાડામાં હતું. ત્યાંના એક વગદાર કામદાર મારા વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. વ્યાખ્યાનની તેમના પર સચોટ અસર થઈ. તેઓ ત્યાંના પ્રદેશમાં 'માથાભારે' માણસ ગણાતા અને બહારવટીયાને આશરો તો તેમને ત્યાં જ મળતો. તેમનું જીવન રાગખટપટ અને રંગરાગથી ભરપૂર હતું. વ્યાખ્યાનની અસરથી તેઓ શુદ્ધ જીવનના ઉપાસક બન્યા અને જીવન-પરિવર્તન કરી નાખ્યું. મારા અનુભવથી સમજાય છે કે-આપણને આપણા ઘરની વાત રુચતી નથી, બીજાને તે પચે છે, રુચે છે અને જીવનમાં તેની ઊંડી છાપ પણ પડે છે.

આજના દિવસો ક્રિસ્ટમસ-નાતાલના છે. અમેરિકા વિગેરે આધિભૌતિક દેશોમાં લોકે રંગ-રાગમાં ગુલતાન બની જાય છે. જીવનનો સાચો આદર્શ શું તેની તેમને સમજણ નથી. ફક્ત વૈભવ અને મોજશોખની પાછળ ગાંડા બની જાય છે. આજ સુધીમાં તો છસો માણસ મૃત્યુ પામ્યાનો આંકડો પ્રસિદ્ધ થયો છે અને બીજા રેકર્ડો હોય છે તેમ આ વખતે પણ મૃત્યુ-સંખ્યાનો રેકર્ડ વધી જશે. માણસ માણસને મારવા વિચાર કરવા પણ થોભતો નથી. ગાંડાની હૉસ્પીતાલ વધારેમાં વધારે કોઇપણ સ્થળે હોય તો તે અમેરિકામાં છે. ત્યાં શાંતિ કે મુમુક્ષુતાનું વાતાવરણ જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારે બાજુ ઝંઝાવાતની માફક લોકો દોડી રહ્યા છે. આવા જગતને કોઈ શાંતિનો સંદેશવાહક મળે તો કેટલો ઉપકાર થાય? જૈનધર્મમાં પગલે-પગલે આવાં તત્ત્વો પડ્યાં છે, તેનો પ્રચાર અને પ્રસાર થવો જોઈએ, તો જ તે વિશ્વધર્મ બની શકે. જગતને આજે સત્ય સમજવાની ભૂખ ઉઘડી છે. આપણે આ તક હાથ કરી લેવી જોઈએ. આજના પ્રસંગમાંથી આપણે જે પ્રેરણા લેવાની છે તે આ છે.

સંતાનો માટે પચીશ-પચાશ હજાર રૂપિયા મૂકીને મૃત્યુને ભેટવું એ સાચો વારસો નથી; તે જીવનની વિશિષ્ટતા પણ નથી પરંતુ સંસ્કારનો વારસો સુપ્રત કરવો એ જ ખરેખરું કર્તવ્ય છે. તમે અત્તરની બાટલી જ્યારે જ્યારે ખોલશો ત્યારે ત્યારે તે તમને આનંદ આપશે, ફૂલ તો ગયું છે પણ તેનો મઘમઘાટ રહ્યો છે. તેવી જ રીતે શ્રીયુત વલ્લભદાસભાઈ તો ચાલ્યા ગયા છે પણ તેમણે ઉછરેલા ફૂલની સુવાસ તો રહી જ છે. કેટલાયે ફૂલો સમર્પિત થાય છે ત્યારે અત્તરનું એક બિંદુ બને છે એટલે આપણે અનેક વલ્લભદાસભાઈ ઉત્પન્ન કરી શકીએ તો "સાહિત્યની સુવાસ" જીવંત રાખી શકીએ.

શ્રી વલ્લભદાસભાઈમાં સમર્પણની ભાવના હતી અને તેથી જ આપણે તેમનાં ગુણગાન ગાવા એકત્ર થયા છીએ. સાઠ વર્ષ સુધી તેમણે સેવા કરી છે, તેની સુવાસ અત્રે ભરી છે. આપણું કર્તવ્ય છે કે-તેમાંથી આપણે પ્રકાશ મેળવીએ.

ભાવનગરની છાપ સાહિત્યકારની હતી. સંસ્કાર-સ્વામીઓની હરોળમાં ભાવનગરનું સ્થાન હમેશ અગ્ર-પદે હતું, આજે તેમાં મંદતા આવી રહી છે. આપણે શું જ્ઞાનની તે પેઢી બંધ કરવી છે? ભાવનગરમાં ભાવ તો ભર્યો જ પડ્યો છે, ફક્ત એકજ ચીનગારીની જરૂર છે. આજનો પ્રસંગ ચીનગારીરૂપ નીવડે અને આપણે વિકાસને પંથે વિચરીએ એવી મારી મહેચ્છા છે. અહીં રૂ પણ છે અને અગ્નિ પણ છે; ફક્ત તે બંનેને સમ્મિલિત કરવાની જરૂર છે.

આજનો પ્રસંગ છે ગુણીજનની પ્રશંસા કરવાનો. એક સુભાષિત છે કે-

**नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी।**
**गुणी च गुणरागी, च सरलो विरलो जनः॥**

અગુણી પુરુષ ગુણીને ઓળખી જ શકતો નથી. કદાચ કોઇ ગુણી હોય તો તેને બીજા ગુણીજન પ્રત્યે ઈર્ષ્યાભાવ હોય જ. પોતે ગુણી હોય અને બીજા ગુણીજનો પ્રત્યે પણ સ્નેહભાવ દર્શાવતો હોય તેવો પુરુષ તો વિરલ જ હોય છે: આ પ્રસંગે મને એક હકીકત યાદ આવી જાય છે.

અમદાવાદની મારી સ્થિરતા દરમિયાન મારે એક કરોડાધિપતિ ગૃહસ્થને ત્યાં ગોચરી જવાનું થયું. તે સમયે ત્યાં ત્રણ-ચાર સાક્ષર બંધુઓ આવી ચઢ્યા. પાંચ-દશ મિનિટની વાત પછી તેઓ ચાલ્યા ગયા. પાસે બેઠેલા એક મિત્રને ગૃહસ્થે પૂછ્યું કે......ને શું પગાર મળે છે? જવાબ મળ્યો: ચારસો રૂપિયા. શ્રીમંત ગૃહસ્થ હસ્યા અને બોલ્યા: ફક્ત ચારસો જ રૂપિયા. અને તેમાં આખો દિવસ કાર્ય કરવાનું.

આ છે આપણી સાહિત્યસેવકોની કીંમત!! મહત્તા પૈસાથી નથી આવતી; ગુણથી આવે છે. આજે મહાસામ્રાજ્યોના ભોક્તા રાજવીને કોઇ યાદ કરતું નથી જ્યારે શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, કવિ કાલિદાસ કે અભયદેવસૂરિને જનતા યાદ કરતાં થાકતી નથી. આ છે જ્ઞાનનું મૂલ્યાંકન. પૈસો એ જીવનનું અંગ છે ખરું પણ તે સાધન છે; સાધ્ય નથી. સાધ્ય તો એવું હોય કે જે જીવનના નાવને તારે; ડુબાડે નહિ. એવું સાધ્ય છે જ્ઞાન.

માટે જ કહું છું કે-

**गुणी च गुणरागी च**
**सरलो विरलो जनः**

આપણે આજે ગુણની દૃષ્ટિ લઇને જવાનું છે. ગામમાં ઉકરડા તો ઘણા હોય છે. બગીચો તો ફક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જ હોય છે. આપણે બગીચા બનવાનું સ્વપ્ન સેવીએ. તૈલચિત્રના અનાવરણ પ્રસંગે ખૂબ કહેવાઈ ગયું છે પરંતુ પ્રાંતે હું એટલું પુનઃ જણાવું છું કે-શ્રી હરખચંદભાઇએ જે બે હકીકતો ગ્રામપંચાયત અને ટ્રસ્ટની મીલ્કતની કહી છે તે જરૂર વિચારવા જેવી છે અને રાજકીય ક્ષેત્રમાં પણ આપણે આગળ વધવું જ પડશે.

બાદ ઉપપ્રમુખશ્રી ખીમચંદભાઇએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને આનંદી વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

× ×

# સત્કાર–સમારંભ

સ્વ. વલ્લભદાસભાઈના તૈલચિત્રના અનાવરણ વિધિના ઉદ્દઘાટક શ્રીયુત હરખચંદ વીરચંદ ગાંધી, આપણી સભાના માનનીય પેટ્રન હોવાથી તેઓશ્રીના સત્કાર નિમિત્તે માગશર વદી ૧૩ ને શનિવારના રોજ બપોરના ચાર કલાકે એક મેળાવડો શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખસ્થાને, શેઠ ભોગીલાલ હોલમાં યોજવામાં આવ્યો હતો, જે સમયે પણ સભાસદો ઉપરાંત આમંત્રિત ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

શરૂઆતમાં સભાના સેક્રેટરી શ્રી જાદવજી ઝવેરભાઇએ આમંત્રણ પત્રિકાનું વાંચન કર્યા બાદ સભાના ઉપપ્રમુખ શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઇએ શ્રી હરખચંદભાઈના અનેક ગુણો પૈકી તેમની સહૃદયતા અને મધ્યમ વર્ગ પ્રત્યેની ધગશ સંબંધમાં પ્રશંસાના પુષ્પો વેર્યાં હતાં. બાદ શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહે શ્રી હરખચંદભાઇની ઉદારતા અને ધંધાની પ્રામાણિકતા સંબંધી જણાવતાં કહ્યું કે-તેઓ "ઝવેરી" નો ધંધો ચલાવવા ઉપરાંત ગરમ કાપડને માટે "દીપક સ્ટોર" ચલાવે છે અને તે સ્ટોર તેની પ્રમાણિકપણા માટે મુંબઈમાં ઘણો જ મશહૂર થઈ પડ્યો છે. શ્રી હરખચંદભાઇમાં સમાજ માટે કંઇક પણ કરી છૂટવાની તમન્ના છે અને તેઓ શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધીના વંશજ હોઈ તેમને સાહિત્ય પરત્વે પણ સુંદર અભિરુચિ છે. અગાશી તીર્થ પ્રત્યે તેમને ઘણો જ પ્રેમ છે અને અવારનવાર ત્યાં જઇ પ્રભુ-ભક્તિનો લાભ લે છે. તેઓ સુકૃતનાં અનેક કાર્યો કરવા દીર્ઘાયુષી થાય તેમ ઇચ્છું છું.

બાદ જાણીતા સાક્ષર અને કવિશ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરે જણાવ્યું કે-હરખચંદભાઇ બહારથી જેટલા સૌમ્ય દેખાય છે તેટલા જ વિચારશીલ છે. મુંબઇની ઘણી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે, ગુપ્તદાનમાં તેઓ વધારે રસ ધરાવે છે અને તેથી કીર્તિની કામના સિવાય પણ તેઓ દ્રવ્ય-વ્યય કરી રહ્યા છે. પછી શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે-શ્રી હરખચંદભાઇનો મળતાવડો સ્વભાવ સૌ કોઇને આકર્ષી લે તેવો છે. આજે લોકભોગ્ય અને જૈનેતર સમાજ પણ હોંશે હોંશે વાંચે તેવા સાહિત્ય-પ્રકાશનની જરૂરિયાત છે. ડૉ. આંબેડકર અને તેના અનુયાયીઓ લાખોની સંખ્યામાં બૌદ્ધ બન્યા છે, તેઓને પણ જો જૈન ધર્મનું હાર્દ અને સ્વરૂપ સમજાવવામાં આવે તો તેઓ પણ જૈનધર્મ પ્રત્યે આકર્ષાય, આજે આપણે આપણી શૈલીમાં થોડું પરિવર્તન કરવાની જરૂર છે: "ભગવાન મહાવીર" સંબંધી સર્વસાધારણ ગ્રંથ રચવાની અને તેનો છૂટા હાથે પ્રચાર કરવાની ઘણી જ જરૂર છે.

પોતાના સન્માન નિમિત્તે થયેલાં આ બધાં પ્રવચનોનો જવાબ આપતાં શ્રીયુત હરખચંદભાઇએ પોતાની લઘુતા દર્શાવી અને પોતે જે કંઇ સમાજ-સેવામાં નાનોસનો ફાળો આપી રહ્યા છે તે પોતાની ફરજ માત્ર છે તેમ દર્શાવી સભાના સાહિત્ય-પ્રકાશનોની તારીફ કરી હતી. વસુદેવ-હિન્ડી, દ્વાદશારનયચક્ર-જેવા અત્યુત્તમ ગ્રંથો સમાજને ચરણે ધરવા માટે તેમણે સભાને અભિનંદન આપ્યા હતા અને સારું અને લોકભોગ્ય સાહિત્ય પ્રગટ કરવા અનુરોધ કર્યો હતો. ભાવનગર તો ભાવથી ભરેલું છે. આજે મારા પરત્વે જે સ્નેહ અને સૌહાર્દ દર્શાવવામાં આવ્યાં છે તેથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





## સ્વ. શ્રી હરકુંવર બ્હેન

આ સભાના માનનીય ઉપપ્રમુખ અને જૈન સમાજના જાણીતા તત્ત્વચિન્તક વ્યવહારનિપુણ શેઠ ફત્તેહચંદ ઝવેરભાઇ, જેઓ મુંબઇની રેશમ બજારમાં જાણીતા વેપારી છે અને જૈન સમાજની અનેક સંસ્થાઓના સેવાકાર્યમાં જોડાએલ છે તેમના ધર્મ-પત્ની સંસ્કારપ્રેમી હરકુંવર બ્હેનના અવસાનની નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

પોતાની અસ્વસ્થ તબીયતના કારણે તેઓશ્રી શત્રુંજયની છાયામાં પાલીતાણે જવા માગતા હતા, પણ ભાવનગર આવતાં તેઓશ્રીની તબીયત એકાએક બગડી અને મા. શુ. ૧ ના નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં તેઓશ્રીનું શેઠ જાદવજી ઝવેરભાઇના બંગલે અવસાન થયું.

શેઠ ઝવેરભાઈ ભાઇચંદનું કુટુંબ પોતાની ધાર્મિક ભાવના માટે સુવિખ્યાત છે. સં૦ ૧૯૭૧ માં તેમના સુપુત્રોએ શ્રી શત્રુંજયનો છ''રી'' પાળતો સંઘ પૂ. શ્રી વીરવિજયજી મહારાજના સદુપદેશથી કાઢ્યો, ત્યારથી સુદ્દગતના જીવનમાં ધાર્મિક સંસ્કારો ખીલતા આવતા હતા. શ્રીયુત ફત્તેહચંદભાઇના સહકારથી શ્રી હરકુંવર બ્હેન પણ ધાર્મિક સંસ્કારોથી રંગાયા અને શ્રી સમેતશિખરજી, પાવાપુરી, કેસરીયાજી, સંખેશ્વરજી વગેરે ઘણાં તીર્થોની યાત્રાનો લાભ તેઓ લઇ શક્યા હતા. સંખેશ્વરજીની યાત્રા દર વરસે સહકુટુંબ કરવાનો તેમનો નિયમ હતો. તાલધ્વજગિરિ અને કદમ્બ-ગિરિની પ્રતિષ્ઠાનો લાભ પણ તેઓશ્રીએ લીધો હતો. તેમના કુટુંબમાં પણ એક ધર્મપ્રેમી-વાત્સલ્યમૂર્તિ તરીકે તેમનું સ્થાન હતું.

૭૨ વરસની વૃદ્ધ વયે શ્રીયુત ફત્તેહચંદભાઇને પોતાના જીવનરથના એક વ્યવહારનિપુણ ચક્રની પડેલ ખોટ માટે અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને તેમના પુત્ર હિંમતભાઈ તથા બ્હેન જસકુંવર, બ્હેન લીલાવંતી, બ્હેન કુસુમ આદિ આપ્તજનો પર આવી પડેલ વિયોગના દુ:ખ માટે અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ.

---

હું મારી જાતને ધન્ય માનું છું અને પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું કે, આપ કહી રહ્યા છો તેવા બનવાનું બળ મને આપે.

બાદ પ્રમુખશ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠે શ્રી હરખચંદભાઈ સંપત્તિવાન હોવા છતાં તેમની લઘુતા-ની પ્રશંસા કરી હતી. તેમના જીવનમાં જે સાદાઇ છે તેને અનુસરવા માટે ભલામણ કરી હતી. બાદ સભાના મુખ્ય સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે આ સત્કાર-સમારંભને દીપાવવા માટે સર્વ સજ્જનોનો આભાર માન્યો હતો અને દુગ્ધપાનને ઇન્સાફ આપી, પુષ્પહાર પહેરાવી આનંદજનક વાતાવરણમાં સૌ વિસર્જન થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્થાનિક આંદોલન

ભાવનગર શ્રી સંઘનું બંધારણ લોકશાહી રીતે ઘડવામાં આવેલ છે. અને નવા બંધારણ મુજબ સંઘનું કાર્ય છેલ્લા એક વર્ષથી વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. નવા બંધારણના આરંભમાં કાર્યકરોની ચૂંટણી સંઘ એકત્ર કરીને યોગ્ય રીતે કરવામાં આવી હતી. તેનો સમય પૂરો થતાં ગત માગશર માસમાં નવા વરસના કાર્યવાહકોની વરણી ચૂંટણીના પદ્ધતિએ કરવામાં આવી. સામાન્ય રીતે પદ્ધતિસરની ચૂંટણીની પ્રથા આપણા જૈન સમાજમાં આ પ્રથમ જ હતી, ચૂંટણીમાં ઉમેદવારોએ રસપૂર્વક પોતાની ઉમેદવારી જાહેર કરી અને મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાનમાં રસ લીધો. વ્યવસ્થા પણ સુંદર રીતે જાળવવામાં આવી હતી. એટલે મતદાનથી ચૂંટણીમાં આવેલ નવી કાર્યવાહી હવે હોદ્દેદારોની વરણી કરીને કાર્યનો આરંભ કરશે.

મતદાનની પદ્ધતિથી ચૂંટણી કરવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો, એટલે કેટલાક અગત્યના કાર્યકરો આમાં ઉમેદવાર તરીકે ઊભા રહ્યા ન હતા, પરંતુ હવે પછીના ચૂંટણી પ્રસંગે દરેક કાર્યકર વિના સંકોચે ઉમેદવારી નોંધાવશે અને એ રીતે ચૂંટણીના ધ્યેયને વધુ સફળ બનાવશે તેમ આશા રાખી શકાય.

સંઘની કાર્યવાહીમાં એક બીજો ધ્યાન ખેંચે તેવો બનાવ ભાવસાર ભાઇઓને સંઘજમણ સમયે સાથે જ જમાડવાનો સંઘે સર્વાનુમતે જે ઠરાવ કર્યો તે હતો. જૈનધર્મ તો વિશ્વધર્મ માટે લાયક છે. તેમાં જ્ઞાતિ કે વાડાબંધીને સ્થાન નથી, એમ છતાં ગમે તે કારણે જ્ઞાતિભેદની સંકુચિત દૃષ્ટિ આપણામાં આવી પડેલ અને તે રૂઢ રૂપ લઈ બેઠી હતી. જૈનધર્મની વિશાળતાની દૃષ્ટિએ આ વાત બરાબર ન હતી. બીજી રીતે કહીએ તો જૈનધર્મ પાળતી કોઇપણ વ્યક્તિ જૈન-ધર્મની પ્રભાવના સૂચવતા જૈનસંઘના જમણમાં અલગ બેસીને જમે તે જૈન ધર્મની વિશાળતાની દૃષ્ટિએ સુયોગ્ય ન હતું, શ્રી સંઘ સમક્ષ આ વાત મૂકવામાં આવી. જુદી જુદી દૃષ્ટિએ આ પ્રશ્ન ઉપર મુક્તમને ચર્ચા કરવામાં આવી અને છેવટ સંઘના મોટા સમુદાયે એકત્ર થઇ સર્વાનુમતે ઠરાવ કર્યો કે "જૈન ધર્મ પાળતી કોઇ પણ વ્યક્તિ કે સમુદાય જુદા ન જમતાં સાથે બેસીને જમે, એટલે જૈન ભાવસાર ભાઇઓનો સમુદાય જે સંઘજમણ સમયે અલગ જમતો હતો તે આ વખતના પર્યુષણ સમયના સંઘ-જમણમાં એકસાથે બેસીને જમ્યો.

દસ હજારની વિપુલ સંખ્યામાં આમ વિશાળ દૃષ્ટિએ જમતા સંઘનું દૃશ્ય અપૂર્વ હતું. સર્વત્ર મૈત્રી અને આનંદનું વાતાવરણ જામેલ દેખાતું હતું.

શ્રી સંઘની સામે આવો જ અગત્યનો પ્રશ્ન સાધારણ ખાતાનો પડ્યો છે. સાધારણ ખાતામાં પડતા તોટાનો પ્રશ્ન આમ તો દરેક ગામના સંઘ માટે એક જાતની ચિંતાનો પ્રશ્ન થઈ પડ્યો છે અને તેનો ઉકેલ પણ અનિવાર્ય બન્યો છે.

ભાવનગર સંઘની પરિસ્થિતિ પણ સાધારણ ખાતા-ના પ્રશ્નને અંગે આવી જ છે. આ ખાતું ખોટમાં ચાલે છે. નવા વરસના બજેટ સમયે આ પ્રશ્ન ઉપર ગંભીર વિચારણા કરવામાં આવેલ અને ખોટ પૂરવા માટે જુદા જુદા જે વિકલ્પો સંઘ સમક્ષ રજૂ થયા હતા, તેના ઉપર પુખ્ત વિચારણા કરવા બાદ સાધારણ ખાતાની આવક વધારવા માટે કેટલીક બાબતોનો નિર્ણય કરવામાં આવેલ અને તે વસ્તુ માટે વધુ વિચારણા કરવાની અગત્ય જણાતાં, તેમાંના કેટલાક નિર્ણયોને સ્થગિત રાખી, કેટલાક નિર્ણયોનો અમલ શરૂ કરવામાં આવેલ છે.

એટલે નવા વરસથી સાધારણ નિમિત્તે વાર્ષિક એક રૂપિયો લેવામાં આવતો હતો, તેના બદલે કેસર-સુખડ વગેરે ખર્ચના રૂા. બેનો સાધારણ દીઠ વધારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી કુલ રૂપિયા ત્રણ લેવાનું શરૂ કરેલ છે અને બીજા ખરચ અને આવકમાં યોગ્ય સુધારાવધારો કરવામાં આવેલ છે.

આ રીતે સાધારણ ખાતાને ખોટમાંથી બચાવી લેવા માટે ઘટતું કરવામાં આવેલ છે. હજુ ખાતાને સમતુલ કરવા માટે થોડી વધુ વિચારણાની જરૂર છે અને સંભવ છે કે-ભાવનગરના સંઘને છાજે એ રીતે તેનો યોગ્ય માર્ગ યોજવામાં આવશે.

× ×

મુનિવર્યશ્રી ચંદ્રકાન્તસાગરજી મહારાજના શિષ્ય-રત્ન પ્રસિદ્ધવક્તા મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજના જાહેર વ્યાખ્યાનોએ ભાવનગરના લોક-જીવનમાં સંસ્કારની સૌરભ ફેલાવવાનું સરસ કાર્ય કર્યું છે. દર રવિવારે જૈન તેમજ જૈનેતર જનતા મોટી સંખ્યામાં તેઓશ્રીને સાંભળવા પ્રેમપૂર્વક આવે છે અને એ રીતે માનવતાનું સર્જન થતું આવે છે.

સમગ્ર જનતાને આવરી લેતી તેઓશ્રીની વ્યાપક દૃષ્ટિ આજે સૌ કોઇનું આકર્ષક તત્ત્વ થઈ પડ્યું છે. શહેરની લગભગ તમામ સંસ્થાઓએ તેઓશ્રીને જાહેર વ્યાખ્યાન માટે નિમંત્ર્યા અને પ્રેમપૂર્વક સાંભળ્યા, આ રીતે તેઓશ્રીનું ચાતુર્માસ હમેશના માટે યાદગાર રહેશે તેમ કહી શકાય.

× ×

પોતાના વડીલોની પુણ્યસ્મૃતિરૂપે ભાવનગરમાં બે ધાર્મિક ઉત્સવો ઉજવાઇ ગયા. વોરા હઠીચંદ ઝવેરચંદના ધર્મપત્ની હેમકુંવરબ્હેન તરફથી એક અઠ્ઠાઈ મહોત્સવ કાર્તિક માસમાં શાન્તિસ્નાત્રપૂર્વક ઉજવાયો, અને શેઠ અમૃતલાલ પુરુષોત્તમદાસની પુણ્યસ્મૃતિ માટેનો બીજો અઠ્ઠાઇ મહોત્સવ શેઠ હીરાલાલ અમૃતલાલ તરફથી ઉજવવામાં આવ્યો. બન્ને ઉત્સવોમાં ધાર્મિક આંદોલન સરસ રીતે જામ્યું હતું.

× ×

આ ઉપરાંત નાના મોટા ઘણા પ્રસંગો ભાવનગરની તવારીખમાં નોંધાઇ ગયા, ભાવનગરમાં ચાલતી તમામ ધાર્મિક શિક્ષણ સંસ્થાઓનું એકમ કરી, તમામ શાળાઓમાં એક જ સરખો અભ્યાસક્રમ ચલાવવાનું અને અર્થજ્ઞાન વધારવાનું કાર્ય કરતું એક મંડળ તાજેતરમાં સ્થપાયું છે અને ઉત્સાહપૂર્વક તે કાર્ય કરી રહેલ છે. મંડળે નક્કી કરેલ આદર્શને પહોંચી વળવામાં તે સફળ નીવડે તો ભાવનગરના ધાર્મિક શિક્ષણમાં નવો જ રસ આવશે તેમ આશા રાખી શકાય.

संपदि यस्य न हर्षो
विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं
जननी जनयति सुतं विरलम् ॥

( દ્રુતવિલંબિત )

ન સુખથી હરખાઈ કદી જતો,
દુઃખ સમે દિલગીર ન જે થતો;
અધિક ધીરજ જે ધરતો રહે,
જનની યે સુત તો વિરલા જણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાહિત્ય–સત્કાર

**મારા સો કાવ્યો :** લેખક. રા. પાદરાકર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય–ભદ્ર પાસે અમદાવાદ. ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૧૧૨, મૂલ્ય બાર આના.

રા. મણિલાલ મોહનલાલ પાદરાકરનું નામ જૈન સમાજમાં એક મસ્ત અને શીઘ્ર કવિ તરીકે સુવિખ્યાત છે. માસિકમાં તેમના કાવ્યની પ્રસાદી દરેક અંકમાં પીરસ.તી આવે છે. આત્માની ઓળખ આપતા અને ચેતનને જાગૃત કરતા તેમના એક સો કાવ્યોનો સંગ્રહ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે.

દરેક કાવ્યોમાં મોટા ભાગે અંતરાત્માને જાગૃત કરવા માટેની મસ્તી છે. ઊંડા અધ્યાત્મ રસથી ભરેલા છે. પાદરાકરનું જીવન સામાન્ય રીતે જેમ મસ્તીથી ભરેલું છે, તેમ કોઇ કોઈ કાવ્યો તો એટલા બધા ગહન છે કે એ કાવ્યનો અર્થ ખુદ પાદરાકર એક કાવ્યમાં કહે છે તેમ :–

મસ્તી મસ્ત વિના કોણ જાણે ?
કોઇ મરજીવા જ પિછાને "

એ કાવ્યને સમજવા માટે સામાન્ય બુદ્ધિ બેકાર નિવડે છે.

સારોએ સંગ્રહ આત્મ-જ્યોત જગાવવા માટે ખરેખર ઉપયોગી છે તેમ જ તે સાંપ્રદાયિકતાથી પર હોવાથી અધ્યાત્મવાદી કોઈપણ વ્યક્તિને માટે તે એટલા જ આદરપાત્ર છે અને તે કારણે જ સસ્તા સાહિત્યવર્ધક કાર્યાલયે પોતાના સર્વદેશીય પ્રકાશનમાં પાદરાકરના કાવ્યસંગ્રહને પસંદગીનું માન આપ્યું જણાય છે.

અમો આ સંગ્રહને આવકારીએ છીએ અને તેનો યોગ્ય સત્કાર થાય તેમ ઇચ્છીએ છીએ.

**ચાર જૈન તીર્થો :** લેખક મુનિશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર; ક્રાઉન ૧૬ પેજી સાઈઝ પૃષ્ઠ ૮૮. મૂલ્ય : એક રૂપિયો.

ગુજરાતના પ્રાચીન તીર્થો શ્રી માતર, સોજીત્રા, ખેડા અને ધોળકાનો પરિચય આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે.

આબુ આદિ જૈન તીર્થોનો અભ્યાસપૂર્ણ ઇતિહાસ લખીને શાન્તમૂર્તિ સ્વ. જયન્તવિજયજી મહારાજે જે તીર્થભક્તિ કરી છે, તે જ પંથે તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી વિશાળવિજયજી મહારાજ પણ આપણા તીર્થોનું સાહિત્ય સંશોધનપૂર્વક તૈયાર કરવામાં સારો રસ લઈ રહ્યા છે. આ પ્રકાશન એમની રસવૃત્તિનાં એક વધુ ફળ સમાન છે.

ગ્રંથમાળાના તીર્થ અંગેના પ્રકાશનો જેમ સુંદર આદર પામ્યા છે તેવી જ રીતે આ પ્રકાશન પણ આવકારદાયક થઇ પડશે તેમ લાગે છે. તીર્થપ્રેમીઓએ વસાવવા તેવું આ પ્રકાશન છે.

પ્રચારની દૃષ્ટિએ આનું મૂલ્ય જરા વધારે.ગણાય.

**શ્રી જિનપૂજાપદ્ધતિ :** લેખક પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી ગણિવર્ય, પ્રકાશક શ્રી કલ્યાણવિજયજી શાસ્ત્રસંગ્રહ સમિતિ–જાલોર (મારવાડ) ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૬૬ મૂલ્ય ભેટ.

સાહિત્યસંશોધક ઇતિહાસવેત્તા તરીકે પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજનું નામ સુવિખ્યાત છે. જિનપૂજાપદ્ધતિ ક્યારની શરૂ થઇ, તે સમયની પ્રણાલિકા શું હતી અને ધીમે ધીમે તેમાં કેવા ફેરફારો થતા આવ્યા તેનો જાણવા અને વિચારવા જેવો પૂજાપદ્ધતિનો ઇતિહાસ આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવ્યો છે. કેટલીક વાંચવા–વિચારવા જેવી હકીકત પણ તેમાં રજૂ કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## ખાસ અગત્યની વિનતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં હશે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેની યાદી નીચે આપવામાં આવેલ છે. પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવા જેવા છે તો જેઓએ તે વસાવેલ ન હોય તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનતી છે.

## संस्कृत ग्रंथो

**ખાસ સગવડ :** સંસ્કૃત વિભાગમાં નંબર એકથી સાત સુધીના ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો હતો, પરંતુ કેટલાક જ્ઞાનભંડારો વગેરેની માગણી આવતા ખાસ અનામત સ્ટોકમાંથી તે કાઢવામાં આવ્યા છે, જે તેમાં દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : [ પ્રથમ અંશ ] ७-०-०
२ वसुदेव हिन्डी : [ દ્વિતીય અંશ ] ७-०-०
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
३ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त—
कर्मग्रंथ भा. १ लो [ એકથી ચાર ] ६-०-०
४ ,, भा. २ जो [ પાંચ અને છ ] ६-०-०
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
५ बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६ [ દરેકના ] २०-०-०
६ कथारत्नकोष-मूळ मागधी [ ગ્લેઝ ] ८-०-०
७ ,, ,, [ લેઝર ] १०-०-०
८ कल्पसूत्र बारसा-मूळ ३-०-०
९ चंद्रलेखा [ પ્રતાકારે ] भेट
१० जैनमेघदूत २-०-०
११ सूक्त रत्नावळी ०-४-०
१२ सूक्त मुक्तावळी ०-४-०
१३ प्रकरण संग्रह [ પ્રતાકારે ]
[ જેમાં સિંદુર પ્રકરણ મૂળ
તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ
ગુણસ્થાનકમારોહ મૂળ છે. ] ०-८-०
१४ त्रिषष्टी पर्व भा. १ लो [ મૂળ સંસ્કૃત ] ६-०-०
१५ ,, भा. २ जो ,, ,, ८-०-०
१६ ,, ,, [ પ્રતાકારે ] १०-०-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ગ્રંથો

### ભગવાનના ચરિત્રો

૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ૭-૮-૦
૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર ૭-૮-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ ૨-૮-૦
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ૧૩-૦-૦
ભારે કાગળ ૧૫-૦-૦
૫ તીર્થંકર ચરિત્ર
ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા
ચોવીશે પંચરંગી ચિત્રો સાથે ૬-૦-૦

### ચરિત્રો વિગેરે

૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ જો ૨-૦-૦
૭ કથારત્ન કોશ ભા. ૧ લો ~~૧૦-૦-૦~~
૮ „ „ ભા. ૨ જો ~~૮-૦-૦~~
૯ દમયંતી ચરિત્ર ૬-૮-૦
૧૦ સંઘપતિ ચરિત્ર ૬-૮-૦
૧૧ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલ) ૦-૮-૦
૧૨ વસુદેવ હિંડી [ગુજરાતી ભાષાંતર] ૧૫-૦-૦

### પૂજા અને કાવ્ય

૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ ૩-૦-૦
૧૪ ચૌદ રાજલોક પૂજા ૦-૪-૦
૧૫ નવાણું અભિષેક પૂજા ૦-૪-૦
૧૬ વીશ સ્થાનકપૂજા (અર્થવાળી) ૧-૪-૦
૧૭ સમ્યગ્ દર્શન પૂજા ૦-૪-૦
૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ ૦-૪-૦
૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ ૨-૧૨-૦
૨૦ કાવ્ય સુધાકર ૨-૮-૦
૨૧ કુમાર વિહારશતક ૦-૧૨-૦
૨૨ ચૈત્યવંદન સમીક્ષા ૫-૦-૦
૨૩ સજઝાયમાળા (ભીમશી) ૪-૮-૦
૨૪ આત્મકાન્તિ પ્રકાશ ૦-૮-૦

### તત્ત્વ અને હિતોપદેશાદિ

૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ ૧૦-૦-૦
૨૬ આરંભસિદ્ધિ ૧૦-૦-૦
૨૭ જૈન તત્ત્વસાર ૧-૦-૦
૨૮ ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી) ૩-૦-૦
૨૯ આચારોપદેશ ૧-૦-૦
૩૦ અનેકાન્ત (ગુજરાતી) ૧-૦-૦
૩૧ „ (ઈંગ્લીશ) ૨-૦-૦
૩૨ નમસ્કાર મહામંત્ર ૧-૦-૦
૩૩ જૈન ધર્મ ૧-૦-૦
૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર ૧-૦-૦
૩૫ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા ૧-૮-૦
૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨ જો ૧-૦-૦
૩૭ શ્રમણ સંસ્કૃતિ ૪-૧૨-૦
૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ ૧-૮-૦
૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧ લો ૪-૦-૦
૪૦ „ ભા. ૨ જો ૪-૦-૦
૪૧ „ ભા. ૩ જો ૨-૦-૦
૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક ૨-૮-૦
૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર
દેવનાગરી લીપીમાં ભેટ
૪૪ „ ગુજરાતી લીપીમાં „

**તા. ક.—દિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી-સંસ્કૃત ગ્રંથો મંગાવનારને રૂા. ૨૫) ની કીંમતના પુસ્તકો ઉપર સવા છ, રૂા. ૫૦ ઉપર સાડાબાર અને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.**

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર** (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વ૦ મુનિવર્ય શ્રી જશવિજયજી મહારાજ

ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય શાન્તમૂર્તિ મુનિ મહારાજ શ્રી જશવિજયજી મહારાજના સં. ૨૦૧૩ના માગશર શુ. ૧૨ શુક્રવારે પાટણખાતે થએલ સ્વર્ગવાસની નોંધ લેતાં અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

સંવત ૧૯૩૮માં તેઓશ્રીનો જામનગરખાતે પુનાતર કુટુંબના માણેકચંદ ચાંપશીને ત્યાં જન્મ થયો. દસ વરસની લઘુવયમાં જ તેઓશ્રીના માતુશ્રી સંતોકબાઈનું અવસાન થયું એટલે માતુશ્રીના લાડ તેઓ ખાસ મેળવી ન શક્યા.

સામાન્ય રીતે ધાર્મિક ભાવનાથી તેઓશ્રીનું જીવન મૂળથી જ રંગાએલું હતું. એટલે વડીલોએ તેઓશ્રીનું સગપણ કરેલ હોવા છતાં, વૈરાગ્યરંગથી રંગાએલ એ આત્માએ ૧૮ વર્ષની યુવાનવયે થએલ સગપણ તોડી નાખી અમદાવાદખાતે જઈ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિશ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે સં૦ ૧૯૫૭માં દીક્ષા અંગીકાર કરી.

શ્રુતજ્ઞાનની ભક્તિ એ તેમના ગુરુદેવનો પ્રિય વિષય હતો. અને હસ્તલિખિત મહામૂલા પ્રાચીન સાહિત્યનો અપૂર્વ સંગ્રહ તેઓશ્રીએ એકત્ર કર્યો હતો. મુનિશ્રી જશવિજયજી મહારાજે પણ આ સાહિત્ય સરસ રીતે જાળવ્યું, અને છેવટ તેનો સદુપયોગ થતો રહે અને બરાબર જળવાઈ રહે તે દૃષ્ટિએ મુનિવર્ય શ્રી ભક્તિવિજયજી મહારાજનો એ કિંમતી સાહિત્યનો સંગ્રહ આ સભાને સમર્પણ કર્યો હતો, કે જે ખજાનો આજે આત્માનંદ સભાના સાહિત્ય-સંગ્રહમાં અતિ ગૌરવભર્યું સ્થાન ભોગવે છે. આ સભા ઉપર આ રીતે તેઓશ્રીનો મહાન ઉપકાર હતો.

જીવનનો મોટો ભાગ તેઓશ્રીએ સાહિત્ય ભંડાર વ્યવસ્થિત કરવામાં જ ગાળ્યો હતો. અને પાટણખાતે શ્રી કેસરબાઈ જ્ઞાનભંડારને પણ તેઓશ્રીએ કિંમતી સાહિત્ય આપી તેને વ્યવસ્થિત ગોઠવવામાં સુંદર સેવા બજાવી હતી.

પંચાવન વરસનો તેઓશ્રીનો દીર્ઘ દીક્ષા-પર્યાય અપૂર્વ સંયમ, જ્ઞાનોપાસના અને ત્યાગ-ભાવનાથી શોભતો હતો.

અમો સદ્‌ગતના આત્માની પરમ શાન્તિ પ્રાર્થીએ છીએ.

" શ્રી આત્માનંદ પ્રકાશ " વાર્ષિક લવાજમ રૂા. ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ચિંતન અને મનન

પાપે રતિં મા કૃથાઃ।
પાપકર્મમાં પ્રીતિ રાખીશ મા

—ભર્તૃહરિ

દુક્ખો પાપસ્સ ઉચ્ચયો।
પાપનો સમુચ્ચય દુઃખકર છે

—ધમ્મપદ

જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે.

—ઈશુ ખ્રિસ્ત

પવિત્રતા એ સૌથી ઉચ્ચ છે. પવિત્રતાનું ધ્યેય નજરમાં રાખી જે પવિત્ર રહે છે તેને ખરું સુખ મળે છે.

—અશોજરથુષ્ટ્ર

અભિમાની ઉપર ખુદા પ્રેમ કરતો નથી

—હજરત મહમદ પેગંબર

સત્ય અને અંતરનો અવાજ આપણને જે માર્ગે લઈ જશે તે માર્ગ ગમે તેટલો વિકટ હશે, પરંતુ જૂઠાણાના માર્ગ કરતાં તો ખરાબ નહિં જ હોય એવી પાકી ખાતરી રાખવી.

—ટૉલ્સ્ટોય

નમ્રતા એ સદ્‌ગુણોનો દૃઢ પાયો છે.

—કૉન્ફ્યુશિયસ

પોતાને ઓળખવા માટે મૌન સર્વશ્રેષ્ઠ ગુરુ છે.

—ગુરુદયાલ મલ્લિકન

કોઈ પણ મહાપુરુષ એવો નહિ હોય જેણે પોતાની માતાની સાચી સેવા નહિ કરી હોય.

—વિવેકાનંદ

વૈરાગ્યની ત્રણ અવસ્થા છે: પ્રભુમાં વિશ્વાસ એ પહેલી અવસ્થા, સહનશીલતા એ બીજી અવસ્થા, અને પ્રભુ પ્રત્યે પ્રીતિ એ છેલ્લી અવસ્થા.

—તપસ્વી હાતમ

મારે મન તે જ સુખી છે જે શીલવાન થવાનો પ્રયત્ન કરે છે ને દિનપ્રતિદિન ભલાઈ તરફ જાય છે:

એકાદ જીવને ય જો મદદરૂપ થવાનું હોય તો ભલે મને ફરીફરીને અવતાર મળે. એક માણસને મદદરૂપ થવા આવી વીસ હજાર ખેપ નાખવા હું તૈયાર છું.

—વિવેકાનંદ

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ-શ્રી આનંદ પ્રીં. પ્રેસ-ભાવનગર

For Private And Personal Use Only